॥ હરિ:ૐ ॥

# શ્રીમોટાવાણી

## ૭-૮



પૂજ્ય શ્રીમોટાની ટેપરેકૉર્ડેડ વાણી

॥ હરિઃૐ ॥

# શ્રીમોટાવાણી : ૭

## પૂ. શ્રીમોટાની ટેપરેકૉર્ડેડ વાણી

(૧) હરિઃૐ આશ્રમ, સુરતમાં વહેલી સવારે ફરવા જતાં, તે વેળાની વાતચીત

(૨) ઉત્સવ પ્રવચનનો એક અંશ

(૩) વિદ્યાર્થીઓને ભણાવતાં ભણાવતાં તથા સાબરમતી આશ્રમમાં કાર્યાલયનું કામ કરતાં કરતાં સાધના ચાલુ રાખવાની કળા વિશે જિજ્ઞાસુ સાધકની પ્રશ્નોત્તરી.

સંપાદક :
શ્રી રજનીભાઈ બર્માવાળા

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

॥ હરિઃૐ ॥

પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ**
હરિઃૐ આશ્રમ (સ્થાપના વર્ષ-૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬
મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
E-mail : hariommota1@gmail.com
website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત – નડિયાદ

આવૃત્તિ :

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૧૯૯૩ | ૧૦૦૦ |
| બીજી | ૨૦૧૦ | ૨૦૦૦ |
| ત્રીજી | ૨૦૧૭ | ૨૦૦૦ |

પૃષ્ઠ : ૧૦૧

વેચાણ કિંમત : રૂ. ૧૦/-

પ્રાપ્તિસ્થાન : હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫.
હરિઃૐ આશ્રમ, નડિયાદ. પો. બો. નં. ૭૪

મુદ્રણશુદ્ધિ : શ્રી જયંતીભાઈ જાની, ફોનઃ(૦૭૯)૨૬૬૧૨૭૨૮

ડિઝાઈનર : મયૂર જાની, મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

ટાઈપસેટિંગ : અર્થ કૉમ્પ્યૂટર
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૩૮૦૦૧૪
મો. : ૦૯૩૨૭૦૩૬૪૧૪

મુદ્રક : સાહિત્ય મુદ્રણાલય (પ્રા.) લિ.
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : (૦૭૯) ૨૫૪૬ ૯૧૦૧

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પહેલી આવૃત્તિ)

**મોટા** એમ કહેતા હતા કે ''મારાં લખાણમાં કૉમા-અલ્પવિરામને પણ આઘોપાછો કરવો નહિ ને ગમે તેટલી વાર એક ને એક બાબતનું પુનરાવર્તન થાય તો તે પણ તેમ જ રહેવા દેવું.'' આને લક્ષમાં રાખીને શ્રીમોટાની આ ટેપરૅકૉર્ડેડ વાણીને જેમ બોલ્યા છે તેમ જ મુદ્રણ કરેલ છે, એટલે કે આને કોઈ પણ રીતે મઠારવામાં આવેલ નથી.

આ પુસ્તકની પ્રસિદ્ધિનો મૂળભૂત હેતુ આવી પ્રાપ્ય કૅસેટો કાળના પ્રવાહમાં ખોવાઈ જાય કે નાશ પામે તે પહેલાં શ્રીમોટાની વાણીને ગ્રંથસ્થ કરી લેવાનો.

આ પુસ્તક બને તેટલી ઓછી કિંમતે સ્વજનોને આ કાળઝાળ મોંઘવારીમાં પ્રાપ્ય થાય, તે હેતુથી બને તેટલી સાદગીથી છાપકામ કર્યું છે.

પૂ. શ્રીમોટાની અન્ય ટેપવાણીઓને આ રીતે ગ્રંથસ્થ કરીને પ્રકાશિત કરવાના પ્રયત્ન ચાલુ છે.

સાધક-મુમુક્ષુજનો પૂ. મોટાની આ વાણીમાંથી પોતાના જીવન-વિકાસને માટેનું માર્ગદર્શન મેળવે એવી અપેક્ષા છે.

પ્રકાશક
**યશવંત એ. પટેલ**

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

**સ્વ. શ્રી કુબેરદાસ ભાવસાર (પૂ. શ્રીમોટાના નડિયાદ આશ્રમના કુબેરભંડારી, આશ્રમના પાયાના વીસરાયેલા એક મૂક સેવક)ને સસ્નેહ સમર્પણાંજલિ.**

ભારત ભુવન હોટલ, ચાર રસ્તા, સ્ટેશન રોડ, નડિયાદના માલિક સ્વ. શ્રી કુબેરદાસ ભાવસાર પૂ. શ્રીમોટાના જ્ઞાતિબંધુ અને મારા મિત્રબંધુ હતા. પૂ. શ્રીમોટા એક સંત-ભક્ત છે, તે રીતે ઓળખનાર તરીકે તેઓ નડિયાદમાં પહેલવહેલા ભક્ત હતા. પૂ. શ્રીમોટાને અને તેમને આશ્રમની સ્થાપના પહેલાંની ઓળખાણ ખરી અને એકબીજાને મળે ત્યારે રામરામ કરતા.

પૂ. શ્રીમોટાને ૧૯૫૩-૧૯૫૪ની સાલમાં બેત્રણ દિવસ દખ્ખણિયા ઓવારે રહેવાનું બન્યું હતું. ત્યારે ત્યાં આશ્રમ બાંધવાની સ્ફુરણા થઈ. ત્યારે પૂ. શ્રીમોટા એક મિત્ર સાથે (સ્વ. શ્રી મૂળજીકાકાના મિત્ર સ્વ. શ્રી સોમાભાઈ હતા તેમની સાથે) ચા પીવાને સ્વ. શ્રી કુબેરદાસ ભાઈની હોટલમાં ગયા. ત્યાં સ્વ. શ્રી કુબેરદાસભાઈએ જણાવ્યું કે મારા લાયક કાંઈ કામકાજ હોય તો કહેજો. ત્યારે પૂ. શ્રીમોટાએ જણાવ્યું કે અહીં દખ્ખણિયા ઓવારા પર આશ્રમ કરવો છે, તો તરત જ સ્વ. શ્રી કુબેરદાસભાઈએ કહી દીધું કે જાઓ, હું તમને પૈસા આપીશ. અને તે જમાનામાં બારતેર હજાર રૂપિયા પૂ. શ્રીમોટાને ચરણે તેમણે ધરી દીધા હતા. તેમાંથી હાલની આશ્રમની જમીન ખરીદી અને મકાનો બંધાયાં*.

પૂ. શ્રીમોટાએ તે રકમ લેતી વેળા જણાવેલું કે આ રકમ વર્ષ-દોઢ વર્ષમાં હું તમને પાછી આપી દઈશ અને તે મુજબ પૂ. શ્રીમોટાએ તે રકમ દોઢ-બે વર્ષમાં ભરપાઈ કરી પણ દીધી હતી.

---

* પૂ. શ્રીમોટા સાથે સત્સંગ જન્મ-પુનર્જન્મ (પાનું ૫૭)

શરૂઆતમાં આશ્રમનો માલસામાન બાંધકામનો, રસોડાનો સ્વ. શ્રી કુબેરદાસભાઈ પોતાને ત્યાં રાખતા. રોજ સવાર-સાંજ સાઈકલ પર આશ્રમમાં આવતા. આશ્રમનાં નાનાંમોટાં કામ તેઓ જાતે એકનિષ્ઠાથી, ચોકસાઈથી, ખાંખતથી કરતા અને કરાવતા. મૌનમંદિર નં. ૧ અને આશ્રમનાં બીજાં મકાનો તેમની સીધી દેખરેખ હેઠળ બંધાયાં હતાં. આશ્રમ માટે બાંધકામની અને રસોડાની ચીજો જાતે તપાસી લેતા. રસોડામાં જાતે જઈને બધાં ડબ્બાઓ ખોલી કરીને જોઈ લેતા અને ખૂટતી ચીજો જાતે લાવી દેતા અથવા તાત્કાલિક સાંજે મળે તે રીતે પહોંચતી કરી દેતા.

તેમને તંદુરસ્તીની ભરપૂર મૂડી પ્રભુએ બક્ષી હતી. તેમનો દેહ કદાવર, પડછંદ તાકાતવાળો હતો. તેનો ઉપયોગ પણ આશ્રમના હિતાર્થે કર્યો. આશ્રમની આજુબાજુ ચોર લોકોનો જ વસવાટ હતો. તેમનો એવો કડપ અને ધાક હતાં કે આજુબાજુવાળા બધાં તેમનાથી ડરતાં હતાં. આમ, આશ્રમની સલામતી પણ તેમને જ આભારી હતી.

પૂ. શ્રીમોટાને તેમની સાથે એવો ઘરોબો થઈ ગયો હતો કે શરૂઆતમાં આશ્રમની બધી ટપાલ તેમની ભારત ભુવન હોટલના સરનામે જ પૂ. શ્રીમોટા મંગાવતા હતા. તેથી બહારગામથી મળવા આવનાર ભક્તો પહેલાં તો ભારત ભુવન હોટલ પર જ જતા. તો તે દરેકને જમવાના સમયે પ્રેમભાવથી જમાડતા અને ચાનાસ્તો તો અચૂક કરાવતા જ.

એમના પરિચયમાં આવનારને પૂ. શ્રીમોટા તેમ જ આશ્રમની વાત કરતા ને ખાસ તો મૌનમંદિરમાં રહેવાથી મનુષ્યમાં મનુષ્યત્વ કેવી રીતે પ્રગટે છે, તે મૌનમંદિરનું માહાત્મ્ય બધું સમજાવતા.

સ્વ. શ્રી કુબેરદાસભાઈના વ્યક્તિત્વનું એક પાસું તો મને સૌથી વધુ સ્પર્શી ગયું હતું. તે એ કે જ્યારે જ્યારે આશ્રમ માટે આર્થિક સહાયની જરૂર પડતી ત્યારે તેઓ પોતાનાં ગજવાં ખાલી કરી દેતાં. આશ્રમનું કામ પૈસાની તૂટને લીધે અટકી પડે તેવું તેઓ કદી ન થવા દેતા.

આશ્રમનાં કામો માટે તેમને એવી લગની કે તેવાં કામો બીજાં પાસેથી પ્રેમભાવે ઝૂંટવીને પોતાના આરામના ભોગે પણ કરતા.

સ્વ. શ્રી કુબેરદાસભાઈને યાદ કરીએ એટલે એક પ્રસન્ન વ્યક્તિત્વ આંખ સામે ખડું થાય છે. તેમના વ્યક્તિત્વમાં જ એવું એક આકર્ષક મૈત્રી-પ્રેમભાવનું તત્ત્વ કે એક વેળા તેમની સાથે પરિચયમાં આવનાર

વ્યક્તિ ભાગ્યે જ તેમને ભૂલી શકે. જ્યારે જુઓ ત્યારે હંમેશાં હસતા અને તેમની મસ્તીમાં મસ્ત. એમના વહેવારમાં નરી સરળતા, નમ્રતા, રાગરહિતતા, કર્તવ્યનિષ્ઠા, આત્મીયતા અને હેત તો ખરાં જ, પણ સાથોસાથ તેથી કરીને કોઈથી અંજાઈ જઈ પ્રભાવિત પણ ન થતા. સામી વ્યક્તિને તેના દોષનું સ્પષ્ટ ભાન પણ કરાવી દેતા.

સ્વ. શ્રી કુબેરદાસભાઈએ આશ્રમનું એક અંગ બનીને આર્થિક, શારીરિક દરેક રીતે ઉપયોગી થઈને પોતાની સેવાઓ આપી હતી, પણ આશ્રમના કે પૂ. શ્રીમોટાના સંબંધથી પોતાનો અંગત કોઈ લાભ તેમણે સાધ્યો ન હતો કે આશ્રમમાં તેમને કોઈ માનભર્યો હોદ્દો મળે તેવી ખેવના રાખી ન હતી. આવા નિષ્કામ, નિઃસ્વાર્થી સેવક, મિત્રબંધુની યાદ આવતાં હૈયું ભરાઈ આવે છે કે આવા સેવક આજે ક્યાં મળશે ?

તેમના દેહાવસાન અગાઉ બેચાર દિવસની ટૂંકી માંદગી ભોગવી હતી. તે દરમિયાન પૂ. શ્રીમોટા, મારાં પત્ની ઇંદુબાને ખાસ તેડીને સ્વ. શ્રી કુબેરદાસભાઈની ખબર કાઢવા ગયા હતા અને પછી આશ્રમમાં આવીને પૂ. મોટાએ ભારે હૈયે રુદન કરતાં જણાવેલું કે, ‘‘મારો તો કુબેરભંડારી ગયો.’’

તેમના દેહાવસાન બાદ તેમનાં પત્નીશ્રી તરફથી તેમના સ્મરણાર્થે મૌનમંદિર નં. ૨ બંધાવ્યું હતું. જેનું નામ ‘કુબેરમંદિર’ અપાયું છે. જે નડિયાદ આશ્રમમાં પ્રવેશ કરતાં ડાબી બાજુએ છે, તે જોતાં મને આજે પણ તેમની પ્રેમાળ સ્મૃતિ જાગૃત થાય છે, કે પૂ. શ્રીમોટાએ તેમને ‘કુબેરભંડારી’નું બિરુદ આપ્યું હતું, તે તેમણે તેવું જીવન જીવીને સાર્થક કરી બતાવ્યું.

હરિઃૐ

**—વૈકુંઠરાય ઉપાધ્યાય**

સી-૪, પૂર્ણિમા સોસાયટી,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫૦૦૭.

તા. ૨-૧૦-૧૯૯૩

# નિવેદન (ત્રીજી આવૃત્તિ)

પૂ. શ્રીમોટા ભાગ્યે જ પ્રવચન આપતા. તેમની વાણી એટલે ઉત્સવ પ્રવચન કે ક્યાંક કોઈક સ્વજનના ઘેર અંગત વાતચીત થઈ હોય અને તે સ્વજને ટેપ રેકૉર્ડ કરી લીધી હોય તે વાણી. આ ટેપવાણીનાં પુસ્તકોનું પ્રથમ પ્રકાશન વર્ષ ૧૯૯૩-૯૪માં સ્વજનોના વ્યક્તિગત આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદના શ્રી યશવંતભાઈ એ. પટેલનો ફાળો નોંધપાત્ર છે. ત્યાર બાદ સુરત આશ્રમે વર્ષ ૨૦૧૦માં દ્વિતીય આવૃત્તિનું પ્રકાશન કરેલ.

શ્રીમોટા એમ કહેતા કે—''મારાં લખાણમાં કૉમા-અલ્પવિરામને પણ આઘોપાછો કરવો નહિ ને ગમે તેટલી વાર એક ને એક બાબતનું પુનરાવર્તન થાય તો તે પણ તેમ જ રહેવા દેવું.'' આને લક્ષમાં રાખીને શ્રીમોટા, આ ટેપરેકૉર્ડેડ વાણીમાં જેમ બોલ્યા છે તેમ જ મુદ્રણ કરેલ છે. આને કોઈ પણ રીતે મઠારવામાં આવેલ નથી. શ્રીમોટાની વાણીને એક કૅસેટ દીઠ એક ભાગ એમ કુલ્લે ચૌદભાગને સાત પુસ્તકોમાં પ્રકાશન કરવામાં આવ્યાં છે.

આ પુસ્તકોના પ્રથમ પ્રકાશન અર્થે સહકાર આપનાર શ્રી યશવંતભાઈ એ. પટેલ તથા આદરણીય વડીલ મુ. શ્રી ઇંદ્રવદન શૅરદલાલ (ઇંદુકાકા) તથા અન્ય પ્રકાશક સ્વજનોનો અમો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. શ્રી રજનીભાઈ બર્માવાળાએ દ્વિતીય આવૃત્તિના પ્રકાશન વેળાએ પણ પૂ. શ્રીમોટાની વાણીની તમામ કૅસેટો ફરીથી સાંભળીને આ લખાણ અક્ષરશઃ વાણી મુજબ છે, તે મેળવ્યું છે તથા મુદ્રણશુદ્ધિની ચકાસણી કરી છે. હરિઃૐ આશ્રમ, સુરતના ટ્રસ્ટી તરીકેની તેમની ફરજ તેમણે નિભાવી છે. તેથી તેમનો આભાર માનવો અસ્થાને છે.

આ પુસ્તકની ત્રીજી આવૃત્તિનું મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

સમાજનો બહોળો વર્ગ પૂ. શ્રીમોટાની આ વાણી થકી પોતાનો જીવનવિકાસ કરી શકે અને શ્રીમોટાના આધ્યાત્મિક વિજ્ઞાનને સરળતાથી સમજી શકે એવી શુભભાવના સાથે આ પુસ્તક સમાજનાં કરકમળોમાં અર્પણ કરીએ છીએ.

તા. ૯-૭-૨૦૧૭ **ટ્રસ્ટીમંડળ,**
ગુરુપૂર્ણિમા, સં. ૨૦૭૩ હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિ:ૐ ॥

# સમર્પણાંજલિ

**(ત્રીજી આવૃત્તિ)**

પૂ. શ્રીમોટાના ભક્તિભાવથી આશ્રમના
રસોડાની જરૂરિયાત માટે મદદરૂપ થનાર
સુરત નિવાસી સ્વજન દંપતી
**શ્રી ભાલચંદ્ર ગિરીજાશંકર શુક્લ**
તથા
**શ્રીમતી પ્રવીણાબહેન ભાલચંદ્ર શુક્લને**
'શ્રીમોટાવાણી ૭-૮' પુસ્તકની આ ત્રીજી આવૃત્તિ
આદરપૂર્વક સમર્પણ કરતાં
અમો ધન્યતા અનુભવીએ છીએ.

તા. ૯-૭-૨૦૧૭ **ટ્રસ્ટીમંડળ,**
ગુરુપૂર્ણિમા, સં. ૨૦૭૩ હરિ:ૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# વિષય-સૂચિ


૧. શ્રીધૂણીવાળા દાદાનો પ્રયોગાત્મક પ્રસંગ ............... ૧૨

૨. પ્રેમનું લક્ષણ ઉમળકો .................................. ૧૨

૩. ખરેખર પ્રેમના જીવન વિશે મૃત્યુ કદી નવ છે ........... ૧૩

૪. પ્રેમનાં લક્ષણ—જ્ઞાન, સામર્થ્ય ને આનંદ ............... ૧૪

૫. શરીર હોવા છતાં અશરીરી........................... ૧૪

૬. કરાંચીમાં મળેલા ઓલિયાનો અનુભવ.................. ૧૫

૭. શરીર હોવા છતાં અશરીરીપણું—તેનાં લક્ષણ .......... ૧૭

૮. **મોટા**ની ચેતનાશક્તિના અનુભવો ..................... ૧૮

૯. યજ્ઞ કરીને પૈસા મેળવવા નથી ....................... ૨૦

૧૦. શ્રી શાંતિભાઈને તમાકુનો ધંધો છોડી દેવાની સલાહ.... ૨૨

૧૧. **મોટા**ને આર્થિક જરૂરિયાતના પ્રસંગોએ મળતી
રહેલી ગેબી સહાય .................................. ૨૪

૧૧. બ્રહ્માંડની પાર ખરેખર પ્રેમ પોતે છે .................. ૨૬

૧૨. મળેલાંને હૃદયસરસાં ચહી ચહી દિલ ચાંપીને .......... ૨૬

૧૩. સ્મરણનો કેટલો મોટો ખરેખર શો પ્રતાપ જ તે........ ૨૭

૧૪. શરીરનો રોગ ફીટવવા સ્મરણ લેતો કરાવ્યો છે ........ ૨૮

૧૫. નિરંતરના જ અભ્યાસે પછી તે મનાયાં છે ............ ૨૮

૧૬. સાક્ષાત્કારી વ્યક્તિનાં લક્ષણ—શરીરની સ્થિતિથી
નિર્લેપતા, તટસ્થતા, સમતા .......................... ૨૯

૧૭. ગંજેરી સાધુઓની વચ્ચે ............................. ૩૦

૧૮. હરિપદમાં જ આળોટી શરણ એનું સ્વીકાર્યું છે........... ૩૦

૧૯. શ્રી રમાકાંતભાઈ જોષીનો અનુભવ .................. ૩૧

૨૦. **મોટા**ના ખર્ચે **મોટા**ના જીવનના પ્રસંગો ભેગા કરવા
શ્રી ધનસુખભાઈને **મોટા**ની ટકોર ..................... ૩૨

૨૧. અનુભવીનું દરેક કાર્ય હેતુપૂર્વકનું હોય છે ............ ૩૩

૨૨. હરિની સભાનતા જ્યાં છે ત્યહીં ખુલ્લો પ્રકાશ જ છે.... ૩૫

૨૩. કળા લીલા હરિની તો ખરેખર ભવ્ય દિવ્ય જ છે....... ૩૫

૨૪. પ્રેરણા પ્રમાણે વર્તતાં અકસ્માતમાંથી બચાવ .......... ૩૫

શિલ્પકાર શ્રી કાંતિભાઈ પટેલની કદર ................ ૩૮

૨૫. મૌલિક સાહિત્યના ઉત્કર્ષ માટે **મોટા**નું દાન .......... ૩૮

૨૬. **મોટા**ની શરત : દક્ષિણા વિના પધરામણી નહિ ........ ૩૯

૨૭. યોજનાનો વહીવટીખર્ચ દાનની રકમમાંથી ન થાય...... ૪૦

૨૮. **મોટા,** ભગવાનના મુનીમ છે ........................ ૪૧

૨૯. **મોટા**ની આગાહી : પૈસો કલમને ગોદે જશે .......... ૪૧

૩૦. પરમાર્થ માટે ચરોતરી ભાષામાં **મોટા**ની અપીલ........ ૪૩

૩૧. **મોટા**ની દૃષ્ટિ—શિક્ષણ અંગેની—
વિદ્યાર્થીઓ પોતાની મેળે શીખે ...................... ૪૪

૩૨. વિદ્યાર્થીઓ પોતાનો કાર્યક્રમ પોતાની મેળે જ ગોઠવે ... ૪૭

૩૩. વિદ્યાર્થીઓ પોતાની રુચિ પ્રમાણે રોજિંદો અભ્યાસ કરે . ૪૮

૩૪. હરિજન સંઘના કાર્યાલયમાં કામ કરતાં કરતાં સાધના .. ૫૦

ગરજવાળી સ્વાર્થવાળી બાબતમાં આપમેળે ધ્યાન રહે છે, . ૫૨

૩૫. શ્રી ઠક્કરબાપા અને શ્રી પરીક્ષિતલાલની
પ્રસ્તાવનાઓ **મોટા**નાં કર્મોની આરસીઓ છે .......... ૫૩

૩૬. ભક્તની એકાગ્રતા ગતિશીલ છે ..................... ૫૪

૩૭. **મોટા**નાં ભજનો કર્મ, જ્ઞાન ને ભક્તિનો નિચોડ છે .... ૫૪

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાની ટેપરેકોર્ડેડ વાણી

# શ્રીમોટાવાણી : ૭

**(હરિઃૐ આશ્રમ, સુરતમાં પૂ. શ્રીમોટા પધારતા, ત્યારે રોજ વહેલી સવારે ફરવા જતા. તે વેળાએ સ્વજનો સાથેની ટેપરૅકૉર્ડેડ વાતચીતમાંથી)**

હરિઃૐ હરિઃૐ હરિઃૐ **(શ્રી ચૂનીભાઈ તમાકુવાળા)**

**શ્રીમોટા :** જીવનની મિજબાની છે.

સ્મરણ-સરિતા હરિકેરી જીવનની મિજબાની છે,
તો કોને એની ખબર પડે ?.... મિજબાની છે.
**મોટા**ને શું ? **મોટા** ઠોક્યા કરે બેઠાં બેઠાં.

**સ્મરણ હરિનું અમારો શો જીવનધંધો ખરેખર છે**

હરિની યાદગીરી તે હૃદય મહોબતની લિજ્જત છે,
સ્મરી સ્મરીને હરિને દિલ, કમાયા શા જીવનને તે!

સ્મરણ હરિનું અમારો શો જીવનધંધો ખરેખર છે,
સ્મરણ કરવાતણો કેવો જીવનધંધો અમારો છે!

હરિને દિલમાં ધારી હૃદય મનાદિમાં સ્મરી સ્મરીને,
હરિને દિલ જીવંતો અમે કેવો કરેલો છે!

હરિ વિના જીવન જીવવું કદી એક પળ ના બનતું,
હરિ એ જ અમારો છે ખરો આધાર મૂળમાંનો.

જીવનમાંનું બધું જે કાંઈ અમે તે વેચી-સાટીને,
પૂરેપૂરો જ બદલામાં અમે હરિને ખરીદ્યો છે!
સ્મરણ હરિનું કરે ચાલ્યા, જીવનની ખુશનસીબી તે.

## શ્રીધૂણીવાળા દાદાનો પ્રયોગાત્મક પ્રસંગ

બીજીવાર હું ગયોને ત્યારે બાર વર્ષે એક સાધુ આવેલા. એમણે કાંઈ કહ્યું હશે. આટલું આટલું કરી આવ તે તારે નિષ્કામ થઈને મારી પાસે આવવું. એટલે પછી સાધુ તો આવ્યા. આવ્યા ને પગે લાગ્યા. પછી કેમ આવી ગયો ભઈ ? તો કે હા. કામ પૂરું થઈ ગયું ? કામ પૂરું થઈ ગયું. તો કે સોએ સો ટકા ? તો સોએ સો ટકા. તો કે પૂરેપૂરો નિષ્કામ ? તો કે વાત નહિ. હવે પછી મહારાજ તો કહે કે કદાચ જોજે .... તું કાચો છે. અરે હોય બાપજી ? બિલકુલ કાચો ન હોઉં.

રોજ ત્યાં આગળ ૨૫૦-૩૦૦ માણસો આવે. એને ઉઠાડી ત્યાંથી. કે તું અહીંયાં આવી જા. ઓટલા પર બેસે તે પણ ભાંગેલો. ઉપર છાપરું પણ કાંઈ મળે નહિ. ભાંગેલું છાપરું. ગામથી દૂર અને પાસે ધૂણી તપે. તે બોલાવી મોરી મોરી. એટલે એક છોકરી. અહીં આવ, તું આ કપડાં કાઢી નાખ તારાં ને અહીં સૂઈ જા. ને છોકરી કાઢીને સૂઈ ગઈ. હું તો ત્યારે ગજબનો એવો થઈ ગયો કે ધન્યવાદ છે આને. આ બાઈને. આમ તો આ બાઈના આત્માને ધન્યવાદ છે. પેલાને કહે કે તું અહીં આવ. અહીં સૂઈ જા સાલા, જોઈએ હવે તું. હિંમત ના ચાલી એની તો. પેલા મહાત્મા હતા. તેમની હિંમત નહિ ચાલી. કહે કે સાલા, હજુ તારું ઘણું કાચું છે.

એટલે મારા ગુરુમહારાજની તો પ્રયોગની જ વાત. માની લેવાની વાત નહિ. પ્રત્યક્ષ અનુભવથી અને પ્રયોગથી જ સાચી વાત.

## પ્રેમનું લક્ષણ ઉમળકો

*ઉમળકો પ્રેમનો કેવો ઊછળતા ધોધના જેવો,*
*ભયંકર પૂરના જેવો ખરેખર પ્રેમનો છે શો!*

*હૃદયના પ્રેમનું સાચું ઉમળકો વ્યક્ત લક્ષણ છે,*

(મારા બેટા કોણ કરે છે ? આવા એ બધા ભૂતવાળા-બૂતવાળા અમસ્તા.)

*હૃદયના પ્રેમનો સ્પર્શ ઉમળકાથી શું વર્તાયે!*
*ઉમળકા કાંઈ વિનાનો જે ન તે પ્રેમ સાચો છે.*
*હૃદયના પ્રેમની ઉષ્મા ઉમળકાથી મપાયે,*
*ચીલેચલુ સમી કોઈ કશી રીત પ્રેમમાં ના છે.*

સજમણ પડી ભઈ ? Mechanical way આમાં કશો છે નહિ.

*નવલ, મૌલિક, નૂતન, પળપળ અનુપમ પ્રેમ નૌતમ છે,*
*મહોબત પ્રેમની લિજ્જત ઉમળકામાં રહેલી છે!*
*આ ઉમળકાનો અર્થ લહેજતથી,*
*ઉમળકો પ્રેમનો ગંગા સમો જીવન ઉજાળે છે.*

*પ્રેમનો ઉમળકો ગંગાના જેવો જીવનને ઉજાળી દે છે.*

સાહેબ, કંઈ બધા આ લોકો જાણે ? મારા બેટા અમસ્તા લઈ મંડેલા.

**શ્રીમોટા :** તમારી દાસી છે આ કાંઈ ?

**એક ભક્ત :** ના...

## ખરેખર પ્રેમના જીવન વિશે મૃત્યુ કદી નવ છે

*પ્રભુની ભાવનાકેરો જીવન જીવવા હૃદય મુજને,*
*તલપ લાગેલ ઊંડી જે, મને જેણે મથાવ્યો છે.*
*બસ એકની એક જ હૃદય લાગેલ ધૂને જે,*
*હરિની ભાવનામાં શો સતત एणे ટકાવ્યો છે.*
*જરીક ખંડિત થતાં કેવો હૃદયમાં ધ્રાસકો ઊંડો,*
*ખરેખર તીવ્ર લાગેલો, કૃપાથી તેથી ચેતેલો.*
*હૃદય ચેતવણી એવીથી, હરિની ભાવના વિશે,*
*પરોવાતાં લગાતાર હૃદયનો પ્રેમ જાગ્યો છે.*

*ખરેખર પ્રેમના જીવન વિશે મૃત્યુ કદી નવ છે,*
*ચિરંજીવ, નવજીવન, નૌતમ ખીલંતું પ્રેમમાં નીત છે.*

## પ્રેમનાં લક્ષણ—જ્ઞાન, સામર્થ્ય ને આનંદ

*બધાંને સંકળાવીને પરસ્પરમાં પરસ્પરથી,*
*સમગ્ર સર્વ જીવનને, કરાવે એક તે દિલથી.*
*નૂતન ભાવો નિત નિત શા સ્ફુરંતા રહે જીવન વિશે!*
*શું તેથી જીવવા જેવું જીવન લાગે મધુરું જે.*
*હૃદયના પ્રેમથી જ્ઞાન, અતુલ સામર્થ્ય, આનંદ,*
*પ્રગટતાં છે જીવન કેવાં! થતું જેથી જીવન સાર્થક.*

હૃદયનો પ્રેમ મળે તો એનું આ લક્ષણ ખરું કે જ્ઞાન, અતુલ સામર્થ્ય ને આનંદ પ્રગટે. ત્યારે ખરો. એમ ને એમ નહિ. મારો બેટો. પ્રેમ-બેમ કહે તે આ થવું જોઈએ.

હૃદયના પ્રેમથી જ્ઞાન, અતુલ સામર્થ્ય જેની સામર્થ્યની કોઈ તુલના ન થઈ શકે અને આનંદ એ જીવનમાં જ્યારે પ્રગટે ત્યારે જીવન પણ સાર્થક થઈ જાય આપણું. અને જીવનના પ્રેમ વિશે કોઈ દિવસ મૃત્યુ નથી. બસ એમાં તો શું છે કે ચિરંજીવ. હંમેશાં ટકે એવું નવજીવન, નૌતમ એવું ખીલતું પ્રેમમાં નિત્યે અને તે પાછું કેવું ? સદાય ખીલતું રહેતું.

*બધાંને સંકળાવીને પરસ્પરમાં પરસ્પરથી,*
*સમગ્ર સર્વ જીવનને કરાવે એક તે દિલથી.*
*નૂતન ભાવો નિત નિત શા સ્ફુરંતા રહે જીવન વિશે,*
*શું તેથી જીવવા જેવું જીવન લાગે મધુરું જે.*

## શરીર હોવા છતાં અશરીરી

શરીરનો અનુભવ થાય છે આનાથી. શરીરમાં આવા રોગો હોવા છતાં, શરીર હોવા છતાં અશરીરી છીએ. એવા અનુભવના પ્રયોગાત્મક અનુભવ છે, પણ એ કોઈને કહેવાય નહિ. શાંતિભાઈ યાર.

કારણ કે આખી પકડમાં જ ન આવેને. બિલકુલ ન પકડી શકે. ધારો કે મારે કોઈનો સંબંધ થયો. કાંઈક એવું નિમિત્ત જાગ્યું અને કોઈ સ્ત્રી સાથે મને બાળકભાવ છે. તે કોઈ માને નહિ પણ દૂધ ધાવીને જ એને સાબિત જ કરી બતાવાય. પ્રત્યક્ષ કરી બતાવીને. એકની હાજરીમાં નહિ. એ બે ને એનું સગુંવહાલું જે કોઈ એની હાજરીમાં પ્રત્યક્ષ કરીને આપણે બતાવીએ. તોપણ એ માને નહિ.

અલ્યા પણ જો આ સ્તનમાંથી નીકળે છે. જોઈ લે તું. એને બતાવું. આ જો સ્તનમાંથી નીકળે છે. જો આ. અધ્ધરથી નથી આવતું. જો તું તારી જાતે જો. એનેય બતાવું, પણ એ ભાવ ટકે નહિ પછી કાંઈ. કારણ કે અંદર એની ભૂમિકા ના હોય તો ક્યાંથી ટકે ? અને આ શરીર છે તે ૭૬ વર્ષનું થયું હોય તે નાના બાળક જેવું, પણ તે કોઈની કલ્પનામાં કાંઈ આવી શકે નહિ.

## કરાંચીમાં મળેલા ઓલિયાનો અનુભવ

તે એટલા માટે આપણા અનુભવીઓએ કહેલું કે આ પરમહંસ ચાર પ્રકારના હોય. એક પિશાચ જેવું વર્તન કરે. તે કેમ એવું કરે ? કે એનું કારણ એની પાસે છે. તમારી પાસે નથી. નાનાં બાળક હોય તે ગમે તેવું વર્તન નથી કરતાં ? ત્યારે પિશાચ જેવું વર્તન કરે. એક તો હંસવત્, પિશાચવત્, બાળવત્ અને જડવત્. પથ્થર જેવા પડી રહે. કંઈ કશું લાગે વળગે નહિ.

મેં એવા પથ્થર જેવા પડી રહેલા જોયેલા. જડ જેવા. કરાંચીમાં હતો ને ૪૦ દિવસના ઉપવાસ કરેલા. શાંતિભાઈ, તે સાડી આડત્રીસ દિવસ થયા ને રાત્રે ગોદડિયા મહારાજ આવ્યા. સૂતો હતો ને એકદમ ઊભો થઈ ગયો. હું તો પગે લાગ્યો. સાષ્ટાંગ દંડવત્ પ્રમાણ કર્યા ને પછી મેં કહ્યું પધાર્યા. કૃપા કરી. તો કહે, હવે તારે આ બધા ઉપવાસ-બુપવાસ કરવાની જરૂર ? નકામો હવે તારે આ બધું કરવાની જરૂર નથી. તું તારે હવે ખાઈ લે ત્યારે મારા દેખતાં. કે જેવો આપનો હુકમ થયો. જમી લઉં.

એટલામાં પેલા તો જતા રહ્યા. અદશ્ય થઈ ગયા. એટલામાં તો ઊઠીને હું ગયો રસોડામાં. એ લોકોનો મોટો બંગલો. કરાંચીમાં દરિયા કિનારે રહેતા હતા. તે જઈને હું તો રસોડામાં પેલો ગૅસ સળગાવી કરીને મેં ચા કરી. ચા કરીને તે પ્યાલો લઈને ડાઇનિંગ ટેબલ પર આવીને ખુરશી પર આવીને બેઠો. ફરીથી મોં-બો ધોઈ આવ્યો અને રકાબીમાં રેડીને જ્યાં આમ (Sip) સિપ (ઘૂંટડો) સીપ લગાડવા જઉં છું ત્યાં કે હજુ સાલું હવે એક દિવસ તો પૂરો. હવે એક જ દિવસ બાકી રહ્યો છે ત્યારે એક દિવસ બાકી રહેવાને માટે હવે મહારાજે હુકમ તો કર્યો. તે મેં ચા બનાવી. આ જરા મેં લીધી. એક સિપ લીધી ખરી. મેં એનો હુકમ પાળ્યો ખરો. હવે તે એક સિપ લીધી છે. તે હવે પૂરું થયું. પતી ગયું કહેવાય. હવે બાકીનું છે તે હવે એક દિવસ કાઢી નાખીશ. એમ વિચાર કરીને પેલો ચા-બા મેં ઢોળી દીધો. આવીને સૂઈ ગયો રાતે.

સવારમાં ઊઠીને મારા બાપુને બધી વાત કરી. તે મૅનેજર હતા. સિંધિયા સ્ટીમ નૅવિગેશનના. તો કહે હવે તેય ઠીક. જેમ લાગ્યું એમ. તારી બાબતમાં ભઈ મારાથી કંઈ કહેવાય નહિ. સારું. અને બીજે દિવસે સવારે હું હરતો ફરતો રહેતો. ઉપવાસ હતા, પણ પછી હું તો એમની સાથે મોટરમાં ગયો. ત્યાં ચાર રસ્તા પર એક મેલોઘેલો સાધુ, આપણે ઓલિયો, વાળ મોટા વળી એના, ફાટેલો કામળો, એકદમ મોટરની વચ્ચે ઊભો રહ્યો. એણે કહ્યું, ‘ઊતર જા.’ એટલે હું તો ઊતર્યો. એટલે મને બાપુ કહે, કે ચૂનીલાલ, તને તો સાવ અક્કલ નથી. મેં કહ્યું, ‘એ તમારી વાત કહેવી સાચી.’ પણ હવે ગમે તે માણસ કહે ને તું ઊતરી જાય. મેં કહ્યું, ‘મારે તો ઊતરી જવું પડશે. મારા હૃદયમાં પણ એવો જ ભાવ જાગે છે. ઉમળકો.’ સારું. ઊતરી ગયા. પછી એ ઊતર્યા. મેં કહ્યું, ‘આપ જાવ. ઑફિસમાં વખત થઈ જશે.’ તો કે ના. હું અમસ્તો મૂકીને ના જઉં. તું પછી જતો રહે તો. આવા સાધુ. પાછું તને કોઈ લઈ જાય. એને મારા પર પ્રેમ બહુ. એ તો ઊતરી ગયા.

પછી મને પેલા સાધુ કહે, *'સાલા, અભી તક તેરેકુ સંકલ્પકા ગુમાન હૈ ? સંકલ્પકા અભી ભી ગુમાન હૈ તેરેકુ ? લે.'* બે પડીકાં તૈયાર રાખેલાં. ખાઈ લે કહે. ક્યાં હું ત્યાંથી દશ માઈલ દૂર દરિયા કિનારે રહેનારો. આ ફૂટપાથ પર પડેલો ઓલિયો. જડ જેવો. કેટલા વખતથી હું જોઉં. એને કંઈ જ કશી લેવા. બસ પડ્યો જ રહ્યો હોય. બસ એમ જ. કહો ક્યાં આ માણસ ને મારે પેલાની (ગોદડિયા મહારાજ) સાથે થયેલી વાતચીત. મેં કહ્યું, 'પ્રભુ તે મેં ચા લીધી એટલે મેં જાણ્યું કે મેં પૂરું કર્યું. કે એક જ દિવસ બાકી હતો.' તે મેં કહ્યું, 'મેં નહિ ખાધું. કંઈ મારા મનમાં આવું કંઈ સંકલ્પનો ગુમાન તો છે નહિ. તમે કહો તે વાત સાચી.' તે ખાઈ લીધું. ત્યાં ને ત્યાં. ઊભાં ઊભાં.

આટલા બધા દિવસના ઉપવાસ હતા, તોપણ જે આવ્યું તે બધું ખાઈ ગયેલા. હવે ના કરું એવું. તે ખાઈ લેવાની વાત જુદી હતી. આપણે એ કરતાં હતાં. તમને યાદ હોય તો. આ ગાંધીજીની સાથે રહેતા હતા. પ્રોફેસર હતા. ભણશાળીજી. કેટલા બધા ઉપવાસ કરેલા ? બહેનોનું જ્યારે લશ્કરી લોકોએ. એ કરેલું ત્યારે એણે. ત્યાં પાછા ચાલીને જતાં પાછા એને ઊંચકીને આ લોકો લઈ જઈને ત્યાં વર્ધા મૂકી આવે. ને ત્યાં પછી જે મળે તે એ ખાતા. કંઈ ગાંધીજીની પેઠે એમણે કાંઈ એવું રાખેલું નહિ. ને કેટલી વખત. ના. ત્યારે તો ખાતાય નહિ. ઉપવાસ કરેલા.

પહેલી વખત ખાધું, જ્યારે મુન્શીને એનાથી કે સરકારે એને બાંયધરી આપી કે અમે તપાસ કરીશું ને યોગ્ય લાગશે તે કરીશું ત્યારે.

**શાંતિભાઈ :** એ તો **મોટા**.... એનું હતું.

**શ્રીમોટા :** જાહેર કરાવેલું.

## શરીર હોવા છતાં અશરીરીપણું અને તેનાં લક્ષણ

**શ્રીમોટા :** તે શરીરવાળા હોવા છતાં અશરીરી છે, કારણ કે આકાશ-તત્ત્વમાં પ્રવર્તતા હોઈ તે ગમે ત્યાં જઈ શકે. શરીર હોવા છતાં અશરીરી.

એટલે આ મને આટલાં બધાં દર્દો છે. એની વેદના ભયંકર છે. તેમ છતાં આવી રીતે રહેવાય છે. તે અશરીરીપણાનો આ પ્રયોગ છે. આ પ્રયોગાત્મક અનુભવ છે આ. ગળે વાત ન ઊતરે.

કે મારામાં નિષ્કામભાવ છે. વાસના નથી. ક્યારે કે સંપૂર્ણ વાસનાની સ્થિતિમાં એવા નિમિત્તના કારણે આવી ગયા, ત્યારે આપણને સમજણ પડેને! નીકર એમ ને એમ તમે શી રીતે સમજો ? કે નથી જ. એમ કહ્યાથી તે કાંઈ ચાલે ? એ તો પ્રયોગાત્મક સ્થિતિ એવી કોઈક કારણથી પ્રગટે. એની અંદર તમે હોવ. અને ત્યારે તમને સંપૂર્ણપણે નિષ્કામ છો એવું તમનેય લાગે ને બીજાને પણ પ્રત્યક્ષપણે તમારાથી બતાવી શકાય. એમ નહિ કે નહિ. ત્યારે ખરું યાર.

આ તો બધા લઈ મંડેલા. એ તો એમ જ કહે વળી આમાં તો *પ્રયોગ કૈસા ? અનુભવ મેં પ્રયોગ ક્યા ?* એમ જ કહે. આ સાધુ, સંન્યાસી ને બીજા બધા માણસો જે છે ને તે કોઈ દિવસ એમ ન કહે. અમે તો ગુરુમહારાજ કહે, સાલા પ્રયોગ કેમ નહિ ? એક માણસ કરોડાધિપતિ થયો. તો કરોડનો એને મદ હોય છે કે નહિ ? એને એની સત્તા હોય છે કે નહિ ? એનો એને આનંદ હોય છે કે નહિ ? ત્યારે એ તમને અનુભવ થયો હોય તો એનો કેફ તમારા જીવનમાં જણાયા વગર રહે ? એ કેમ.

**કોક રસ્તે જનાર :** હરિઃૐ

**શ્રીમોટા :** હરિઃૐ ભઈ.

**શ્રીમોટા :** ત્રણેય સામટાં ફૂટે એનામાં. જ્ઞાન, આનંદ અને સામર્થ્ય.

આપણા શ્વાસ કહે છે જરાવાર અટકે, જો બંધ થાય તો મરણ. તોય આપણને એની Awareness– સભાનતા નથી. જાગ્રતિ નથી. જ્યારે પેલાને જાગ્રતિ છે.

## મોટાની ચેતનાશક્તિના અનુભવો

... એના છોકરાની વહુ આંધળી થઈ ગયેલી. મૅનિન્જાઈટિસમાં. શું ? બિલકુલ આંધળી! તે પણ દેખતી બની છે.

**શ્રી શાંતિભાઈ :** કહે છે પેલા લવાછાવાળા છોકરાનું પણ એવું.

**શ્રીમોટા :** હા, લવાછાવાળા છોકરાનું જુઓને!

**શ્રી શાંતિભાઈ :** અને આપણે **મોટા** પછી નડિયાદમાં પેલી એક છોકરી હું હતો તે વખતે.

**શ્રીમોટા :** રમણ, રમણ તમાકુવાળો. આ ભગવાનનું નામ કેટલું લેતો હતો ? ક્લૉરોફૉર્મ આપેલું ત્યારે પણ નામ ચાલતું હતું અને સતત બોલ્યા કરતો હતો. તે કાંઈ એ બોલતો હતો ? ભઈ! જુઓ કેટલા દાખલા છે ? ભઈ, ધનસુખ.

**શ્રી ધનસુખભાઈ :** હા.

**શ્રીમોટા : તારે જરા મેળવવા. એકઠા કર તું. કોઈક એવાએ નીકળવું જોઈએ. બાયોગ્રાફી ભવિષ્યમાં થાય. કોઈ એવો છે નહિ આપણામાં. એવું કોઈ નીકળ્યું નહિ માણસ. તે આવા બધા દાખલા એકઠા તો કરી રાખે.**

**શ્રીમોટા :** ચૂની... હાજર રહ્યો છું. ચૂનીભાઈ હા. શાંતિભાઈ. આ ચૂનીને ઑપરેશન કરેલું ત્યારે કેટલીવાર હાજર રહ્યો છું ત્યાં.

વેદના વિશે હરિ ની સભાનતા હોવી ટકવી અશક્ય તે હકીકત છે.

કે આવી સતત વેદનાવી વિશે ભગવાનની Awareness એની ભાવના ટકવી એ અશક્ય વાત છે. એ તો બધાંને બુદ્ધિપૂર્વક જે લાગ્યું તે કહી દીધું આ લેખકે.

પછી કહે છે કે ભઈ વાત તમારી કહેવી સાચી યાર. બુદ્ધિને પાછો કહે છે આ.

*જીવનમાં કેટલીક વાર/વાત અશક્ય સાવ જે લાગે,*
*કૃપાબળના સહારે તો થતું તે શક્ય લાગે છે.*

ભગવાનની કૃપાથી આ શક્ય થઈ જાય છે. અશક્ય તે શક્ય થઈ જાય છે, પણ ભાઈ એમ તમે ઉરાડી દો તે બરાબર નક્કર પાયા પર વાત કરો. એમ તમે કૃપા હોવાની વાત કરો છો. તે નક્કર પાયાની વાત કરો. ત્યારે કે પાયાની વાત કરું.

*જીવનમાં આગના જેવી તમન્નાએ મથાવીને,*
*પ્રચંડ ને ભગીરથ શો પુરુષાર્થ કરાવ્યો છે!*

એટલે નક્કરતા ઉપર આવે છે પાછો. કે ભઈ આવી આગના જેવી તમન્ના જાગી છે. તેણે મથાવીને પ્રચંડ ને ભગીરથ પુરુષાર્થ કરાવ્યો છે. તો કે આ તેથી શું ? તેથી કંઈ હરિની સભાનતા ટકે ? હજુ આગળ કહે છે પછી.

સતત અભ્યાસ તેવાથી. સતત એટલે continuous એમાં break નથી.

*સતત અભ્યાસ તેવાથી જીવંતી એકધારી તે,*
*હૃદયમાં અખંડિત ધારણા હૃદયે શી બંધાઈ ગયેલી છે!*

એટલે પેલાની સાથે હવે આખું ભજન વાંચે તો એને બિલકુલ એમ ન લાગે. એને એમ લાગે કે ગપ્પું ઠોક્યું છે એમ લાગે જ નહિ. કોઈને પણ. અને બહુ અઘરી વાત છે સાહેબ એ. હવે ફરીથી બોલું જુઓ.

*જીવનમાં ક્રૉસની તીવ્ર સતત તે વેદના વિશે,*
*હરિની સભાનતા હોવી અશક્ય તે હકીકત છે.*

હરિની સભાનતા ટકવી

આમ કહી દીધું. આ તો અશક્ય જ છે, પરંતુ પાછો કહે છે.

*જીવનમાં કેટલીક વાર/વાત અશક્ય સાવ જે લાગે,*
*કૃપાબળના સહારે તો થતું તે શક્ય લાગે છે.*

ભઈ, એમ તમે ગપ્પાં ઠોકો તે નહિ ચાલે. અહીં અમારે તો નક્કર પુરાવો જોઈએ. તો કે પુરાવો કહે છે.

*જીવનમાં આગના જેવી તમન્નાએ મથાવીને,*
*પ્રચંડ ને ભગીરથ શો પુરુષાર્થ કરાવ્યો છે!*

એ તો મારા જીવનની હકીકત છે અને હિમાલયની ગુફામાંથી કોઈ સાધુ આવીને ઠોકતો હોય તો તમને સાબિતી મળી શકવાની કોઈ શક્યતા જ ન રહે. એને તમે ક્યાં સાબિત કરવા જાવ ?

મારા જીવનમાં તો આજે બધા માણસ જીવતા છે. આ બધું કહ્યું એની સાબિતીઓ છે. મળી શકે એવી વાત છે શાંતિભાઈ. બીજા કોઈ સાધુની મળી શકે નહિ તમારે. તે હકીકતની વાત છે આ. ત્યારે કહે ભાઈ કે નક્કર પાયાની વાત કહે છે...

*જીવનમાં આગના જેવી તમન્નાએ મથાવીને,*
*પ્રચંડ ને ભગીરથ શો પુરુષાર્થ કરાવ્યો છે!*
*સતત અભ્યાસ તેવાથી જીવંતી એકધારી તે,*
*અખંડિત ધારણા હૃદયે શી બંધાઈ ગયેલી છે!*

સુંદર લખાઈ ગયું ભગવાનની કૃપાથી.

આ તો હકીકતની બનેલી વાત છે. ને એમ નહિ કે. તે ભઈ તો મને પહેલાં **મોટા**ને કે આપણે તમે કહો તે કરો. તે ખરાં પણ હવે પણ આમાં એટલાં બધાં પુસ્તકો રાખીશું કહીં ? આપણા આશ્રમમાં જગા નથી. ને કેટલાં કબાટ કરાવીશું ? ને આ તો બહુ પંચાત થઈ જશે. મેં કહ્યું, 'આપણે મુશ્કેલીની વાત ન કરો. એ તો બધુંય મળી રહેશે.' જુઓ તો ખરાં. ભગવાનની કૃપાથી. તે અમારે ઇંદુનો (શ્રી ઇંદ્રવદન શૅરદલાલ, ગુરુકૃપા ગેસ્ટ હાઉસ, ટાઉન હૉલની પાછળ, એલિસબ્રિજ, અમદાવાદ. પીન-૩૮૦ ૦૦૬) મોટો ઓરડો.

**શ્રી શાંતિભાઈ :** જબરજસ્ત મોટો.

**શ્રીમોટા :** બધો ભરાઈ ગયો છે. **મોટા** હજુ લાવો. છો છપાવો. બંધ ના કરશો. એટલું ભાડે લેવા જઉં તો આજે મહિને ત્રણસો રૂપિયા લે. આ અમદાવાદમાં, પણ બધું સાચવે છે, કરે છે, વેચે છે બધું. મહેનત એ કરે છે બિચારો. અખંડ મહેનત કરે છે. કેટલી બધી સરળતા ભગવાન મને આપે છે યાર.

## યજ્ઞ કરીને પૈસા મેળવવા નથી

નટવરલાલ ચિનાઈની સાથે પહેલાં આવતા હતા ને દર વર્ષે ? કે **મોટા** તમને લાખ રૂપિયા કરી આપવા. મેં કહ્યું, 'બહુ

સારું ભઈ સાહેબ. મારે બહુ જરૂર છે.' પણ તમારે યજ્ઞ. મેં કહ્યું, 'રહેવા દો.' બધી વ્યવસ્થા મારે કરવાની. એકે પૈસો તમારે ખર્ચવાનો નહિ. અને તમારે નામે બધું હું છપાવીશ-કરીશ. બધી વ્યવસ્થા અમારી ને લાખ રૂપિયા રોકડા મારે આ યજ્ઞમાંથી તમને અપાવી દેવા. મેં કહ્યું, 'મારે એ જાતના પૈસા મેળવવા નથી ભઈ.' ને ખરેખર sincerely કહેતો હતો એ માણસ. કે અમે આવા બધા કરેલા છે. આ પેલા ગંગેશ્વરાનંદ મહારાજ ખરાને ? પ્રજ્ઞાચક્ષુ છે. તે મેં આવા યજ્ઞો કરેલા છે. એની વ્યવસ્થા કરી છે. Propaganda જાણું છું. તમારું બધું કરીશ. તમારે કંઈ કશી તકલીફ. લાખ રૂપિયા લેવાની તકલીફ. મેં કહ્યું, 'મારે નથી જોઈતા. લાખ શું, પાંચ લાખ તું આપે તોયે મારે એ રીતે પૈસા જોઈતા નથી.'

*મેં હજી મારા જીવનમાં મેં આચર્યું છે ભઈ.*
*ચીલેચલુ સમી કોઈ કશી રીત પ્રેમમાં ના છે.*

સતત વેદનાને વિશે ભગવાનનું Awareness of the Lord ભગવાનની સભાનતા હોવી એ કંઈ શક્ય નથી બનતું.

## શાંતિભાઈને તમાકુનો ધંધો છોડી દેવાની સલાહ

**શ્રીમોટા :** ભીખુકાકાને લીધે. તે ભીખુકાકાને લીધે તમારા બધાની સાથે સંબંધ. તે એમની બેઠક તમારે ત્યાંને બધી. ત્યારે આપણી જરા સ્થિતિ એકાદ થોડા વખત પછી જરા નરમગરમ. ત્યારે મેં ભીખુકાકાને કહેલું ને આ ચૂની હોય કે તું હોય કે શાંતિભાઈ હોય. મેં કહ્યું, 'ભઈ, એ તો નરમગરમ તો દરેકની રહ્યા કરે. પાછા આપણે તેજ થઈ જઈશું. આપણી હજી વધારે સારી તેજ સ્થિતિ થશે. મને તો એવી શ્રદ્ધા છે.' તે વખતે કહેલું તે બરાબર યાદ છે. પણ તે માત્ર એ બોલેલા નહિ પણ મારો ભાવ એવો ને એવો રહેતો ને તે માટે પ્રાર્થના પણ કરેલી છે.

**કોઈ ભક્ત*** : મને એ ખબર નથી, પણ એમ તો કહેલું જ તમે.

* શ્રી ચંપકભાઈ ભૂતવાળા

**શ્રીમોટા :** ના. એટલે તેં કહ્યું એટલે મને આ યાદ આવ્યું. જૂની વાત, કારણ પહેલાં તો આવી વાત કહેતો નહિ. ખુલ્લી કરીને નહિ કહેતો, પણ હવે આ શરીર પડવાનું થશે તે કહી રાખુંને યાર. પંચાત પડેને.

**કોઈ ભક્ત :** આપણે અહીંયાં આશ્રમ આવવા નીકળેલા. પુલ પર ચાલતા હતા. ત્યારે તમે એમ કહેલું શાંતિભાઈને. શાંતિભાઈ, તમે બીજો કોઈ પણ ધંધો. તમાકુના ધંધામાં તમારે. બીજો કોઈપણ ધંધો કરો તો ભગવાન તમને મદદ કરશે.

**શ્રીમોટા :** હા. મેં કહેલું એમને. ચોક્કસ. તમાકુનો ધંધો છોડી દો. મેં કહ્યું.

*ભયંકર વેદના તીવ્ર અસહ્ય સહેવી લાગે જે,*
*જીવનના ક્રૉસની ભવ્ય પ્રસાદી તે મળેલી છે.*
*હરિ કોઈ દૂત તારાથી ચમત્કારિક શાતા જે,*
*શરીર પ્રેરાવીને મુજને અનુપમ પ્રાણ બક્ષે છે.*
*શરીર પ્રેરાવીને કેવી હૃદયમાં તાજગી બક્ષે!*
*જતી પળ એક ના કોઈ ખરેખર વેદના વિના.*
*મહદ અચરજ ટકે તેમાં હરિની સભાનતા દિલમાં.*

કહે છે કે *જતી પળ એક ના કોઈ ખરેખર વેદના વિના.* એક પળ વેદના વિના જતી નથી કહે છે, પણ એમાં અચરજ છે કે મહદ અચરજ.

રહેવા દેજે પ્રભુ, લખવું નથી આ તો છેને. આમાં જોઈને લખીશું. એમ ને એમ મૂકી રાખો.

*મહદ અચરજ ટકે તેમાં હરિની સભાનતા દિલમાં.*
ટકે ના એટલું માત્ર, એટલું પૂરતું નથી.
*ટકે ના એટલું માત્ર પરંતુ કેટલાં સર્જન*
હવે આવી વેદનામાં
*ટકે ના એટલું માત્ર પરંતુ કેટલાં સર્જન*
*દશા તે વેદનાગ્રસ્ત વિશે તે શા થતાં વ્યક્ત!*

અહીં સર્જન વ્યક્ત થાય છે. આવી વેદનાગ્રસ્ત દશાની વિશે

*પણ ટકે ના એટલું માત્ર પરંતુ કેટલાં સર્જન*
*દશા તે વેદનાગ્રસ્ત વિશે તે શાં થતાં વ્યક્ત!*
*જીવનના સત-અસત વિશે જગતનાં સુખદુ:ખ વચ્ચે*
*જીવંતો એકધારો શો વહંતો પ્રેમ પ્રત્યક્ષ.*

કહે છે જીવનના સત-અસતની વિશે અને જગતનાં સુખદુ:ખની વચ્ચે પણ આવો જીવંતો એકધારો શો વહંતો પ્રેમ પ્રત્યક્ષે!

બંધ કરી દેજે બહેન....

કૃપાથી મોકલી આપી ...... આવે છે. એ બોલ્યો તો હું. હવે નહિ બોલવું જોઈએ.

*... માં કોઈક ને કોઈક મને સંભાળનારું જે,*
*કૃપાથી મોકલી આપી નિરાંત જ શી વળાવે છે!*

સરકારી માણસ હતા. ત્યાંયે આવેલા. અમારું લોહી લીધું ને પછી એનું રિઝલ્ટ જણાવેલું ભટ્ટ સાહેબને, પણ હમણાં થોડીક ઘટી. વેદનાય ઘટી. અને હવે એકધારો પેશાબ પણ થાય છે.

## મોટાને આર્થિક જરૂરિયાતના પ્રસંગોએ મળતી રહેલી ગેબી સહાય

એક વખત ઠક્કરબાપાને માટે ગાંધીજીએ લખેલું એમના જન્મદિવસે કે સિત્તેર હજાર. તો કે આટલા મોટા માણસને માટે સિત્તેર હજાર તો બહુ નાની રકમ કહેવાય, પણ મને ત્યારે એમ થયું કે ભઈ, હું ત્યારે કોઈ હરિજન સંઘબંઘમાં નહિ, પણ મને થયેલું કે મારે આપવા જોઈએ. ઠક્કરબાપાની સાથે મારે આટલો બધો નિકટનો સંબંધ એ પ્રસંગ મેં ચોપડીમાં છપાવ્યો છે.

તે રસ્તામાં જતો હતો. બેસતા વર્ષનો દિવસ. એ દિવસે અમે મેયરને ત્યાં મળવા જતા હતા. કરાંચીમાં ચાગલા સાહેબને ત્યાં.

બરાબર યાદ છે. તે સાહેબ, રસ્તા એટલા બધા ચોખ્ખા કંઈ કશું કાગળિયું-બાગળિયું કોઈ ઠેકાણે મળે જ નહિ. એટલા બધા આ જમશેદ મહેતા હતા. મેયર. બહુ સ્વચ્છ રાખતા.

પણ રસ્તામાં અમે જ્યાં ગયા ને મને નોટ હાથમાં આવી એટલે પેલાં કુરંગીબહેન કહે **મોટા,** તમને તો જ્યારે પૈસા જોઈએ ત્યારે મળે. એક વખત તેમના બંગલા પાસેથી નીકળતાં હતાં ને મારે કશાક કામ માટે જોઈતા હતા ને પૈસા મળ્યા.

એક વખત કુંભકોણમ્‌માં મારે દેવું થઈ ગયેલું ને સોનાની chain મળેલી. પડીકામાં. એમાં લખેલું હતું. તામિલમાં સાહેબ. કે આ તારા ઉપયોગ માટે છે. તામિલમાં એવું લખેલું.

જ્યારે જ્યારે મને પૈસાની એવી કંઈ જરૂર પડી છે, ત્યારે ભગવાને મને ચમત્કારિક રીતે પૈસા મોકલી આપ્યા છે. ઘણા પ્રસંગો મારા જીવનમાં એવા છે.

**શ્રી શાંતિભાઈ :** એટલે **મોટા,** પેલા હમણાં જે ‘જીવનસ્ફુલિંગ’ છપાયું તેમાં જે પેલા શું નામ એમનું ? આપણે જે શિક્ષક હતા તમારા. ત્યાં સાવલીમાં કે કાલોલમાં. તેમના દીકરા કરાંચીમાં તમારી સાથે રહેતા હતા.

**શ્રીમોટા :** હા. હા. વિભાકર મહેતા છે તે.

**શ્રી શાંતિભાઈ :** તે કહે અમને. ઘણી વખત રેતીમાંથી ને પૈસા એમ કે જરૂર પડે ત્યારે મળી રહેતા.

**શ્રીમોટા :** તેમણે જાતે જોયેલું.

**શ્રી શાંતિભાઈ :** તમારા જન્મદિવસે એમણે. તમે અમદાવાદ આવેલા ને કહેલું કે જરૂર આવજો. એમ કે ચૂનીભાઈથી નહિ અવાય.

**શ્રીમોટા :** હા.

**શ્રી શાંતિભાઈ :** પણ પછી તમે એમ કે વિમાનમાં.

**શ્રી ધનસુખભાઈ :** વિમાનમાં તમને ટિકિટ મળેલી.

**શ્રીમોટા :** એ તો કોઈ ઓલિયાએ પૈસા મોકલેલા ને પર્શિયનમાં લખેલું. ઉર્દૂમાં લખેલું તે આપણા આશ્રમમાં કુરેશી સાહેબ રહે છેને તેમની પાસે વંચાવેલું.

## બ્રહ્માંડની પાર ખરેખર પ્રેમ પોતે છે

*જીવનમાં કોઈક ને કોઈક મને સંભાળનારું જે,*
*કૃપાથી મોકલી આપી નિરાંત જ શી વળાવે છે!*
*અસર જાદુઈ ગુરુ સૂક્ષ્મ ચમત્કારિક અદ્ભુત જે,*
*હૃદય પ્રેરાવીને પ્રાણ અને શક્તિ તું બક્ષે છે.*
*ન ખાલી ખાલી અમથો કાંઈ પડી પોતે રહેતો છે,*
*ખરેખર પ્રેમ નિષ્ક્રિય અને સક્રિય પળપળ છે.*
*જીવનને પ્રેરનારો તે, જીવનને સાંધનારો તે,*
*જીવનને તે, જીવનને દોરનારો છે.*
*જીવનનો પ્રેમ પ્રત્યક્ષ શું સચરાચરપણે તે છે!*
*બ્રહ્માંડની પાર ખરેખર પ્રેમ વ્યાપ્ત છે.*

*એમ ને એમ નહિ યાદ કરવાનો.*
*હૃદયથી યાદ કરવાનો ઉમળકાથી ચહી ચહીને.*
*રસિક વ્યાપાર જીવનનો.*

આ વ્યાપાર કેવો પાછો ? રસિક.

*'રસિક વ્યાપાર જીવનનો હરિએ સંપડાવ્યો છે'* અમે માથે લઈને નથી મંડ્યા—વેપાર ભગવાને અમને આપ્યો છે.

શેનો વેપાર ?

## મળેલાંને હૃદય સરસાં ચહી ચહી દિલ ચાંપીને

*હૃદયથી યાદ કરવાનો ઉમળકાથી ચહી ચહીને,*
*રસિક વ્યાપાર જીવનનો હરિએ સંપડાવ્યો છે.*

*મળેલાંને હૃદય સરસાં ચહી ચહી દિલ ચાંપીને,*
*હૃદય નિજના બનવવાને, જીવન વ્યાપાર માંડ્યો છે.*
*પરંતુ તે વિશે ફાવટ હજી પૂરી ન આવી છે,*
*વફાદાર છતાં કેવાં, રહેલાં તે છીએ તેને!*

*હૃદયથી ચાહવાકેરો, જીવનધર્મ સ્વીકાર્યો છે,*
*હૃદયથી પાળવાનું તે, જીવનનું વ્રત લીધેલું છે.*

## સ્મરણનો કેટલો મોટો ખરેખર શો પ્રતાપ જ તે !

*સ્મરણમાં ભાવ ઊછળતાં, સ્મરણમાં રંગ જામે છે,*
*સ્મૃતિભાવ ઊગી હરિનો, ફૂટે શી સભાનતા ત્યારે!*
*જીવનમાં મોખરે જ્યારે હરિની સભાનતા રહે છે,*
*પ્રકૃતિનું બધું જે તે પછી ગૌણત્વ પામે છે.*
એ સ્થિતિમાં શું થાય છે ?
*બધે જેમાં અને તેમાં હરિરસનો અનુભવ છે,*
*પ્રકૃતિ ત્યાં શી માધ્યમ છે! હરિરસને વહેવાને.*
*સ્મરણનો કેટલો મોટો ખરેખર શો પ્રતાપ જ તે!*
*જીવનને ક્યાંથી ઉખાડી, ગગનમાં ક્યાંય પૂગવે છે!*

**શ્રીમોટા :** 'પૂગવે છે' બોલાય છે ?

**શ્રીચૂનીભાઈ :** ચાલે **મોટા,** પુગાડવું ચાલે.

**શ્રીમોટા :** નહિ ચાલે. બરોબર શબ્દ નથી. સુધારવું પડશે. પહોંચાડે ગગનમાં તે.

*જીવનને ક્યાંથી ઉખાડી <u>પહોંચાડે ગગનમાં તે.</u>*
*<u>ઉડાડે છે ગગનમાં તે</u>*
*<u>ગગનમાં તે ઉડાડે છે.</u>*

હવે ફરીથી વાંચજે. મેળ બેઠો કે નહિ આનો ?

હરિની સભાનતા જીવનમાં મોખરે રહે, ત્યારે પ્રકૃતિનું બધું જે તે હોય તે બધું પાછળ, ગૌણત્વ થઈ જાય. આપમેળે. ભક્તિનો રંગ જાગે ત્યારે ખબર પડે. એમ ને એમ કંઈ આ બોલવાની વાત થોડી છે કાંઈ ?

## શરીરનો રોગ ફીટવવા, સ્મરણ લેતો કરાવ્યો છે

*સ્મરણની ભાઈબંધી શી રીતે મુજને થયેલી છે!*
*કૃપાની તે કરામતની અગમ્ય જ શી હકીકત છે!*
*શરીરને રોગ પ્રગટાવી, ગરજ મુજને જગાડીને,*
*શરીરનો રોગ ફીટવવા, સ્મરણ લેતો કરાવ્યો છે.*
*સ્મરણનો દિલમાં સાચો, ઊંડો અભ્યાસ પડવાને,*
*શું મક્કમ વ્રત, નિયમ, ટેક, જીવનમાં લેવરાવ્યા છે!*
હવે એક ટૂંક રહી.
*નિરંતર વ્રત, નિયમ, ટેક, પળાતાંમાં, પળાતાં તે,*
*સ્મરણમાં ધોધનો ઝોક, હૃદય વહેતો કરાવ્યો છે.*

• • •

*અમારે પાપ કે પુણ્ય ન કોઈનાંયે જોવાં છે,*
*અમારું તે ન કર્તવ્ય, અમારો ધર્મ પણ ના તે.*
*કોઈને કહીએ જો, હૃદય તેને જ ચેતવવા,*
*કૃપાથી જો વળે પાછું, હૃદયની નેમ તેવી ત્યાં.*

## નિરંતરના જ અભ્યાસે પછી તે મનાયાં છે

*સ્મરણમાં જોતરાવાને ઉમળકાથી મનાદિને,*
*બહુવિધ તો કરેલું છે, ઊંડું સમજાવવાને તે.*
*સરળતાથી બધાં તે તે ન માની જાય એવાં જે,*
*સતત અભ્યાસમાં જોડી, વિશે તેમાં પલોટ્યાં છે.*
*પલોટાવાની પ્રક્રિયા વિશે પણ પાંસરા ના તે,*
*ધમપછાડા શા! હું જાણું એકલો તે તે.*
*સરળ જલદીથી ઝટપટમાં, હૃદય સહકાર તે સૌનો,*
*બહુયે મથતાં ઘણું મથતાં, મળેલો ના પૂરેપૂરો.*

*કૃપાથી પૂછડું મેં તો સતત પકડી જ રાખ્યું,*
*નિરંતરના જ અભ્યાસે પછી તે મનાયાં છે.*

## સાક્ષાત્કારી વ્યક્તિનાં લક્ષણ—
## શરીરની સ્થિતિથી નિર્લેપતા, તટસ્થતા, સમતા

તે **મોટા** આ તો બધા તમારા વિશે કહે છેને કે તમને સાક્ષાત્કાર થયો, દર્શન થઈ ગયાં. Realized છોને. તે કાંઈ આ સૂર્ય દેખાય છેને તો પ્રકાશ પડે. તમે લક્ષણ ઉપર બહુ ઝોક આપો છોને. મેં કહ્યું હા, હું આપું છું. ત્યારે તમે બધી સાચી વાત કરી દો. મેં કહ્યું, ભાઈ લાવ. સાચી વાત. દક્ષિણા લાવ પહેલા. પછી તને સાચી વાત કહી દઉં. તો કહે મારે તો થોડા અત્યારે અગિયાર રૂપિયા છે. મેં કહ્યું, બસ ચાલશે. અગિયાર રૂપિયા આપી દે ચાલ ભાઈ.

પછી મેં કહ્યું, જો ભઈ, આ મને રોગ છે તે ખબર છે તને કાંઈ ? કે કાલ્પનિક છે ? તો કે ના. ખરેખરા છે. તમારા રોગ **મોટા** આ તો બધા પરખાય એવા છે. દાક્તરો કહી શકે એવા જ છે. ત્યારે મેં કહ્યું, ‘આટલા બધા રોગ સાથે આનંદમાં રહેવાય ?’ તો કે ના. બધાંની સાથે હસુ વાતો કરું છું.

હવે એક રોગ હોય તો માણસ હંમેશનો રોગી થઈ જાય. સાતઆઠ વર્ષથી આ રોગ છે. હું ચીડિયો થયેલો લાગું છું તને ? તો કહે ના, નથી લાગતા. ત્યારે મેં કહ્યું, જો એ પછી આ બે વર્ષમાં—બે અઢી વર્ષમાં કેટલાં બધાં ભજનો લખી નાખ્યાં! કેટલી બધી ચોપડીઓ લખી છે! કોઈ માંદો માણસ એનું મન તો બધું માંદગીમાં જ ને એમાં જ રોકાઈ રહે અને એ કાંઈ એને ફાવે નહિ. એ તો ઘણો ચીડિયો થઈ જાય. તે આવું તો સર્જન એનાથી થાય કાંઈ ? ના થાય. તે **મોટા** વાત તમારી સાચી. હવે કબૂલ છે મને. મેં કહ્યું, સારું ભઈ.

**મોટા,** બીજી વાત તો નથી. આ એક મારા મનમાં કે આટલા બધા રોગ છતાં તમે ચીડિયા નથી થઈ ગયા એ મને ગમ્યું. અલ્યા,

મેં કહ્યું, આ બધાં પુસ્તકો લખ્યાં છે તે સાચી વાત છે. તે ગપ્પાંની વાત ? તો કે એ બધું કાંઈ મારા ગળે ન ઊતર્યું. અલ્યા, પણ આ બનેલું છે. તોય કહે **મોટા** તમે બહુ કવિ છો, હોશિયાર તે લખી નાખો, પણ આ ચીડિયા નથી થયા એ મને ગળે ઊતરી ગયું. તો સૌ સૌને એવું છેને. તો કોકને આવું જોઈએ. કોકને કાંઈક ઊતરી જાય. કોકને કાંઈ ઊતરી જાય. કોકને કાંઈ ઊતરે.

## ગંજેરી સાધુઓની વચ્ચે

વારાફરતી વારાફરતી પેલાએ તો આ ગાંજો પી પીને મારા હાથમાં આચી તો મેં તો લીધી. મેં બેચાર લગાવી દીધી. અમારી બધી મઝા બગાડી નાખી. ખલાસ. એણે તો કાઢી નાખી. પેલી ચલમ પછી બીજી ભરી. નહિ બેસ. કહે છે હવે તને પાવ જ છું. અરે ફરીથી આચી. કમબખ્તી આ તો વગર લેવેદેવે.

હું સમજ્યો આ કાંઈ સત્સંગની વાત કરતા હશે. આ તો ગાંજાની વાત આવી. પછી આયો. મેં તો લીધી. મને પીતાં આવડે ત્યારેને! એ ઉધરસ ચડી. એ ઉધરસ થઈ તે ફરીથી હારી પેઠે ઠોક્યો. ને ઊંચકીને નાખી દીધો. ફેંક્યો. જેમ પેલી ગાંસડી ફેંકેને એવી રીતે ફેંક્યો મારા બેટાઓએ. અલ્યા, મેં કહ્યું, તમે સાધુ મહારાજ આટલી સહાનુભૂતિ નથી રાખતા ? મને ના આવડે તે હું કેવી રીતે પીવું ? એટલી તમને સમજણ નથી પડતી ? એટલે મતલબ કે બધા સાથે હોઈએ ને પ્રેમી માણસો સાથે હોઈએ તો મઝા પડે એની રંગત જામે.

## હરિપદમાં જ આળોટી, શરણ એનું સ્વીકાર્યું છે

*સ્મરણ અભ્યાસ પડવાથી, સ્મરણના મધ્ય દરિયામાં,*
*ત્યહીં ડૂબકી લગાવીને, પછીથી ઝંપલાવ્યું છે.*

*બધાં જોખમ અને સાહસતણી ચૂકવી દઈ કિંમત,*
*હરિપદમાં જ આળોટી, શરણ એનું સ્વીકાર્યું છે.*
*પથે શી આવી આવીને, ભયંકર ગડમથલ વચ્ચે,*
*ભુલાવામાં જ નાખીને, કાંઈક ઊંધો ભમાવ્યો છે.*
*પરંતુ નિત્ય અભ્યાસ લીધે જે જાગ્રતિ દિલ છે,*
*હૃદય તે જાગ્રતિ લીધે જીવન જીવતું જિવાયું છે.*

## શ્રી રમાકાંતભાઈ જોષીનો અનુભવ

**શ્રી રમાકાંતભાઈ જોષી :** તે વખતે મારે નડિયાદમાં મૌનમાં બેસવાનું હતું. તે પછી **મોટા** કુંભકોણમ્ જવાના હતા. એટલે મેં **મોટા**ને કહ્યું કે મને તમારાં દર્શન મૌનની અંદર થાય. તો **મોટા** કહે તને મારાં દર્શન તો નહિ થાય, પરંતુ તું હજી યોગ્ય થયો નથી. તો પછી મેં એમને એમ કહ્યું, કે તમારી સ્વયં ચેતનાનાં અંદર દર્શન તો **મોટા** કહે સારું ભઈ, મારી ચેતનાના અનુભવ થજો. પછી મૌનમાં બેઠેલો.

થોડા દિવસ પછી રાતના નવ વાગ્યે સૂવાની પથારી કરીને હું સૂતો. ત્યારે અચાનક વાઘની ઘુરઘુરાટી સંભળાઈ. મેં કહ્યું, વાઘબાઘ અહીં આગળ ક્યાંથી આવ્યો ? છતાં મેં સાંભળ્યા કર્યું. થોડીવાર પછી જોયું તો મારી જમણી બાજુ સૂઈ રહ્યો હતો. પૂર્વ તરફ... અચાનક એક ભાગ ઊંચો થવા લાગ્યો. મને થયું કે ધરતીકંપ થયો કે શું ? પણ ચારેબાજુ જોયું તો બધી દીવાલ પરની વસ્તુઓ. મારી થેલીબેલી ભેરવેલી તે બધું જ કશુંય હલે કરે નહિ. ધરતીકંપ... તે પછી તો ફર્શ ભાંગેલી જોઈએ. જમણી બાજુ જોયું, ડાબી બાજુ જોયું, તો પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ તો ચારેદિશા તરફથી ઓટલો હાલવા માંડ્યો. મને લાગ્યું કે આ ધરતીકંપ નથી. પણ પછી **મોટા**ને વાત કીધેલી. ત્યારે વાત યાદ આવી. એટલે પછી મેં એમને પ્રાર્થના કરી. પછી પાંચ, સાત મિનિટ સુધી એવો અનુભવ થયા કર્યો.

એ વખતે જ્ઞાનેશ્વર મહારાજ પણ યાદ આવ્યા. ચાંગદેવ આવ્યા હતા. એમનો ઓટલો હાલ્યો હતો. ચાંગદેવને મળ્યા હતા. તે બધું યાદ આવે.

આટલું બધું થવા છતાં પણ જે ભક્તિ મારામાં પ્રગટવી જોઈએ તે હજુ પણ પ્રગટી નથી.

**શ્રીમોટા :** ચમત્કારથી ભક્તિ પ્રગટે છે એ વાત નથી, પણ આમાં બીજી વાત છે, એ કે જો ધરતીકંપ હતો ચારેદિશામાં ના.... ચારેદિશામાં થાય નહિ અને ધરતી પર બીજું બધું હાલતું દેખાય. જોડે જોડે સાથે. તે પણ એણે. થેલીઓ ભેરવેલી આ તે કાંઈ કશું....

**શ્રી રમાકાંતભાઈ :** કેલેન્ડર-બેલેન્ડર બધું મેં જોયેલું, પણ કશું હાલતું ન હતું. હું ને મારો ઓટલો એટલું જ હાલ્યા કરે.

## મોટાના ખર્ચે મોટાના જીવનના પ્રસંગો ભેગા કરવા શ્રી ધનસુખભાઈને મોટાની ટકોર

**શ્રીમોટા :** બસ અને ચારેદિશામાં પાછું. ત્યારે એ માણસ. હું તો એમ કહું છું ભઈ, તમે બધા સાથે છો તે વિચારી લો, કે એમ ને એમ મારો બેટો હાલતો હશે એવો એ ઓટલો ? કોઈ જ્ઞાનેશ્વર મહારાજ તો આજે કેટલી બધી પ્રતિષ્ઠા કરે ને વાત બધી કરે ને કેટલા મોટા ગણે છે! તો આ જીવતા માણસની વાત કરે તો એનાથી આપણે સમજવું કે ભઈ, આ માણસમાં કંઈક તથ્ય હશે ખરું મારું બેટું. નીકર આ કાંઈ બને નહિ આવું.

એટલે કાંઈક ધારો કે આડુંઅવળું હું ચાલું કે વર્તું તો સમજી લેવું  કે ભઈ એની પાછળ કોઈ રહસ્ય હશે. તે રહસ્ય જો આપણને સમજણ પડે તોપણ એ રહસ્ય સમજાવે તોપણ સમજવાનું આપણા હાથમાં છેને યાર. કે ભઈ, આ કારણ છે ભઈ એનું. કે આ **મોટા**ના શરીરને આવું છે ને આ વેદના છે. તે વેદનાને કાંઈ રાહત મળે અને ભગવાનની કૃપાથી આવું આ સાધન મળ્યું છે. એટલે એ

રીતે એ જો સમજેને માણસ તો મારા જીવનમાં ઘણા એવા દાખલા છે. હું તો કોઈને કહું, કે જાવ. હું તમને સરનામાં બધાંનાં આપું. ત્યાં જઈને મળો. પૈસા મારા જાઓ ભઈ. ધનસુખ.

**શ્રી ધનસુખભાઈ :** હા જી.

**શ્રીમોટા :** જા, તું નીકળ પ્રવાસે. પૈસા મારા જા. ને બધાંને મલી આય. તો તને ખાતરી થાય યાર, કારણ કે ખાતરી વિના તો પછી પત્તો નહિ ખાય, કારણ કે આપણે જીવદશાવાળાં રહ્યાં. તે તો આમેય ડોલા ખાઈએ ને આમેય ડોલા ખાઈએ. તે એમાં મઝા નહિ આવે પછી. ભલે આપણે જીવદશાનાં રહ્યાં. પણ ખાતરી. માણસ કહે કે લક્ષાધિપતિ છે એ ગરીબ થઈ જવાનો છે કોઈ દહાડોય ?

**શ્રી ધનસુખભાઈ :** કોઈક વખત તો થઈ જાય.

**શ્રીમોટા :** ના થાય. લક્ષાધિપતિ શી રીતે થાય ? ધારો કે સટ્ટો ખેલે તો થઈ જાય. લક્ષાધિપતિ હોય ને સટ્ટાનો વેપાર કરતો હોય ને સટ્ટો ખેલતો હોય તો ગરીબ થઈ જાય, પણ સટ્ટો ખેલતો જ ના હોય તો ?

**શ્રી ધનસુખભાઈ :** તો એ લક્ષાધિપતિ જ રહે.

**શ્રીમોટા :** હા એમ. કહે ધંધામાં ખોટ જાય. ધારો કે માની લો. પણ ખોટ જાય એવો, એનો ધંધો ના હોય કે ખોટ જાય એને. એટલે પછી એ તો થાય જ નહિ. એમ સમજવાની વાત રહી આમાં.

એની પાછળનું એમ છે કે માણસનું ભાગ્ય અથવા તો એની જુદી જુદી સ્થિતિ બદલાતી રહે. દિવસ નથી બદલાતો.

**શ્રી ધનસુખભાઈ :** હા, પણ એટલે **મોટા** આમ સ્થિતિ બદલાતી રહે.

## અનુભવીનું દરેક કાર્ય હેતુપૂર્વકનું હોય છે

**શ્રીમોટા :** સ્થિતિ બદલાતી રહે પણ એ જીવદશાને વાસ્તે જેને આવો ભગવાનનો અનુભવ થયેલો છે એની સ્થિતિ બદલાતી દેખાય

ખરી ઉપર ઉપરથી પણ માંહેલો તો ટકોરાબંધ જીવતો હોય છે. એમાં કશો ફેરફાર થાય નહિ. આમ પરિસ્થિતિ બદલાતી દેખાય કે આ ઠેકાણે વાઘેચા ગયા ને પાછા દોડ્યા આયા અને આ શું કરવા દોડ્યા ને ગયા ? એમ થાય માણસને. અથવા તો બીજે કાંઈ ગયા ને ત્રીજે કાંઈ ગયા ને આ દોડાદોડ શેને માટેની ? એમને તો એ સ્થિતિમાં ફેરફાર લાગે, પણ એની પાછળનો હેતુ છે તે કાંઈ બધાંને કહ્યા કરતો હોય છે ?

આપણે પણ જીવદશાનાં રહ્યાં પણ આપણે શું કરીએ છીએ ને કેમ કરીએ છીએ તે બધાંને કહ્યા કરીએ છીએ કાંઈ ? એ તો આપણે જ જાણીએને!

**શ્રી ધનસુખભાઈ :** આપણી મેળે જ.

**શ્રીમોટા :** ઘરનાં બૈરાં પણ નથી જાણતાં ને મારા બેટા બબડ્યા કરતા હોય છે. શું ? પણ એમને કંઈ આપણા બધાંની ખબર પડતી હોતી નથી કે એની ક્યાં સમજણ ને કયા હેતુથી આપણે બધું કરીએ છીએ ?

પેલો અનુભવી પુરુષ પણ એવી રીતે જ પ્રવર્તતો હોય છે. પણ એ આપણી જેમ અમસ્તા નથી દોડાદોડ કરતા. એની પાછળ કાંઈ ને કાંઈ હેતુ રહેલો હોય છે. તે પેલો માણસ અમસ્તો દોડાદોડ કરતો હોતો નથી. એની પાછળ હેતુ છે, પણ હેતુની એને પોતાને પાકી સમજણ છે. એમાં બિલકુલ ફરક નહિ. જરા સરખો પણ, તલમાત્ર જેટલો. હેતુની એની જે અગ્નિ જેવી સભાનતા છે. જે દિવસે ના હોય તે દિવસે. આ ભજનમાં જ લખાયું છે કે આ છે તે ગડમથલ આવેલી કહે છે ત્યારે મને ભુલાવામાં નાખી દીધો.

*ભુલાવામાં જ નાખીને કાંઈક ઊંધું ભમાવ્યો છે.* પરંતુ નિત્ય અભ્યાસને લીધે જે જાગ્રતિ હતી. તે જાગ્રતિને લીધે એ બધું ઠેકાણે પડ્યો છે કે જાગ્રતિ એની કદી જાય ના.

જેમ માણસ છે તે મારી પાસે પાંચ હજાર રૂપિયા હોય તે પાંચ હજારની માલિકીપણાની જાગ્રતિ જતી નથી રહેતી. કે છે. આપણું તો છે. કાંઈ વાંધો નહિ. હિંમત છે આપણને.

## હરિની સભાનતા જ્યાં છે, ત્યહીં ખુલ્લો પ્રકાશ જ છે

*સ્મરણનો સરળ અભ્યાસ હૃદય સેવાયેલો જે છે,*
*ઊંડા સદ્ભાવથી દીર્ઘ સમય પર્યંત શો નિત્યે!*
*સતત અભ્યાસમાંથી, તે મનન ચિંતવનતણી ઊંડી,*
*જીવનમાં એકધારી શી, જીવંતી ધારણા ટકતી!*
*નિરંતર ધારણામાંથી હરિની સભાનતા નીતરે,*
*હરિની સભાનતા જ્યાં છે, ત્યહીં ખુલ્લો પ્રકાશ જ છે.*
*જીવનની વાસ્તવિકતામાં હૃદય હરિનો ભાવ અવતરીને,*
*જીવનને નવજીવન, મૌલિક, રસિક, મઘમઘતું બનવ્યું છે.*

## કળા લીલા હરિની તો ખરેખર ભવ્ય દિવ્ય જ છે

*હરિની સભાનતાવાળું જીવન તે માત્ર રસ રસ છે,*
*કથા એવા નિરાળા તે રસિક જીવનની અદ્ભુત છે.*
*હરિની સભાનતામાં તો કંઈ સત-અસત કશું ના છે,*
*હરિની સભાનતામાં તો ન દ્વંદ્વ કે ગુણ પણ છે.*
*આગળપાછળનું ભલે અસ્તિત્વ જ્યાં ત્યાં છે,*
*હરિની સભાનતામાં પણ ન અસ્તિત્વ કશાનું છે.*
*હરિની સભાનતામાં તો હરિનો ભાવમાત્ર છે,*
*બધું જે છે વિશે તે તે હરિ કેવો રમે પોતે!*
*કળા લીલા હરિની ખરેખર ભવ્ય દિવ્ય જ છે,*
*કદી ના માનવી મતિથી કળાય એવી ના તે છે.*

## પ્રેરણા પ્રમાણે વર્તતાં અકસ્માતમાંથી બચાવ

પહેલાં મારે એવો રિવાજ ભઈ કે દિલમાં એવી પ્રેરણા થાય તે પ્રેરણા પ્રમાણે વર્તું. પછી એમાં હું કોઈ દિવસ મારી બુદ્ધિનો ઉપયોગ ના કરું. પ્રેરણા થાય ત્યારે ને પ્રેરણામાં બુદ્ધિ રહેલી નથી.

પેલામાં દિવ્યતાનો અંશ છે. એ એક આપણામાં Refined થયેલી જે એક શક્તિ છે. તે દ્વંદ્વ ને ગુણ જેમાં નથી. **જેમાં જીવદશાની કાંઈ પણ વૃત્તિ નથી. એવી જે અંદરની કેળવાયેલી શક્તિ એ દ્વારા જે સૂચન થાય એને પ્રેરણા કહે છે.**

તે પ્રેરણા ગમે તે થાય. ને ગમે તે પ્રકારની હોય અને જીવદશાની રીતે એ સાચી હોય કે ખોટી હોય કે ભલી હોય કે બૂરી હોય કે ગંદી હોય. જીવદશાની રીતે હું કહું આ. તોપણ હું તે પાળતો.

કોઈને નવાઈ લાગે પણ એક વખત હરિજન સેવક સંઘનો મંત્રી હતો. ત્યારે મારે પૈસા રાખવાનું સ્થળ શહેરમાં. બૅંકોમાં રાખીએ. પૈસા અમે આશ્રમમાં નહિ રાખીએ. એટલે માત્ર બસો-ચારસો રૂપિયા જે વધારેમાં વધારે પાંચસો રૂપિયા જેટલી રકમ હું રાખું. વધારે રાખું નહિ.

ત્યારે એક વખતે પૈસાની જરૂર પડી. એટલે હું બૅંકમાં લેવા ગયો. લેવા નીકળ્યો. તૈયારી કરીને. ચેક-બેક લઈને અને અમારા આશ્રમ પાસેથી બસ જાય. ત્યારે એસ.ટી.ની બસ નહિ. ભાડાની ફરતી. તે બસ આવી. ને મને પ્રેરણા થઈ કે તું ના જા. તું ના જા. આમાં જઈશ નહિ. આમાં જઈશ નહિ. તે બસ હું તો ના ગયો. અને પાછો આવ્યો.

તે મારા મિત્ર ભઈ (મારા કલીગ-સાથી) કહે પરીક્ષિતલાલ, ચૂનીભાઈ, તમે તે કેવા માણસ યાર! બસ ગઈને. કામ માટે તમે ગયા નહિ ને એકદમ પાછા આવ્યા. મેં કહ્યું, સાહેબ, મને એમ થયું કે ના જા. ના જા. એમ કહ્યું. મેં એમ તો ના કહ્યું કે મને આની પ્રેરણા થઈ. નીકર તો એ માને નહિ. આ લોકો તો. મેં કહ્યું, અંદરના બેઠેલા માણસે તે કહ્યું, કે આમાં આવશો નહિ, આમાં આવશો નહિ એમ કહ્યું. એ તો ગમે તે કહે. તમે આવું માનનારા કેવા ? મેં કહ્યું, હવે પરીક્ષિતભાઈ, મારી બુદ્ધિ એવી જાતની થઈ ગયેલી છે તે શું કરું ? પણ હું સાઇકલ લઈને જઉં છું. તે ઝપાટાભેર પાછો આવું છું. હવે કેટલી બધી વાર થશે ?

હું જાણે કે ધારો કે બસમાં ગયો હોત તો મારે ભદ્રે બદલવી પડે. ત્યાંથી બીજી બસમાં બેસવું પડે. તે વાર લાગે છે. અને પાછો જઈને પૈસા લઈને આવવાની તો તાત્કાલિક બસ મળે. પણ ભદ્રથી પાછા આવતાં સાબરમતીની બસ તાત્કાલિક મળે એવું કાંઈ છે નહિ. ઘણી વાર લાગે છે. ત્યારે એના કરતાં તો હું જઈશ ને આવીશ તે પેલા કરતાં વહેલો આવી પહોંચીશ. તે ભઈ તમારી સાથે દલીલ કરવી નકામી છે. એમ પરીક્ષિતભાઈએ તો બિચારા કંટાળીને કહ્યું.

હું તો સાઈકલ પર ગયો. ત્યારે વિદ્યાપીઠની આગળ જોઉં છું, ત્યાં જ બસને એક્સીડન્ટ થયેલ ને બસ ખાડામાં પડેલી. ને બધાંને વાગેલું. તે હજુ સુધી કોઈ માણસ બધા બૂમાબૂમ કરે પણ કોઈ માણસો બહાર. તેથી હું દોડી જઈને વિદ્યાપીઠમાં બધાંને ખબર આપી કે ભઈ, જાવ તમે. આ એક બસ પડી છે. માણસો બિચારાં બૂમાબૂમ પાડે છે ને તમે મદદ કરો. ને મારે તો બૅંકમાં જવું છે. એટલે હું તો રોકાઈ શકું એમ નથી. માટે તમે બધાં જાવ.

એટલે એકદમ વિદ્યાપીઠના માણસો આવ્યા. હું તો સીધો ચાલ્યો ગયો. બૅંકમાંથી પૈસા લઈને આવ્યો ત્યારે ત્યાં આગળ હજુ તો બધાંને બહાર કાઢીને સુવાડતા હતા. તેટલામાં બસવાળાને ફોન કરીને બોલાવેલા અને પોલીસ પણ આવી પહોંચેલી ને આ બધું થતું હતું. મેં તો સીધી મારી મૂકી. નહિતર મારા બેટા મને અહીં રોકશે પાછા.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

(પૂ. શ્રીમોટાની ટેપરેકૉર્ડેડ વાણીનો થોડો અંશ ઉત્સવ વેળાના પ્રવચનમાંથી)

## શિલ્પકાર શ્રી કાંતિભાઈ પટેલની કદર

**શ્રીમોટા :** તો કદર કરીએ એ જરૂરનું. આ ગુજરાતમાં પહેલવહેલો આ એક જ છોકરો નીકળ્યો કે જે પ્રમાણિકપણે અનેક ગુણોની જેણે કદર કરી છે. તે હમણાં નહિ એ થાય. પાંચ પચાસ વર્ષ થશે પછી કહેશે.

આ ભાઈને જેને સુવર્ણચંદ્રક મારા આશ્રમના પ્રમુખ સાહેબ મારા રાવજીકાકાએ પહેરાવ્યો. એ તમે જુઓ. શું કહેવાય ભઈ ? એનો સ્ટુડિયો જુઓ તો આખા હિંદુસ્તાનમાં નહિ મળે એવો, પણ આ બધું કોને જાણવાની ફિકર છે ? એની શિલ્પની કળા કેટલી ઉત્તમ છે ? આ બધું કોને પડી છે આપણે બધાંને ? એવા માણસની તો કદર કરવી જોઈએ. હું ગરીબ માણસ છું તે કરું છું. પૈસાદાર લોકોને—મારી હાહુના પૈસાદાર લોકોનું આ તો કામ છે, પણ એમને એ કંઈ જાગે છે ? બુદ્ધિ કંઈ જાગે છે ? ના જાગે તો કોઈ વાંધો નહિ.

## મૌલિક સાહિત્યના ઉત્કર્ષ માટે *મોટાનું* દાન

આપણે એમનામાંના એક છીએને ? આ ગુજરાતનો દીકરો હું કહેતો હતો. એવી રીતે બધા કેટલા ચંદ્રકો આપ્યા. સાહિત્યનાં ક્ષેત્રે મારાથી જે થાય છે તે કર્યું છે અને સાહિત્યનાં ક્ષેત્રે પણ જે મૌલિક સર્જન થયાં. અહીં સાહેબ બેઠેલા છે. પીતાંબર સાહેબ. જે સર્જન થયા છે. Book of Knowledge. હું કૉલેજમાં B.A.માં હતો ત્યારે વાંચતો. ત્યારનો મને સંકલ્પ કે આવી જાતની શ્રેણી ગુજરાતમાં થવી જ જોઈએ. ત્યારે મારી પાસે પૈસા નહિ. એક લાખથી શરૂ કર્યું ને બીજા પૈસા પણ આપી દેવાના. અને આજે એ વખણાય છે. એવી રીતે કિશોરભારતી. ભલે આજે ના કહે પણ એ કાળ આવશે

ત્યારે કહેશે. બાલભારતી પણ તેમ જ. એટલું જ નહિ પણ સાહિત્ય પરિષદને પણ મેં આવા માટે પૈસા આપ્યા છે.

## મોટાની શરત : દક્ષિણા વિના પધરામણી નહિ

એટલે તમને બધાંને મારી વિનંતી છે કે આ એક છેલ્લું કામ છે. રોટલા ખાવાય કાંઈ નહિ તો છેવટે મને બોલાવો. રોટલા ખાવા પણ મને બોલાવીને રકમ સારી આપો. બીજે કંઈથી અપાવો. મારું શરીર હવે આગળ ચાલે તેવું નથી ભઈ. તે હું તમને કહી દઉં. જે કોઈને મને બોલાવવો હોય તે મને સારી દક્ષિણા આપે, એટલું જ નહિ પણ આગળપાછળથી ઉઘરાવીને પણ આપે, તો હું આવીશ.

હું મારા આશ્રમમાં કે એ ભઈ બધા **મોટા** પૈસા શી રીતે કરશો ? અરે! તમે ચિંતા નહિ કરો ભઈ. એની ચિંતા મારા ભગવાનના હાથમાં સોંપો. મને એકલાને સોંપો. તમારે કોઈ ચિંતા કરવાની જરૂર નથી, પણ જો મને બોલાવવો હોય તો એક હજારથી ઓછી રકમ નહિ ને બીજે ઉઘરાવીને આપવાની તમારી દાનત હોય તો બોલાવજો. નીકર હું મારા આશ્રમમાં છો પડ્યો રહ્યો. તે કોઈ એમ કહેશે, **મોટા**, જ્યારે તમારી મરજી થાય ત્યારે આવવું. મારે કોઈ મરજી નથી. તારે બોલાવવો હોય ત્યારે કહેજે ભાઈ. અને આ શરત છે. ત્યારે ફરીથી... હા પધારજો.

ત્યારે ફરીથી મારી તમને બધાંને પ્રાર્થના છે કે આ એક એવો વિષય છે અને છેલ્લે તો આ શરીર પડે છે. પડવાનું છે તે વેળાનો આ સંકલ્પ છે. મારું શરીર નહિ હોય તો મને ખાતરી છે કે મારો આ નંદુ છે તે કામ કરશે પણ એ સંકલ્પ ફળાવશે. એ મળ્યો છે. એ કાલે અઢી વાગ્યે સૂતો હતો. એટલું કામ કરે છે સાહેબ. અને મને તદ્દન છૂટો મૂક્યો છે. હું મારાં લેખનમાં. **બધું આ ચાર વર્ષમાં પંદર ચોપડીઓ લખી અને મૌલિક સાહેબ. આ જે કોઈ વાંચશે ત્યારે. સો વર્ષ પછી એની કદર કરશે.**

ત્યારે આ એવું કામ હાથમાં લીધું છે કે મારી સાથે લાગણીવાળા જે ભાઈઓ છે. મારી સાથે સંકળાયેલા છે. રોજ અવારનવાર આવે છે. એમને મારી પ્રાર્થના છે કે તમે મને મદદ કરજો. આમાં ગુજરાતની સમૃદ્ધિ વધવાની છે. અને એક પૈસો પણ મારા આશ્રમમાં જવાનો નથી. અને પાછી ખૂબી જુઓ સાહેબ કે ભવિષ્યમાં કોઈ વિચારક મારા વિશે લખશે ત્યારે લખશે કે **મોટા**એ ઘણું સરસ કામ કર્યું.

## યોજનાનો વહીવટીખર્ચ દાનની રકમમાંથી ન થાય

મારો એકેએક પૈસો કાયમ. પૈસા બધા કાયમ. વ્યાજ જ વપરાય. એક પૈસો પ્રજાનો બગડે નહિ સાહેબ. કોઈ બતાવે મને ગુજરાતમાંથી. આવા હોય તો બતાવજો. મારે જાણવું છે. એની પાસે શીખવું છે. ગુજરાત સરકારને આખા સમુદ્ર તરવાની હરીફાઈના સવા લાખ આપ્યા. કાયમ રહેવાના. એનું વ્યાજ તો બધાંને આપી દેવાનું. એનું વહીવટીખર્ચ સરકાર ભોગવે. એક પૈસો એમાંથી જાય નહિ. એક પૈસો સરખો પણ બગડે નહિ સાહેબ. આટલો બધો વિચાર કરી કરીને આ પૈસાનો ઉપયોગ—વહીવટ કરું છું.

એટલા માટે આ કહ્યું. મારાં વખાણ માટે નહિ. વખાણ તો કંઈ મારે જોઈતાં નથી. અને લોકો તો નિંદા તો ભરપૂર કરે છે. એની મને ખબર છે અને પાસેના પણ વધારે કરે છે, પણ એની મને પડી નથી. આ મારાં પોતાનાં વખાણને માટે કહેતો નથી, પણ આ હકીકત છે. જો તમે જાણો તો તમે પૈસા આપી શકો. **મોટા** સારો વહીવટ કરશે. આપણો એક પૈસો પણ એમાંથી બગડશે નહિ. વહીવટીખર્ચ. આ દોઢ વર્ષ સુધી તો નંદુભાઈએ પત્રવહેવાર કર્યો. University Grants Commission, Indian Medical Research Council. એ બધા કહે પૈસા લઈએ પણ વહીવટીખર્ચ તમારે આપવો પડશે. કે તમારે લેવા હોય તો લો ને ના લેવા હોય તો નહિ. એક પૈસો વહીવટીખર્ચમાં નહિ મળે. કહે છે આ અમારો

કાયદો છે. તમારો કાયદો તમારી પાસે રહ્યો. અમારી શરત હોય તો લો નીકર નહિ. સાહેબ આખરે દરેક—આપણે સેન્ટ્રલ સરકારની સ્થાપેલી આ સંસ્થાઓ છે. યુનિવર્સિટી ગ્રાન્ટસ્ કમિશન, ઇન્ડિયન એગ્રીકલ્ચરલ રીસર્ચ કાઉન્સિલ, ઇન્ડિયન મેડિકલ રીસર્ચ કાઉન્સિલ સેન્ટ્રલ સરકારની છે, પણ બધાયે પૈસા લીધા. એક પૈસો એમાંથી વહીવટીખર્ચનો જવાનો નહિ અને વ્યાજ છે તે આવી રીતે વપરાઈ જવાનું. કોઈ ઠેકાણે કોઈ એક પૈસો મારો બગડ્યો નથી સાહેબ.

## *મોટા,* ભગવાનના મુનીમ છે

ત્યારે આવી રીતે સમજી સમજીને હું કરું છું, પણ એમાં મારી સમજ છે એવું કાંઈ નથી. મારામાં અક્કલ છે એવું કેટલા માનતા નથી. મારી પાસેના લોકોય નથી માનતા, પણ મારો ભગવાન મને મારી નાખે સાહેબ. તમારા પૈસા જેમ સાચવો છો તેમ આ ભગવાનના પૈસા હું ન સાચવું તો ? એટલે આવી રીતે બહુ સમજીને, દીર્ઘદૃષ્ટિ રાખીને, આવી રીતે દાનના જે પૈસા મળે છે, તેનો હું વહીવટ કરું છું. એટલા માટે આ તમને કહું છું કે તમને પણ વિશ્વાસ બેસે કે **મોટા**ને આપીશું તો વાંધો નથી, પણ છેલવેલ્લું કામ છે અને તમે બધાં કૃપા કરી અને આમાં મને પેટ ભરીને આપજો. **મોટા,** પેટ તો તમારું ભરાય એવું નથી. ભરાય છે ભઈ. તમે આપજો તો ખરા. કે **મોટા** દર વર્ષે આપવાનું ? દર વર્ષે તમારે ઘરે પ્રસંગ નથી આવતા ? તો દર વર્ષે ખરચ મારા કરતાં ઘણો વધારે. તમારાં છૈયાંછોકરાં.... આ તે.

## *મોટાની* આગાહી—પૈસો કલમને ગોદે જશે

દેશ પહેલો છે. તમારા સંસાર અને ગૃહસ્થાશ્રમ કરતાં દેશ પહેલો છે. આજે ભલે તમારા ખ્યાલમાં ન આવે પણ એ હકીકત છે. આ દેશ ના હોત તો આપણે ક્યાંથી હોત ? આપણા અણુયે અણુમાં આપણો દેશ છે. આપણા દેશની ભાવના છે. ત્યારે એ વિચારજો ભઈ સાહેબ.

કાળ એવો આવે છે કે એકલા સંસારનું તમારા સ્વાર્થનું વિચાર્યા કરે હવે નહિ ચાલે. ત્યારે શું ચાલશે આમાં ? નહિ વિચારીએ તો શું થશે આમાં ? તો એ મારે કહેવું નથી ભઈ. મારો ધર્મ કાંઈ બિવડાવવાનો નથી. ડરાવવાનો નથી ભાઈ.

આ તો સાચી હકીકત. તમારે એક વખત સાહેબ. બહુ જૂના કાળની આ વાત કહું. જયાબહેન જાણે છે. સાયલામાં હતો. રાજદરબારમાં જમવાનું હતું સાહેબ. મારા મિત્રની સાથે. કે ચાંદીના થાળ અને રોટલા આવે. અને એક બટકું લઈએ ત્યાં તો રોટલા ઉપાડીને પેલો માણસ લઈ જાય. અલ્યા ભઈ, મેં કહ્યું ખાવા તો દે. તો કહે નહિ, આ તો લઈ જવાના. તમોને તાજો તાજો જ આપવાનો. પાછો અંદર ખાડો હોય. રોટલાની અંદર બાજરીનો તો ભરી દે ઘીથી. અલ્યા આટલું બધું ? તો કે એ તો ખાવું જ પડે. પાછો લઈ જાય. એક બટકું ખાધું હોય તોપણ લઈ જાય. આટલા બધાંને શું કરશો ભઈ ? આ બધાં માણસો છેને તે ખાશે.

ત્યારે મેં કહ્યું ભઈ, આ બધો ખરચો થાય છે ને આ બધા સારી રીતે થોડા કાળને માટે છે. કરી લો. ભોગવી લો બધું. આ બધું જ જશે. શું કહો છો **મોટા** તમે ? મેં કહ્યું, હા, સાહેબ, સાચું કહું છું ત્યારનો હું કહું છું કે કલમને ગોદે જશે ભઈ. આ તો ૧૯૪૩ કે ૧૯૪૪ની એવી સાલની વાત છે, સાહેબ.

ત્યારથી કહેતો આવ્યો છું કે આ કલમને ગોદે જશે, તે મારા બેટા તમે સહન કરશો. તેના કરતાં આ પરમાર્થ કરોને. તે થાય તો કરજો. આ બધાં ઘણાં બેઠેલાં છે. અને આજે પણ આની અંદર બધાં આ પરબીડિયાં પર નામ, ઠામ બધું લખજો અને એક ખૂણે રકમ લખજો. એટલે આ બધાં પડીકાં સાચવીને અમારે રાખવાં પડશે. નીકર ઇન્કમટૅક્સવાળો તો ૬૫ ટકા લઈ લે. મારો તો પ્રાણ જતો રહે. મારાથી આ પ્રજાના પૈસા, મારા ભગવાનના પૈસા સરકારને પણ આપી ના દેવાય. એમાં તમે મદદ કરજો. એટલામાં તો મદદ કરજો.

## પરમાર્થ માટે ચરોતરી ભાષામાં *મોટાની* અપીલ

આ બેઠા છે તે કોઈ ધોતિયાં ખંખેરીને ઊઠી ના જશો. દરેક જણ આપજો. વધારે ના આપતા. રૂપિયો રૂપિયો ના આપજો, પણ કોઈ નાખ્યા વિનાના ના જશો. અને અહીં શાકાહાર કર્યો છે તે બધાં લઈને જશો. પહેલાં બહેનો આવે. વ્યવસ્થિત રીતે બહેનો આવે. એક પછી એક આવે. ભઈ તમે સ્વયંસેવકો રાખ્યા છે ? તો તૈયાર કરો હવે. ઊભા રાખી દો. લાવો લાવો જલદી. ત્યારે આમાં કોઈ બાકી ના રહે. એકદમ ઊઠી ના જશો. ભઈ વાર છે હજુ. હજુ તો મારા મંત્રી સાહેબને પ્રવચન ને જે કહેવાનું છે તે કહેશે. આભારવિધિ કરશે. પછી બધી બહેનો વ્યવસ્થિત આવે.

**આપણે જો સ્વરાજ મેળવવું હશે તો શિસ્ત તો શીખો ભઈ. હુડુડુડુ કરતા બધા ઊભા થઈ જાવ ? અલ્યા પણ શું કરવું છે ? અલ્યા શી ધાડ છે અહીં ? કંઈ આગ લાગી છે ? માટે નિરાંતે બેસી રહેજો. એક પછી એક આવજો, અને કોઈ બાકી ના રહે.** અપવાદ સિવાય. બધાં જ આ કથરોટ પર મૂકજો. મને પગે લાગવાનું કરશો નહિ. અને આરતી છે તે ફેરવવાની. અંદર મૂકજો. આરતી આપવી જોઈએ. હાર તો પહેરાવવો પડે.

એટલે ભાઈઓ અને બહેનોને વિનંતી છે કે દરેક જણ આપજો. ભાઈઓ આટલા બધા છે. ઓહોહો જે બોલી દીધા છે. **એ બધા આપજો. એમ ને એમ ધોતિયું ખંખેરીને ઊઠી ના જશો માટે ચરોતરની ભાષામાં કહું છું ભઈ.** બધાં મને પગે લાગશો નહિ. હા. હું હેરાન થઈશ. વેગળેથી પગે લાગીને જજો. પગે લાગો તો જે ભાવના મેં કહી છે તે મનમાં રાખજો. ભઈ, બંધ કરું હવે ?

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

**(વિદ્યાર્થીઓને ભણાવતાં ભણાવતાં તથા હરિજન સેવક સંઘ, સાબરમતી આશ્રમના કાર્યાલયનું કામ કરતાં કરતાં પૂ. શ્રીમોટાની સાધના કેવી રીતે ચાલુ રહેતી, તે અંગે જિજ્ઞાસુએ કરેલી પ્રશ્નોત્તરી.**

**જિજ્ઞાસુ : મોટા,** તમે લખો છો કે તમે.... માં રહેતા ત્યારે સાધનાભ્યાસમાં રહેતા. પણ બધું કામ કરતા હોવ, પહેલાં તો એમ ખબર કે તમે વિદ્યાર્થીઓને ભણાવતા પણ ખરા. ત્યારે એમ ભણાવતા કરતા ને તમે સાધનાભ્યાસમાં રહો એ કાંઈ મનાય એવું લાગતું નથી. એટલે તમે ફોડ પાડીને ચોખ્ખી વાત કરો. કાંઈક સમજાય.

વળી, તમે સાબરમતીમાં ગાંધીજીના આશ્રમમાં રહેતા ને કાંઈ કામ કરતા હતા. હિસાબનું કામ કરતા હતા. એમ કરતા વાતચીત કરતા બધું કામકાજ ઘણું કરતા. ત્યારે તે વખતે શી રીતે સાધનાભ્યાસમાં રહેતા હતા! અને બધું તમે લખો છો કેવી રીતે ? અમારા કાંઈ માન્યામાં ન આવે તો પછી અમારો દોષ નહિ.

## *મોટાની* દૃષ્ટિ—શિક્ષણ અંગેની—
## વિદ્યાર્થીઓ પોતાની મેળે શીખે

**શ્રીમોટા :** ભઈ, તમારો દોષ શું કરવા મારે કહેવાનો ? હું ક્યાં કહું છું કે મારો દોષ હું માનતો નથી, પણ તમને સમજાવું જો તમે સમજો તો. તો કહો. પછી એમને હું વાત કરતો. ભઈ મારી પાસે ત્રણ વર્ગ રહેતા. તે કહે ત્રણ વર્ગ ? મેં કહ્યું, હા. ત્રણ વર્ગ રહે.

હવે મારે એક પદ્ધતિ એવી હતી. ભણાવવામાં પણ મારી નોખી પદ્ધતિ કે Learn by Thyself. દરેક જણ પોતપોતાની મેળે શીખો. શિક્ષક તો એકમાત્ર દ્રષ્ટા તરીકે છે. જેમ આત્મા પોતે સાક્ષી છે, દ્રષ્ટા છે. તેવી રીતે શિક્ષકે રહેવું જોઈએ અને વિદ્યાર્થી પોતે પોતાની મેળે

શીખે. તો જ એને સરસ આવડે. આવી એક મારી માન્યતા, પણ એને મેં એવી રીતે અમલમાં મૂકી તે તમને કહું.

કે દરેક વાંચનમાળા હોય. તે બધી વાંચી જઉં. વાંચી જઈને પછી તેમાંથી જોડણીના અઘરા અઘરા અક્ષરો ખોળી કાઢું અને લખી લઉં અને ૩X૩ ત્રણ ફૂટ બાય ત્રણ ફૂટ એવું ચોરસ પૂઠું જાડું લઉં. જાડું પૂઠું લઉં ને એને સરસ જાડો કાગળ લગાડી દઉં. ગુંદર લગાડીને સરસથી. પછી એને લીટીઓ દોરું. એટલે એક આમ આ ઊભી અઢાર અને આડી અઢાર એવી લીટીઓ દોરી દઉં એટલે ખાનાં પડી જાય. એકમાં અઢાર અક્ષર. બીજામાં અઢાર અક્ષર★ એટલે ૧૮X૧૮ એટલે અઢાર અઠ્ઠા ચૂંવાળીસમો અને અઢાર ને ચૌદ બાવીસ. ને દસ બત્રીસ. ત્રણસો ને ચોવીસ શબ્દો થાય. એટલે જોડણીના દરેક વાંચનમાળાના ત્રણસો ને ચોવીસ અક્ષર. અઘરા અઘરા આવી જાય. એક પણ બાકી ના રહે. એવી ત્રણેય ચોપડી. ત્રણેય વાંચનમાળાનાં ત્રણેય પૂઠાં તૈયાર કરી દઉં. પછી એક વર્ગ હોય. સવારમાં મારી મેળે જઉં. તો પ્રાર્થના તો ખરી જ. પ્રાર્થના વગેરે કરી લઈએ કે પછી અમારું કામ શરૂ થાય અને વર્ગમાં એકાદ.... જો હોય તો મને પણ ફાયદો થાય અને .... વિદ્યાર્થીઓને પણ આવડે. એટલે વિદ્યાર્થીઓને કહી દઉં કે જુઓ આમાં. આ પાટિયું માર્યું છે. આ શબ્દોનું બોર્ડ છે. તે તમે એ પ્રમાણે જોડણી કરીને તમારી પાટીમાં લખો. અમારે ત્યાં નોટબોટ નહિ. એટલે તે સ્લેટ આવેને. એટલે સ્લેટમાં તમે લીટી દોરીને બધા અક્ષર લખો. જોડણી મોઢે કરી કરીને. તે એક વર્ગ તો એમાં થઈ ગયો. બીજા વર્ગને સોંપું ગણિત. જે હોશિયાર છોકરો હોય ગણિતમાં એને કહું. આખું આ ગણિત લો અને આ મનોયત્નમાં ૨૦ દાખલા છે. તે વીસે કલાકની અંદર તમે કરી જવાના. જેને ના આવડે તે આ ભાઈને પૂછે. બીજો વર્ગ એવી રીતે. ત્રીજા વર્ગને નકશો સોંપી અને ભૂગોળની ચોપડી આપી નકશામાં જોવાને

★ શબ્દ

કહું. એ દરરોજ પછી સવારમાં બદલ્યા કરું, પણ પોતાની મેળે જ વિદ્યાર્થી શીખે.

પાઠ હોય વાંચવાનો અને નવો ચલાવવાનો. કે ભઈ તમે વાંચી જાવ. વાંચીને પછી પાટીમાં લખો. કે આ શું. આ પાઠમાં આજે નવું શું તમે ધ્યાનમાં તમારે શું હોય તે લખો. પછી કોકને આ કે ભઈ અંદર જોઈને તમે પાઠમાં જોઈને દસ લીટી સારા અક્ષરે લખો. અક્ષરો સારા આવે એને માટે. કે દરેક જણ સારા અક્ષરે દસ લીટી જોઈને લખી લાવે. તેવી રીતે ત્રીજા વર્ગને એવું બીજું કામ સોંપું. એટલે દરેક વર્ગ પોતપોતાની મેળે પોતાનાં કામમાં પરોવાયેલા રહે ને હું મારી મેળે ત્યારે મારાં હું ભજન ગાવું. મહીં મહીં તો ધ્યાનાવસ્થા પણ થઈ જતી. બેભાન થઈ જઉં હું. ભજન ગાતાં ગાતાં મને સમાધિ થઈ જતી. ભજન ગાતાં ગાતાં. આ હેમંતભાઈએ જોયેલી. બોદાલ આશ્રમમાં એ અને અમે સાથે. પછી તો ત્યાં તો કોઈ મળે નહિ.

નડિયાદમાં તો કોઈ હતા નહિ. હું હેડ માસ્તર. એટલે મારા વિશે કોણ ફરિયાદ કરે ? પણ તોય કોકે લખેલું. એટલે હેમંતભાઈ એક વખત આવેલા. જોયેલું. પણ બધાને એમણે તો ડિક્ટેશન લખાવ્યું. આ બધા શબ્દો લખાવ્યા. ગણિત લખાવ્યું, બધાંનું ખરું. કે સાલું આ તો અમારા કોઈ ઠેકાણે આવું તો અમે જોયું નથી. તે મંત્રી હતા ત્યારે. ત્યારે તો હું ચૂનીભાઈ ભગત કહેવાતો. **મોટા** તો હમણાંનો થયો. કહે કે ભઈ, આ તો તમારો અભ્યાસક્રમ તો છોકરાઓનો બહુ સુંદર છે. એક પણ શબ્દ ખોટો પડે કેવી રીતે! તે રોજનો કેટલોય મારો એને. અઠવાડિયામાં ત્રણ વખત તો પેલા બધા શબ્દો લખી જ જવાના. અને આ જ્યારે હેમંતભાઈ આવ્યા ત્યારે પેલાં પાટિયાં ઊંધાં મારી દેવાનાં. ઊંધાં કરી દઉં. નહિ તો કહેશે કે આ જોઈને લખી લીધા. શું કહ્યું ? એટલે રોજ દરેકે પોતાની પાટીમાંથી જોઈને એણે ડિક્ટેશન લખવાનું જ. વીસ લીટી પંદર લીટી દરેકે લખી લાવવાનું. સારામાં સારા અક્ષરે. ગણિત

રોજ ગણવાનું. ભૂગોળ ગણવાની. કોઈ બાકી નહિ. કે આ પ્રમાણે. આ જ એક એક લેસન થોડા વત્તા પ્રમાણમાં દરરોજ વિદ્યાર્થીએ કરવાનું, કરવાનું ને કરવાનું. અને પછી પાછું વિદ્યાર્થીઓ માંહોમાંહે પૂછી લે કે બોલો ભઈ, ઇતિહાસમાં આજે આટલું આપણે વાંચ્યું. તો તને કેટલું યાદ રહ્યું ? તો તું બોલ. હું બોલી જઉં. એમ પાછા બબ્બે ત્રણ ત્રણ જાણે કે આઠ છોકરા હોય વર્ગમાં તો ચચ્ચારની બે ટુકડી પાડી દઈએ. અને બધાને એકબીજાને પૂછી લે. એટલે એ પાછું પાકું થાય. એવી રીતે દરેક વિદ્યાર્થી પોતે પોતાની મેળે શીખે અને ભણે. એવો મારો કાર્યક્રમ રહેતો.

## વિદ્યાર્થીઓ પોતાનો કાર્યક્રમ પોતાની મેળે જ ગોઠવે

દરેક વિદ્યાર્થી પોતે પોતાની મેળે શીખે, ધ્યાન રાખે, એકાગ્ર થાય. એ ક્યારે બને ? જેને એ રસ પડે. એટલે હું એવી રીતે કાર્યક્રમ બધા ગોઠવતો અને વિદ્યાર્થીઓ જાતે જ પોતાનો કાર્યક્રમ નક્કી કરે અને પોતે પોતાનામાં મસ્ત રહે અને એને રસ પડે એવી રીતે જ વિદ્યાર્થીઓને... આખું આયોજન થતું.

એટલે એક વર્ગ છે તે એક વર્ગને દરેક વાંચનમાળા હોય તે દરેક વાંચનમાળામાંથી અઘરા અઘરા જોડણીના શબ્દો હું નક્કી કરી લઉં. ખોળી ખોળીને. પછી એને મોટા એક પૂઠા પર ૩X૩. ૩ ફૂટ પહોળું અને ૩ ફૂટ લાંબું એવા પૂઠા ઉપર અઢાર આંકા પાડી આડા અને ઊભા એવી એક... એક લાઇનમાં અઢાર શબ્દો માય. એટલે ૧૮ ને ગુણ્યા ૧૮ હોય તો ૩૨૪ શબ્દો થાય. એવા એક આખી વાંચનમાળામાંથી અઘરી અઘરી જોડણીના ૩૨૪ શબ્દ હું લખું, ખોળી કાઢું અને તે પેલા પૂઠામાં સારા અક્ષરે લખું. એટલે દરેક ત્રણ વર્ગના વાંચનમાળામાંથી એવા ત્રણસો ચોવીસ જોડણીના અઘરા અઘરા શબ્દો પેલા મોટા પૂઠા ઉપર સારા અક્ષરે હું લખું અને પછી પૂઠું વર્ગમાં મૂકી રાખું. એટલે એક વર્ગ છે તે પેલા અક્ષરો જે શબ્દ મેં લખ્યા હોય પૂઠામાં એ પ્રમાણે જોડણી મોઢેથી બોલી અને એ

લોકો પોતાની પાટીમાં લખે. અને એકબીજાને આખી પાટી પૂરી થઈ જાય એટલે એકબીજાને બતાવી અને ભૂંસી નાખીને ફરીથી લખે. એટલે એક વર્ગ આખો એક આ શબ્દો લખવામાં પ્રવૃત્ત થાય. બીજા વર્ગને એવી રીતે ગણિતમાં રાખું. તે ગણિત આવે તો પહેલાં એને એની મૅથડ એટલે કેવી રીતે હિસાબ થાય કે કેમ થાય બધું એની મૅથડ શિખવાડી દઉં. અને પછી છે તે જે વર્ગનો હોશિયાર વિદ્યાર્થી હોય તેને એની જોડે બીજા વિદ્યાર્થી કે ભઈ જો આ મનોયત્ન છે. ૨૦ દાખલા છે. આજે આપણે આખા આજે આપણા વખતમાં ૨૦ દાખલા દરેકે પૂરા કરવાના છે. અને જેને ના આવડતો હોય તો તેને પેલો હોશિયાર વિદ્યાર્થી શિખવાડે. અથવા તો બીજા વિદ્યાર્થી જે કરી રહ્યા હોય તે વીસે વીસ દાખલા. દરેક વિદ્યાર્થીએ રોજ ને રોજ કરી જાય એવો નિયમ રાખવો. એટલે એક વર્ગ છે તે શબ્દ લખવામાં પરોવાયેલો હોય, બીજો ગણિતમાં કે ત્રીજો, ત્રીજાને છે તે નકશો લઈને ભૂગોળનું કામ સોંપું. એટલે દરેક વર્ગ પોતપોતાની રીતે પોતાના અભ્યાસમાં એકધારા પરોવાયેલા.

## વિદ્યાર્થીઓ પોતાની રુચિ પ્રમાણે રોજિંદો અભ્યાસ કરે

ત્રણ વર્ગ પણ એક જ નાનો ઓરડો. એની અંદર બધા છોકરાઓ હોય. તોપણ શાંતિ રહેતી અને દરેક વિદ્યાર્થી પોતપોતાની મેળે જ નક્કી કરતા. પોતાનો અભ્યાસક્રમ પણ એમની મેળે નક્કી કરે. એવી રીતે ટાઇમટેબલ રાખું નહિ. જો વિદ્યાર્થી એમ કહે આજે અમારે આખો દિવસ ગણિત જ ગણવું છે તો ગણિત જ ગણો. કોઈ કહે આજે અમારે શબ્દો જ પાકા કરવા છે તો શબ્દો પાકા કરે. કોઈ કહેશે આજે અમારે કવિતા જ મોઢે કરવી છે તો કવિતા મોઢે કરે. વર્ષને છ માસને કે ત્રણ માસને અંતે જેટલો અભ્યાસક્રમ સામાન્યપણે થવો એટલો થવો જોઈએ. એ નિયમ હું મારા મનથી રાખતો, પણ નિત્ય રોજબરોજનો જેને ફિક્સ્ડ નક્કી

કરેલો એ કોઈ ધારાધોરણ મેં નહિ રાખેલું. વિદ્યાર્થીની પસંદગી પર બધું નક્કી કરી રાખેલું.

એટલે આ રીતે ત્રણેય વર્ગ પોતપોતાની રીતે પરોવાયેલા હોય, એટલે હું પોતે મારા પોતાના જ સાધનમાં ત્યારે. હું ભજન ત્યારે લખ્યાં કરું. પ્રાર્થના કરું. આત્મનિવેદન કરું. મહીં મહીંથી ભજન ગાતાં ગાતાં વર્ગ ચાલતો હોય તોપણ મને ભાવાવસ્થા થઈ જતી. નિશાળમાં ઘણીવાર. અને આશ્રમ ચલાવતો ત્યારે હેમંતભાઈ મારી સાથે હતા. એમણે ઘણીવાર એવું જોયેલું.

એટલે આવી રીતે કેટલાક ફરિયાદ કરતા ખરા, કે આ ચૂનીલાલ ભગત છે. એ તો કાંઈ ભણાવતા નથી, ને ભજનો ગાયા કરે છે, પણ આવીને કોઈ પણ ઉપરી અમારા મંત્રી સાહેબ આવીને તપાસ કરી જાય તો મારે ત્યાં વિદ્યાર્થીઓનો કોઈનો એક અક્ષર પણ એક શબ્દ સરખો ખોટો પડે નહિ. એક શબ્દ કહો, કારણ કે અઘરામાં અઘરા જોડણીના શબ્દો હોય તે તો રોજબરોજના અઠવાડિયામાં ત્રણવાર તો એને લખવાના જ. એટલે એને તો ખોટા પડે જ નહિ અને રોજ ને રોજ ડિક્ટેશન એટલે ચોપડીમાં જોઈને સારા અક્ષરે પંદર લીટીઓ દરેક જણે લખવાની, લખવાની ને લખવાની જ. આપણે નિશાળામાં ના લખાય તો ઘેર લખીને લાવો પાટીમાં. બેઉ બાજુએ. એટલે એવો પાકો નિયમ કરેલો એટલે એને ચોપડીમાં જોઈને કોઈ લખાવે પરીક્ષા લેવા આવનાર તોપણ સાચું, ખરું પડે. ગણિત પણ બધાંને આવડે. દરેક એમ નહિ કે ત્યાં બેસીને દરેકે દરેક રોજના એકેએક મનોયત્ન રોજના ૨૦ દાખલા કરવાના ને કરવાના. તે એમાં મીનમેખ ફરક નહિ. ભૂગોળ તો દરેકે જેને બધું બતાવેલું હોય તે દરેક એને પોતે જાતે દરેક વિદ્યાર્થી કોક એક દિવસ આનો વારો, એક દિવસ આનો વારો, આનો વારો. એ દરેકનો વારો વારાફરતી આવી જાય. બધાં શહેરો, નદીઓ વગેરે પહાડો બધે ક્યાં આવ્યાં છે, તે બધાંને ખબર એટલે ગમે તે પૂછેને તો તરત કહી દે.

એટલે એવી રીતે અભ્યાસમાં પણ વિદ્યાર્થીઓ બહુ આગળ રહેતા. અને પોતે પોતાની રીતે પરોવાયેલા હોય. હું મારા ભજનમાં. કેટલીકવાર ધ્યાનમાં પણ જઉં. મને વાંધો નહિ. મારું તો છોકરાંઓ ભણતરમાં હોશિયાર થાય અને એમનો અભ્યાસ ન બગડે. બલકે અભ્યાસમાં આગળ ને આગળ ઊંચા રહે એ મારી નેમ હતી. ટેક હતો. તે પ્રમાણે બધું ચાલ્યા કરતું. અને આવી રીતે હું મારા સાધનમાં રહેતો.

જેમ આગળ મને જે ભાઈએ પ્રશ્ન કરેલો કે ભઈ, **મોટા,** તમે કહો છો હું સતત સાધનાભ્યાસમાં રહેતો. તે તમે આવા વર્ગો ચલાવતા ને તમે કહો છો. ત્રણ વર્ગો છે મારી પાસે તે કેવી રીતે બને ? એના જવાબમાં મેં આપ્યું.

## હરિજન સંઘના કાર્યાલયમાં કામ કરતાં કરતાં સાધના

પછી બીજો સવાલ એણે પૂછ્યો કે એ બધું ઠીક છે **મોટા.** આ તો સમજાય એવી વાત, પણ તમે મંત્રી હતા ને ગાંધીજીના આશ્રમમાં રહેતા ત્યારે તમારે ઘણાં બધાં કામો કરવાનાં હતાં. ટાઈપ કરતા હતા. આ બધી સિલક રાખો. પછી હિસાબ લખો, વાઉચરો લખો, ફાઈલો કરો, ડ્રાફ્ટિંગ કરો. લોકો આવે તેની સાથે વાતચીતો કરવાની. બીજી સંસ્થાઓના હિસાબ નોંધ કરવાના. આ બધું કામ હતું. તે વખતે તમે નિશાળની આ તો તમે બધી વાત તમે સમજાવી હતી. તે સમજણ પડી. વર્ગની તો. અને તે માની શકાય એવી વાત છે.

પણ આ તમે એમાં રહેતા હતા ને નરહરિભાઈ હતા ને બીજા બધા હતા, ત્યારે એ લોકોએ કેમ આ બધું ચાલવા દીધું ? તમે કેવી રીતે સાધનાભ્યાસમાં તેમાં રહેતા હતા ? મેં કહ્યું, તને એ વાત સમજાવું. સમજણ પડે તો.

કે મને ભઈ જેની લગની લાગી હોય, જેને ગરજ લાગી હોય, જેને સ્વાર્થ ઘણો લાગ્યો હોય, તે હંમેશાં Predominant

આપણા માનસમાં રહે. જેની આપણને તલપ લાગી હોય, ગરજ લાગી હોય, જેમાં આપણને ઘણો રસ હોય, તે આપણા મગજમાં, આપણા મનમાં Predominant—મોખરે રહે એ વાત સાચી છે. પણ મેં કહ્યું, આ બધું કર્યા કરું. મારી વાત મારાં ભજન કરતો હોઉં તે બધો ગણગણાટ કરું. બોલ્યા કરું.

કેટલીકવાર તો પરીક્ષિતભાઈ મને કહે **મોટા**—ચૂનીભાઈ. ત્યારે તો **મોટા** કોઈ કહેતું નહિ. ચૂનીભાઈ મને કહેતા, અથવા તો ચૂનીભાઈ ના કહેતા તો ભગત કહેતા, કારણ કે મારી અટક ભગત. અમારી પાછળ નાનકડો ઓરડો. અંદર સામે પરીક્ષિતલાલ બેસે એની સામે હું બેસું. તે પછી તો ... અને કોઈ બોલે.. કોઈ મારી ટીકા કરે તો હું ગાંઠું નહિ કાંઈ. હું ત્યારે .... *'હાથી ચલત હૈ અપની ગતિ મેં.'* હું તો બીજું એમ તો નહિ કહું, *'કૂતર ભૂકતવા તો ભૂકવા દે.'* એમ તો નહિ કહું, કારણ કે એને Disturbance થાય એ વાત સાચી. હું બોલ્યા કરું ભજન અને એને કામમાં હોય તો એની એકરાગતા અથવા તો એમાં એને શાંતિનો ભંગ પડે એ સાચી વાત. આપણે કબૂલ કરવી તમારી વાત.

પણ મને આ ટેવ પડી ભાઈ. આ કુટેવ છે. તમે માનો નહિ પણ એ મારું ચલાવ્યે રાખું. પછી તો ધીરે ધીરે બધું રાગે પડી જાય. ટાઈપ કરતો હોઉં તોપણ ભજન ગાવું. ભજન જોડું. બનાવું. પ્રાર્થના કરું. બોલું. બધું કરું. તે કેટલીકવાર બીજા કહે કે અરે! ચૂનીભાઈ તમને ટાઈપમાં ભૂલો આવશે. કેટલી પંચાત પડે બધી. મેં કહ્યું, ભાઈ, હવે તમને શું જવાબ દેવો ? તમે થઈ જાય ત્યારે જોજો, પણ કામમાં ભગવાનની કૃપાથી મને વાંધો નથી આવતો.

એકાગ્રતા હોય છે. ત્યારે એકાગ્રતા એ પણ એવી વસ્તુ છે. જેમ વૃત્તિ થાય આપણને કે વૃત્તિ ગતિશીલ છે. ગતિશીલ છે. Active છે. સર્જનશીલ છે. ને ક્રિયાશીલ છે. જે પરત્વેની જેવી ગતિ થઈ તે તેને એ સાકાર કરે. જો વૃત્તિનું એવું છે તો ભગવાનનું પણ એવું જ છે.

## ગરજવાળી સ્વાર્થવાળી બાબતમાં આપમેળે ધ્યાન રહે છે

એટલે આમ હું ત્યાં મથ્યા કરતો ભઈ. તે મારા મગજમાં એ હોય તે ચાલ્યા જ કરે. પ્રત્યેક કામ હોય તોપણ. કેટલાક સવાલ પૂછે કે ભઈ **મોટા,** આ વાત તમે કહો છો તે ભઈ માન્યામાં આવતી નથી. કે આ બધું કર્યાં કરતાં તમારું બધું અંદર ધ્યાન રહેતું હતું. તે કાંઈ માન્યામાં આવતું નથી ભઈ. તમારી આ અતિશયોક્તિ લાગે છે.

મેં કહ્યું, ભઈ, શ્રીમદ્ રાજચંદ્રે પ્રયોગ કરીને બતાવ્યું છે કે એકી વખતે માનવી ૧૦૮નો વિચાર કરી શકે છે અને આ વાત તમે ના માનો તો સંતબાલજી હજુ જીવતા છે. એમણે આ પ્રયોગ કરેલા. પછી કહે કે આ તો અહમ્ વધારનારી વસ્તુ છે. આપણે છોડી દો. એમ કરીને એમણે છોડી દીધેલું. પણ આ વાત સાચી છે.

ભઈ એ તો હશે **મોટા** પણ હવે તમે કહો છો તે કાંઈ માન્યામાં આવે એવી વાત નથી. તમે મને ૧૦૮માં તમારું મન રહી શકે છે એ પ્રયોગ તમે કાંઈ કર્યા નથી. મેં કહ્યું, મારે કરવાની જરૂર નથી. મારે કોઈને સાબિત કરી આપવાની જરૂર નથી. પણ ના, ના, **મોટા** એમ નહિ પણ Rationally બુદ્ધિ સ્વીકારી શકે એવી કાંઈ વાત કરો. તો તેવી વાત કરીએ. લેને ભાઈ.

મેં કહ્યું, તમે કામમાં હોવ અને તમારી તિજોરીમાંથી તમારે પૈસા કાઢવાનું કામ આવ્યું ને પૈસા કાઢ્યા અને પછી કાંઈક ભૂલ-બૂલમાં તમારી ચાવીઓ કાંઈક આડીઅવળી મુકાઈ ગઈ. અને પછી ખ્યાલ આવ્યો કે... ચાવીઓ ક્યાં ગઈ ? ખોળાખોળ કરો પણ મળે નહિ. એટલામાં પાંચ માણસો આવ્યા તો પછી એની સાથે તમારે વાત કરવી પડે, પણ એ વાત કરવામાં પરોવાયેલા હોવ તોપણ પેલી ચાવીઓ, તિજોરીની ચાવીઓની વાત તમારા મનમાં ને મનમાં રહેશે. એ તમે પૂછો. કોઈને પૂછો તો તે કહે, **મોટા,** એ વાત તો સમજાય એવી છે.

એ વાત જે છે મહત્ત્વની, મોખરે. ચાવીઓની વાત તમારા મગજમાં Predominantly મોખરે રહે છે. પેલાની સાથે વાતચીત કરો છો, પણે એક દુકાનનું કામ આવ્યું તોપણ કરો છો, ટપાલ આવી, તોપણ વાંચો છો પણ પેલી ચાવીની વાત તે વખતે તમારા મનમાંથી જતી રહેતી નથી, તો કહે **મોટા,** આ દાખલો તમારો બરોબર છે. તો એવી રીતે ભઈ મને ઘણી ગરજ હતી. ઘણો સ્વાર્થ આનો હતો. એટલે મારા મનમાં એ જ રમ્યા કરતું. અને હું આ બધાં બહારનાં બીજાં કામ સરસ કરતો.

## શ્રી ઠક્કરબાપા અને શ્રી પરીક્ષિતલાલની પ્રસ્તાવનાઓ *મોટાનાં* કર્મોની આરસીઓ છે

અને તમારે ન મનાય એમ હોય તો ઠક્કરબાપાની 'કર્મગાથા'માં મારી પ્રસ્તાવના એમણે લખી છે તે જુઓ. પરીક્ષિતલાલે લખી છે તે જુઓ. મારા ગુરુમહારાજે કહ્યું, અલ્યા આમની તું પ્રસ્તાવના લે. અરે મેં કહ્યું. આમાં આ 'કર્મગાથા' તો મેં કર્મ કેવી રીતે ભગવાનને માર્ગે જઈએ, ત્યારે કેવી રીતે કર્મ કરાય એના વિશે આખું શાસ્ત્ર લખ્યું છે, તે આ ઠક્કરબાપા તો નહિ એના પર તો એમાં. તો કહે નહિ તું લે. તો પછી એ બધી આખી વાંચી ગયેલા. ઠક્કરબાપા પાછા એમ ને એમ લખે નહિ. એવા માણસ એ. એક અક્ષર વધારે પડતો કોઈ દિવસ બોલે નહિ એવા માણસ. શબ્દ વાપરવામાં કંજૂસ. તે લીધી મેં. અને એ પણ રાજી થયા. અને પરીક્ષિતલાલ પાસે લખાવી લીધી. ભઈ, **મોટા** મને આ કાંઈ વિષય નહિ. મારે તો હરિજનની સેવાનો વિષય. આ તમે બધું મારી પાસે લખાવો. મેં કહ્યું, ભઈ, કાંઈ કારણસર લખાવું છું. લખો તમે. જે લખવું હોય તે લખોને તમે. તમારી પાસે આટલાં બધાં વર્ષ રહ્યો. એ તમને જે સમજણ પડી હોય તે લખો મારા વિશે. મારે એમ નથી કહેવું મારા વિશે સારું લખો, પણ તમને મારી છાપ તમારા દિલમાં જે પ્રકારે જે પડી હોય તે લખો. એમણે પણ લખ્યું. તે

આજે કોઈને કહેવા પડે છે, કે ભઈ કેવી રીતે કામ કરતો હતો તે જુઓ આ ઠક્કરબાપાએ લખ્યું છે.

## ભક્તિની એકાગ્રતા ગતિશીલ છે

ત્યારે જે ભગવાનને માર્ગે જાય છે એની જે એકાગ્રતા જામે છે, એ એકાગ્રતા કાંઈ એકમાં કુંઠિત થઈને એકમાં ને એકમાં પરોવે છે એમ નથી. એ એકાગ્રતા છે તે એકમાંથી બીજામાં પસાર થતી ગતિશીલ છે. એ એકમાં જ એકાગ્રતા રહેતી નથી. એ એકાગ્રતા બીજા વિશે આપણને પ્રેરે છે અને ત્યાં પણ આપણને એકાગ્ર કરે છે. તેમ છતાં આપણા મૂળ વિષયમાંથી પાછી હઠતી નથી. એ એની ખૂબી છે.

એટલે મૂળ ભાઈએ મને સવાલ પૂછ્યા હતા. તેને મેં આ રીતે ઉત્તર આપ્યા હતા. અને એ લોકોને સંતોષ પણ થયો. **મોટા,** તમે સારા મને જવાબ આપ્યા. ઉડાડી ના દીધો મને.

હવે આ પ્રશ્ન પૂરો થાય છે.

## મોટાનાં ભજનો કર્મ, જ્ઞાન ને ભક્તિનો નિચોડ છે

આ ભજનો જે લખાયેલાં છે. તેનું સાહિત્યની દૃષ્ટિએ બહુ મૂલ્યાંકન નથી. સાહિત્યનો મને કાંઈક અભ્યાસ ખરો. અને સાહિત્યની કાંઈ સમજણ પણ ખરી. કાવ્યની સમજણ પણ ખરી. કારણ કે બી.એ.માં ભણતો, ત્યારે મારો વિષય ગુજરાતી હતો. ગુજરાતી ઑનર્સ મેં લીધેલું. એટલે મને સમજણ તો પડે, પણ મારો નિયમ છે અને મારા ગુરુમહારાજનો મને હુકમ છે કે તારે એવું લખવું કે જે બધા સામાન્ય ભણેલા અને ન ભણેલા માણસોને પણ સમજણ પડે. એ હિસાબે તારે લખવું. એને હું મૂળથી વળગી રહેલો. જ્યારથી લખવાની શરૂઆત કરી ત્યારથી આ નિયમને હું વળગી રહેલો છું અને આ ભજનો પણ એવી રીતે સરળતાવાળાં લખાયેલાં છે, કે જેથી સામાન્ય માણસોને પણ સમજણ પડે. એવી

રીતે આ લખાયેલાં છે. એટલે આ ભજનોને હું કાંઈ કાવ્ય ગણતો નથી. જોડકણાં છે.

શ્રેયાર્થીને આમાંથી ઘણું સમજવાનું મળશે. બીજું કોઈ ભગવાનને અનુભવવાને માટે હૃદયથી ખરેખરી જહેમત ઉઠાવતું હશે, તેને આમાંથી સમજવાનું તો ઘણું મળશે એટલું જ નહિ આ બધી સાધનાની રીતરસમો જે છે તે મેં લખેલી છે. કેટલાંક ગૂઢ સાધનો છે એનાં વિશે મેં ઉલ્લેખ કર્યો નથી. **એ ગૂઢ સાધનો મેં કરેલાં છે ખરાં, પણ એના વિશે લખવું નકામું છે, કારણ કે અમુક કક્ષા સુધી અમુક ભૂમિકા સુધી ગયા ન હોઈએ અને અમુક પ્રકારની યોગ્ય શુદ્ધિ થયેલી ન હોય તો એ ગૂઢ સાધનો થઈ શકે નહિ.**

એ તો તેવા પ્રકારની આપણી ભૂમિકા થઈ હોય, પરિપક્વ ભૂમિકા થઈ હોય તો જ એ ગૂઢ સાધન આપણાથી થઈ શકે. ધારો કે કોઈની ભૂમિકા થઈ હોય તોપણ એવાં ગૂઢ સાધનો તેઓ કરી શકે કે કેમ એ પણ એક વિચારવા જેવો પ્રશ્ન છે. એટલે એ વિશે મેં કાંઈ ખાસ ઉલ્લેખ મારાં આવાં આત્મનિવેદનોનાં ભજનોમાં કરેલો નથી, પણ એ ગૂઢ સાધનો છે. બાકી તો સામાન્યપણે ભજન, સ્મરણ, કીર્તન, આત્મનિવેદન, સમર્પણ, નિદિધ્યાસન, આ બધાં સાધનો મેં કરેલાં, તે તેનો ઉલ્લેખ અંદર આવે છે.

સાધન કર્યા વિના અને એ સાધનનો જે ભાવ છે, સાધનમાંથી પ્રગટતો જે ભાવ તે કર્મ દ્વારા જ સાકાર થશે. એ કર્મ. એટલા માટે **કર્મ સાધકને માટે અનિવાર્ય છે, પણ એ કર્મ પ્રભુપ્રીત્યર્થે. પોતાને માટે નહિ, પણ પોતાના ભાવને સાકાર કરવાને માટે. ભાવને વ્યક્ત કરવાને માટે અને પ્રભુપ્રીત્યર્થે એ કર્મ જો થયા કરે અને એમાં હૃદયનો ભાવ પરોવાયેલો હોય તે માત્ર કોરું કર્મ નથી રહેતું, પણ એ કર્મ યજ્ઞ થઈ જાય છે અને એ કર્મનો ખરેખર રીતે કર્મનો યોગ બની જાય છે. કર્મયોગ થઈ જાય છે.**

એટલે મારા જીવનમાં મેં ભક્તિ તો કરેલી જ છે. મારાં ભજનો

આટલાં બધાં છપાઈ ગયાં છે. આટલાં બધાં ગાયેલાં છે. તે ઉપરથી લાગશે કે ભક્તિ તો કરેલી છે, પણ કર્મ દ્વારા. કર્મ પણ એવી જ જાતનાં ભગવાનની કૃપાથી મારાથી થયેલાં છે. એટલે કર્મયોગ પણ થયેલો છે. અને મારું આ સાહિત્ય પણ વાંચતા કોઈને પણ સમજાશે કે **મોટા**ને જ્ઞાન તો છે. એટલે આનો ત્રિવેણીસંગમ થયેલો છે. એ પણ ભગવાનની મોટી કૃપા છે. એટલી મોટી કૃપા કે જેને સાહિત્યિક ભાષામાં વર્ણન થઈ શકે નહિ. એવી મોટી કૃપા છે.

કારણ કે મારા જેવા સાવ બુડથલને આવું આવડવું જ પહેલાં તો શક્ય ન હતું. નાનપણમાં મને જેણે જોયો હોય અથવા તો હું જ્યારે આશ્રમમાં હતો અને ગુજરાત હરિજન સેવક સંઘનો સહમંત્રી હતો, ત્યારે પણ લોકો મને બોથડ કહેતા, ભોટ કહેતા. તે બધી જાણીતી હકીકત છે, પણ એવા માણસથી ત્યારે મારો વેશ પણ એ જાતનો હતો, કારણ કે મારે નમ્રતા શૂન્યતાની હદ સુધી લઈ જઈને પહોંચાડવી હતી, કારણ કે એ મારા જીવનની કેળવણીનો એક મોટામાં મોટો ત્યારે એક નમ્રતા કેળવવાનો મોટામાં મોટો તબક્કો હતો. અને તેથી બધાંને હું એવો લાગું. માત્ર જ્યારે એ જાતની નમ્રતા કેળવવાનો મારો પ્રયાસ ચાલ્યા કરતો હતો, ત્યારે એ જાતનો ભાવ પણ મોઢા પર પ્રવર્તતો ન હતો. અને એટલે લોકો મને કહે તો તદ્દન વાજબી હતું. એમાં કાંઈ કોઈનો દોષ હું જોતો ન હતો, પણ તે કહેતા તે મને વાજબી લાગતું હતું.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# શ્રીમોટાવાણી : ૮

## પૂ. શ્રીમોટાની ટેપરેકૉર્ડેડ વાણી

### પૂ. શ્રીમોટાનાં વિધાનો ને પરમાર્થની વ્યાખ્યા

(૧) પરમાર્થ એવો હોવો જોઈએ કે સમાજની સમગ્રતાને સ્પર્શે.

(૨) ક્રાંતિ પ્રેરે તે જ ધર્મ.

(૩) ગુણ ને ભાવ વિના ધર્મ ના સંભવી શકે.

(૪) પંચમહાભૂતોથી રચાયેલા સ્થૂળ શરીરનો નાશ થાય છે, ત્યારે સૂક્ષ્મ શરીર નીકળી જાય છે, તેની સાથે ગુણ ને ભાવ બીજા જન્મમાં પણ જાય છે. તેથી ગુણભાવ વિકાસની પ્રવૃત્તિઓનું દાન જ સાચું, શ્રેષ્ઠ દાન છે.

(૫) ગુણ ને ભાવ વિના સમાજ બેઠો નહિ થઈ શકે.

(૬) ગુણ ને ભાવ વિનાની લક્ષ્મી આપણો મૃત્યુઘંટ વહોરે છે.

(૭) મૌન, એકાંત, અભય અને નમ્રતાથી ભગવાન પરત્વેની અભિમુખતા પ્રગટે છે, અંતર્મુખતા પ્રગટે છે. ને આ ચાર સાધનોથી ગુણભાવના પ્રગટે છે.

સંપાદક :

શ્રી રજનીભાઈ બર્માવાળા

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પહેલી આવૃત્તિ)

**મોટા** એમ કહેતા હતા કે, ‘‘મારાં લખાણમાં કૉમા, અલ્પવિરામને પણ આઘોપાછો કરવો નહિ ને ગમે તેટલી વાર એક ને એક બાબતનું પુનરાવર્તન થાય તો તે પણ તેમ જ રહેવા દેવું.’’ આને લક્ષમાં રાખીને શ્રીમોટાની ટેપ-રૅકૉર્ડેડ વાણીને **મોટા** જેમ બોલ્યા છે, તેમ જ મુદ્રણ કરેલ છે, એટલે કે આને કોઈ પણ રીતે મઠારવામાં આવેલ નથી.

આ પુસ્તકની પ્રસિદ્ધિનો મૂળભૂત હેતુ આવી પ્રાપ્ય કૅસેટો કાળના પ્રવાહમાં ખોવાઈ જાય કે નાશ પામે તે પહેલાં શ્રીમોટાની વાણીને ગ્રંથસ્થ કરી લેવાનો.

પૂ. શ્રીમોટાની અન્ય ટેપ-વાણીઓને આ રીતે ગ્રંથસ્થ કરીને પ્રકાશિત કરવાના પ્રયત્ન ચાલુ છે. ***મોટાનું*** **આ કામ કરવાનો મારો એકલાનો કોઈ ઈજારો હોઈ શકે નહિ.** ***મોટાનું*** **આ કામ એ સમાજનું કામ છે. હું પણ એક સામાજિક પ્રાણી છું. તેથી સમાજ પ્રત્યેની મારી ફરજરૂપે આ કાર્ય મેં ઉપાડ્યું છે. તો** ***મોટાના*** **આ કાર્યમાં જે કોઈ કદરદાન વ્યક્તિની ઇચ્છા સીધી કે આડકતરી રીતે સહાયભૂત થવાની હોય તો તે પોતાનો સાથ સહકાર તન, મન અને ધનથી વિના સંકોચે આપી શકે છે.**

સાધક-મુમુક્ષુજનો **પૂ. મોટા**ની આ વાણીમાંથી પોતાના જીવનવિકાસ માટેનું માર્ગદર્શન મેળવે એવી અપેક્ષા છે.

પ્રકાશક

**યશવંત એ. પટેલ**

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

**બહેન ચંદનબહેન ભાવસાર (હરિઃૐ આશ્રમ, નડિયાદની સ્થાપનાની શરૂઆતમાંના પૂ. શ્રીમોટાની નિકટના વીસરાયેલાં એક સેવિકા બહેન)ને સસ્નેહ સમર્પણાંજલિ.**

બહેન ચંદનબહેન ભાવસાર તે સ્વ. શ્રી કુબેરદાસ ભાવસારનાં ભત્રીજી થાય. સન ૧૯૫૪-'૫૫માં આશ્રમની શરૂઆત નડિયાદમાં થઈ, ત્યારથી પૂ. શ્રીમોટાનું અને આશ્રમનું તમામ કામકાજ તેમની ૧૬-૧૭ વર્ષની નાનકડી ઉંમરમાં ઘણા ઉત્સાહ, ઉમંગ ને તરવરાટથી કરતાં.

તમામ કામકાજ કરતાં કરતાં પણ તેમનું હરિસ્મરણ ચાલુ રહેતું. અને ધીર, ગંભીર, હૃદયના ઊંડાણના સાદથી થતું હરિઃૐનું સ્મરણ સાંભળનારના અંતરને ભાવથી ભીનું કરાવે તેવું હતું.

પૂ. શ્રીમોટાનો પડ્યો બોલ ઉપાડવા સદાય તત્પર. પૂ. મોટાને વારંવાર કહેતાં કે, **મોટા**, ભગવાનને પ્રાર્થના કરો કે એ મારામાં એમની શક્તિ, બુદ્ધિ અને ગુણ ભરી દે કે જેથી બધાં કામો સારી રીતે કરી શકું.

તેઓ દેખીતી રીતે ઝાઝું ભણેલાં તો નહિ પણ જીવનઘડતરમાં જરૂરી એવા ગુણો– સદાય પ્રસન્નચિત્તતા અને નિસંગતાથી તેમનું અંતર ભરપૂર હતું. એમના ભીતરમાં એક વૈરાગ્ય હતો ને સેવાની ઊંડી સમજ હતી.

એમની મસ્તી પણ અનોખી ને છાતી પણ ભડવીરની. વહેલી સવારે શેઢી નદીમૈયામાંથી પાણી ભરી લાવવાનું હોય ત્યારે ગજબની સ્ફૂર્તિ ને તાકાત. ઘણીવાર નિર્દોષ ભાવે મારી સાથે વાતો કરે, ત્યારે તેમના હસમુખા ચહેરા પર જીવનને પેલે પારના જગતના પરિચયની લિપી વાંચવા મળે.

એક સંતે કહ્યું,

*''પ્રસન્ન સૌ સ્થિતિમાં રહીએ,*
*પ્રસન્નતા કદી નવ તજીયે.''*

પૂ. શ્રીમોટા સાથે તેઓ જ્યાં જતાં ત્યાં ત્યાં તેમના મઘમઘતા મોગરા જેવા પ્રફુલ્લ વ્યક્તિત્વથી સ્વજનોમાં છવાઈ જતાં ખરાં, પણ તેમાં તે બાબતનો કોઈ સભાન પ્રયત્ન નહિ પણ દૂધમાં સાકર ભળે તેમ સૌ સાથે ભળી જતાં.

આશ્રમમાં જીવનસાધનાના શાંત જોગીની જેમ એ હંમેશાં સેવા કાર્યમાં જ પરોવાયેલાં રહેતાં.

એમનાં લગ્ન શ્રી કુબેરકાકાના દેહાવસાન અગાઉ જ પૂ. શ્રીમોટાએ એમને સમજાવીને ઉમરેઠમાં શ્રી ઈશ્વરભાઈના સુપુત્ર જોડે કરાવી દીધાં હતાં. તેઓ તેમનાં પતિ ને બાળકો જોડે હાલ અમેરિકામાં છે.

*ઝબૂકી જાય અંધારે,*
*દીવો જેમ તુલસીક્યારે.*

(શ્રી મકરંદભાઈ દવે)

અંધારાના કોક ખૂણે ઊભેલા તુલીસક્યારાના દીવા જેવાં બહેન ચંદનબહેન હરિઃૐ આશ્રમ, નડિયાદની સ્થાપનામાં પાયાના પથ્થર બનીને મૂંગી સેવા આપનાર એ પ્રેરણાની પરબમાંથી આપણા જીવનની વાટને સંકોરતા રહીને પૂ. મોટાને દિલમાં જીવતા કરવાનો પ્રયત્ન કરીએ.

હરિઃૐ

**—વૈકુંઠરાય ઉપાધ્યાય**
સી-૪, પૂર્ણિમા સોસાયટી,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫૦૦૭.
મકરસંક્રાંતિ, તા. ૧૪-૧-૧૯૯૪

॥ હરિઃૐ ॥

# વિષય-સૂચિ


૧. મનુષ્યશરીર, મુમુક્ષુત્વ અને મહાપુરુષનો આશ્રય ... ૬૩

૨. ચમત્કાર ........................................ ૬૮

૩. ભગવાનના નામસ્મરણથી કામક્રોધાદિક જાય ? .... ૭૪

૪. પ્રશ્ન પૂછે છે કે પ્રાણાયામ વિશે તમારો શો મત છે ? .... ૭૯

૫. કુંડલિની વિશે ................................... ૮૨

૬. **મોટા**નો અનાગ્રહ ................................ ૮૪

૭. **મોટા**ની આવડત ને વ્યવસ્થાશક્તિ ................ ૮૬

૮. ચેતનામાં નિષ્ઠાવંત થયેલા શરીરધારીનાં લક્ષણો વિશે .. ૮૭

૯. પૂ. મોટાએ પોતાનાં માતુશ્રીને મરણ ટાણે
આપેલાં દર્શન .................................. ૯૨

૧૦. **મોટા**નાં બાનો પુનર્જન્મ ......................... ૯૪

॥ હરિઃૐ ॥

# પૂ. શ્રીમોટાનું મિશન

(૧) આપણા દેશમાં ખેતીમાં, દવાઓમાં, ઉદ્યોગોમાં, દરેક ક્ષેત્રે વૈજ્ઞાનિક ઢબે સંશોધનો થવાં જોઈએ.

(૨) ગુણ ને ભાવ વિકસે ને તેને પ્રોત્સાહન આપે તેવી પ્રવૃત્તિઓ આદરવી જોઈએ.

(૩) મંદિર, દવાખાનાં, હૉસ્પિટલો માટે મદદ તથા દુકાળ રાહત જેવી કોઈ ચીલેચલુ પ્રવૃત્તિઓ નહિ.

(૪) વ્યક્તિપૂજા નહિ કરવી જોઈએ.

(૫) સ્ત્રીઓનું સન્માન થાય – તેમનું ખમીર વધે તેવી પ્રવૃત્તિઓ, કારણ કે ખમીર વિનાની પ્રજા ન તો પોતાનું ભલું કરી શકશે કે ન તો સમાજનું કે ન તો ધર્મ પાળી શકશે.

## દિલ

ખંત, ધીરજ, ઉત્સાહ, સાહસ, હામ સૌ ગુણો,
લાગણી, ભાવના, ભાવ, જેમાંથી પ્રેરણા ફૂટે.

ચિત્વને જે ઉરાડે છે, આકાશગામી ઊર્ધ્વમાં,
એવું જે તત્ત્વ આધારે તેનું જ નામ દિલ છે.

**– મોટા**

**નોંધ :** પાનાં નં. ૬૩ **મોટા**ના અનુગ્રહથી પાનાં નં. ૯૬ સુધીની હકીકતો પૂ. મોટા સ્વમુખે જ વર્ણવે છે, પરંતુ તે બધી હકીકતોની શ્રી નંદુભાઈ રજૂઆત કરે છે, એ રીતે બોલે છે.

॥ હરિઃૐ ॥

# પૂ. મોટાને કરેલા પ્રશ્નો પરથી આપેલા જવાબો દ્વારા થયેલ સત્-ચર્ચાનો અહેવાલ— તેઓશ્રીના જીવનના પ્રસંગો સાથે

## મનુષ્યશરીર, મુમુક્ષુત્વ અને મહાપુરુષનો આશ્રય

**જિજ્ઞાસુ :** શંકરાચાર્ય મહાપ્રભુજીએ એમ કહ્યું છે કે એક તો મનુષ્યનું શરીર, મનુષ્યનું માનવપણું મળ્યું તે પછી મુમુક્ષુત્વમ્ એટલે કે એમાંથી મુક્તિ મેળવવાની જિજ્ઞાસા, ઉત્કટમાં ઉત્કટ જ્વાળામુખી જેવી જિજ્ઞાસા અને ત્રીજો મહાપુરુષનો આશ્રય. આ ત્રણે ત્રણ આપણા જીવનમાં મળે તો ભગવાનનો આપણા પર પૂરેપૂરો સંપૂર્ણ અનુગ્રહ થયેલો છે એમ સમજવું. આના વિશે **મોટા** તમે કાંઈક વધારે વિસ્તરણ કરીને સમજાવો.

**શ્રીમોટા** - હવે પહેલું તો મનુષ્યત્વમ્—આ જે શરીર આપણને મળ્યું છે. મનુષ્યનું જીવન અને આ જે ખોળિયું છે, એ સંપૂર્ણ જીવદશાવાળું એટલે કે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહમાદિ, રાગદ્વેષાદિથી ભરપૂર એવું જે સંપૂર્ણ જીવદશાવાળું સ્વાર્થી જીવન તે મનુષ્યત્વ નહિ.

મનુષ્યત્વનાં પણ લક્ષણ છે—જેનામાં માનવતા પાંગરવા માંડી છે, ઉત્તમમાં ઉત્તમ પ્રકારના ગુણો જેના જીવનમાં પાંગરવા માંડ્યા છે, એવા ઉત્તમ ગુણો જેના જીવનમાં ઝળકે છે, શોભે છે, પ્રકાશવંત એવું મનુષ્યત્વમ્. મનુષ્યત્વ એટલે ગમે તેવું મનુષ્યના ખોળિયાવાળું અનેક સ્વાર્થોથી રંગાયેલું કામક્રોધાદિકમાં સતત જે આસક્તિવાળું છે, એવું મનુષ્યત્વની સમજણ અહીં શ્રી શંકરાચાર્ય મહાપ્રભુજીની નથી.

શંકરાચાર્ય જે લખે છે એ મનુષ્યત્વ કે જેમાં માનવતા પાંગરવા માંડી છે અને જેનામાં અનેક ખૂબ જ ઉત્તમ પ્રકારના ગુણોથી જેનું જીવન મલપતું છે. એટલે કે એવા ઉત્તમ ગુણો વડે કરીને જેનું જીવન દેદીપ્યમાન છે. અને જેનામાં માનવતા પાંગરી છે એવું જીવન તે મનુષ્યત્વમ્.

અને એવા જ જીવનમાં એવું મનુષ્યત્વ જેને મળેલું છે એને જ આ મુમુક્ષુત્વની ભાવના જાગે છે. ત્યારે એક શંકા ઊઠે છે કે અરે ભઈ, તમે તો દીધે રાખો છો **મોટા** પણ વિચાર કરો કે આ જે સુરદાસ, કેટલો વ્યભિચારી જીવ બિલ્વમંગળ થઈ ગયો. તે એની બૈરીને મૂકીને અંધારી રાતે મેઘલી રાતે ધોધમાર વરસાદ પડતો હતો. એને પણ જે બિલકુલ ગણકારતો નથી અને ભરપૂર નદીમાં તે કેવું પ્રચંડ પૂર આવેલું. તે હાલમાં નર્મદામાતામાં આવેલું સાડી એકતાળીસ ફૂટનું એવા આ પ્રચંડ પૂરમાં પણ જવાને માટે ખચકાતો નથી. એટલું જ નહિ પણ જવું શી રીતે ? તે મડદા ઉપર બેસીને જાય છે. ત્યારે પણ એ મડદું હોવા છતાં પણ મડદા તરીકે એ જોતો પણ નથી. એની ધારણા તો જુઓ સાહેબ. અને પેલી વેશ્યાને ત્યાં જાય છે. અને ત્યાં પણ એક સાપ લટકતો હતો. તેના માટે પણ ઓહોહો મારા માટે ચડવાને માટે પણ કેવી સરસ આ યોજના કરી રાખી છે! પેલા સાપને પણ સાપ તરીકે જોતો નથી. એટલો બધો એ પેલામાં આંધળો થઈ ગયેલો છે.

પણ ઉપર જઈને જ્યારે એ જુએ છે, પેલી વેશ્યા કહે છે કે ઓહોહો! આટલા બધા ભયંકર વરસાદમાં આટલું ભયંકર પૂર આવ્યું છે તો તમે આવ્યા કેવી રીતે ? અરે! પણ તેં પેલી વ્યવસ્થા કરી મારા માટે આવવાનું સાધન તેં રાખ્યું! અરે મૂર્ખા છો! અરે તે કહે અહીં આગળ દોરડું બાંધી રાખ્યું છે. મને બતાવો. ત્યારે ત્યાં એને સાપ બતાવે છે. પેલું મડદું બતાવે છે, અને પેલી બાઈ કહે છે કે ભાઈ, તમે જો મને આવી રીતે આટલું બધું ચાહો છો. એના કરતાં ભગવાનને જો આ રીતે તમે કરો તો મોક્ષ પામી જાવ. એમાંથી ચેતી જાય છે.

વિચાર કરો કે બિલ્વમંગળ ભલે એવો હતો, પણ એક એના વચનથી ચેતી ગયો. એની ભૂમિકા તો વિચારો કોઈ. ત્યારે એનામાં માનવતા હતી. એક વચનથી એનું આખું જીવન પલટાઈ ગયું. ત્યારે એમાં પણ એક માનવતા તો હતી, હતી ને હતી જ. અને એનામાં ગુણ તો હતા જ. એ ભલે વેશ્યાને ત્યાં જતો હતો, પણ એણે આવાં ભયંકર તોફાનોને પણ ગણકાર્યાં નહિ. બીજો કોઈ હોય તો છળી મરે. એવા ભયંકર પૂરમાં જવાની તાકાત જ કોઈની ચાલે નહિ. સામાન્ય માનવી જો હોત તો ત્યાં જઈ શક્યો ન હોત. અને આવી રીતે એ મડદાને પણ મડદા તરીકે એ જોતો નથી, એટલો બધો એકધારો ગુલતાન એની અંદર હતો. સાપને સાપ તરીકે પણ જોઈ શકતો ન હતો. એટલો બધો ગુલતાન એનામાં હતો.

ત્યારે જે જીવમાં ભલે એ જીવદશાની વ્યક્તિમાં આવી સંપૂર્ણ એકાગ્રપણે કેંદ્રિતતાથી આવી એકધારી જેનામાં ભૂસકો મારીને યાહોમ કરવાની અને તેનામાં સંપૂર્ણપણે એકમય, તન્મય થઈ જવાની જેનામાં જે જીવમાં જે વૃત્તિ હતી, એ મોટી વાત હતી. એ એને પલટી જતાં. પલટાઈ જતાં વાર નથી લાગતી. એવા દાખલા બીજા પણ હોય છે, અને છે પણ ખરા, પણ એમના જીવનમાં આવા જે ગુણો હતા, એ ગુણોને પારખવાની આપણી મારા તમારા જેવાની તાકાત બહુ લાગતી નથી.

પણ એ જે મનુષ્યત્વ છે. એવું મનુષ્યત્વ એવી માનવતા જેનામાં પાંગરવા માંડી છે. ઉત્તમ પ્રકારના ગુણોનો આશ્રય જેના જીવનમાં પ્રગટેલો છે અને જે ખમીરવાળો છે, ખરેખર પરાક્રમી છે. શૂરવીર છે. જે કાંઈ કરવા ધાર્યું તેને માટે ફના થઈ જવાની સંપૂર્ણપણે જેની તત્પરતા છે, લગની લાગેલી છે, તેવા માણસને મુમુક્ષુત્વની ભાવના પ્રગટે છે.

હવે મુમુક્ષુત્વની જ્યારે આમાંથી મુક્ત થવાની જે એકધારી ચેતનાવંતી જીવતીજાગતી જ્યારે આવી જિજ્ઞાસા ઉત્કટમાં ઉત્કટ જાગે છે, ત્યારે એવી જિજ્ઞાસા પણ ગતિશીલ, ક્રિયાશીલ ને સર્જનશીલ છે. એવી જિજ્ઞાસા કદી બેસાડી રાખતી નથી.

અને એટલા જ માટે આજે બધાં ભગવાનની વાતો કરનારા લઈ મંડ્યા છે, એ બધાંને પોતાની સ્થિતિનું ખરેખરું ભાન થાય એટલા માટે તો મેં ‘જિજ્ઞાસા’ ઉપર એક ભાઈના એવા મહેણાં-ટોણાંથી લખવા માંડ્યું છે. અને લખીને છપાવી પણ ખરી, પણ કુંભકોણમ્માં હતો, ત્યારે મને લાગ્યું. રાત્રે મને બધી કડીઓ સ્ફુરવા માંડી ત્યારે મને લાગ્યું. આ તો શાસ્ત્ર હજુ અધૂરું છે. અને આજે લગભગ ૧૫૦૦ કડીઓ પણ એની લખાઈ ગઈ છે અને એ વાંચશે ત્યારે એને ખબર પડશે. વાંચનાર જીવને કે જિજ્ઞાસા જાગી હોય ત્યારે શું શું થાય ને કેવી કેવી ભૂમિકામાં એ પોતે કેવો કેવો હોય અને એના પણ જુદાં જુદાં અનેક જિજ્ઞાસાનાં પાસાં લઈને એટલું બધું ઝીણવટથી ભગવાનની કૃપાથી લખાયું છે અને મને મારી સાધનાનો અનુભવ એ જિજ્ઞાસાના જુદા જુદા તબક્કાઓમાં કેવી કેવી રીતે એમાંથી પસાર થવાનું આવ્યું. અને એ જિજ્ઞાસાએ કેવો કેવો મને ઘડ્યો કેવી રીતે મને તાર્યો, તારવ્યો જુદો. એ બધું આજે પણ મને બહુ પ્રત્યક્ષ.

સાધનાનો ઈતિહાસ મારે આજે લખવો હોય તો લખી શકું એમ છું. અને એ બહુ મર્મવાળો, હેતુપૂર્વકનો, એટલો બધો સભાનતાવાળો ભગવાનની કૃપાથી મને છે, પરંતુ એ લખવાનો હજુ મને હુકમ મળ્યો નથી.

હુકમ એ અમારા લોકોના જીવનમાં એવી એક મોટી વસ્તુ છે કે હુકમને માટે મને ફના થઈ જતાં આજે પણ બિલકુલ જરા પણ મારા દિલમાં થડકો લાગે નહિ. મને હુકમ મળ્યો તો દરિયામાં ચાલ્યો ગયો છું. અને હુકમ મળે એવા એ હુકમમાં હુકમનું મેં પ્રેમભક્તિપૂર્વકનું પાલન કર્યું છે.

ત્યારે એવી જે મનુષ્યત્વકલા કોને કહેવાય તે ઉપર મેં કહ્યું. અને એવું મનુષ્યત્વ જેનામાં ખીલેલું છે એને મુમુક્ષુત્વની ભાવના એવી જિજ્ઞાસા જાગે છે. અને એવી જિજ્ઞાસા જાગે છે, ત્યારે એને ફળવંતી કરવાને માટે, એને વિકસાવવાને માટે કોઈક ને કોઈક

આધાર ભગવાનની કૃપાથી એને મળી જ જાય છે. એ પણ એને ખોળવા નહિ જવું પડે.

એક તો પેલામાં—પેલા પહેલા પગલામાં જેના જીવનમાં મનુષ્યત્વ ખીલેલું છે અને જેનામાં આવી મુમુક્ષુત્વની ભાવના જિજ્ઞાસા ઉત્કટમાં ઉત્કટ જ્વાળામુખીના જેવી જાગેલી છે, તેને મહાપુરુષનો આશ્રય મળી રહે છે.

હવે, એ મહાપુરુષનો આશ્રય મળે છે ખરો પણ એને પ્રેમભક્તિપૂર્વકનો પોતે સ્વીકાર થવો એ જેવા તેવા દરેક માણસથી બનતું નથી, કારણ કે એ મહાપુરુષનું જીવન, એનું વર્તન એ એનું પોતાનું આગવું હોય છે. અને એ આગવા વર્તનને જીરવવું, એને યોગ્યતા પ્રમાણે પોતાના હેતુને ફળાવવાની ચેતનાવંતી સભાનતા સાથે એને સ્વીકારવું અને સ્વીકારવું એટલું જ નહિ પણ એને પોતાના આધારમાં ઝીલીને પોતાના આધારનાં જુદાં જુદાં કરણોને ઊર્ધ્વગામી રીતે વિકાસ આપવાને માટે એને ઘડવાં અને તે પ્રમાણે આપણા આધારનાં—પ્રકૃતિવાળાં આપણા આધારનાં કરણોનાં જે પ્રકૃતિ ધર્મ છે, એ પ્રકૃતિ ધર્મને પલટાવવા. એ મહાપુરુષથી મહાપુરુષની ભાવના એનામાં આપણામાં ભક્તિ જાગે તો આપણે તે પ્રમાણે કરી શકીએ છીએ.

કારણ કે મહાપુરુષ મળવા એ તો કદાચ સહેલું બની જાય, પરંતુ એને આપણા જીવનમાં ધ્યેયને આપણા આધારમાં સ્વીકારીને, એને ઝીલીને આપણા આધારને ચેતનામાં પ્રગટાવવાને માટે તેને ચેતનાને ઝીલવાને—સ્વીકારવાને—તે પ્રમાણે ફળાવવાને એ આધારને યોગ્ય થવા દેવો. યોગ્ય કરવાને માટે આ મહાપુરુષનો આશ્રય છે, એવો ભારેમાં ભારે સ્વાર્થ અને ઉત્કટમાં ઉત્કટ ગરજ અને એવી ભક્તિ જેને એ મહાપુરુષ પ્રત્યે જાગેલી છે, એવા જીવો જ એ મહાપુરુષોને ધારેલા પ્રમાણે પોતે વર્તન કરી શકશે.

આવી રીતે આ ત્રણેય જેને મળેલાં તેના ઉપર ભગવાનનો સંપૂર્ણ અનુગ્રહ અને સંપૂર્ણ કૃપા છે, કારણ કે એવો જીવ ચેતનવંતો થયા વગર રહી શકતો નથી. હરિઃૐ તત્ સત્.

અને ખૂબી તો જુઓ કે આપણા આદ્ય શંકરાચાર્ય મહાપ્રભુએ કહ્યું કે આ ત્રણે દુર્લભ. એટલા માટે જ કહ્યું કે સામાન્ય દરેક જીવોને તો મનુષ્યત્વનું ખોળિયું તો મળ્યું, પણ એ દરેક જણમાં આ મનુષ્યત્વ ખીલેલું હોતું નથી. એટલે મુમુક્ષુત્વ તો હોય જ ક્યાંથી ? અને હોય નહિ તો તેવાને મહાપુરુષનું કદી નિમિત્તને કારણે કોઈ કાળના સંજોગોને કારણે કોઈક એવા મહાપુરુષો—મહાપુરુષના જીવનની સાથે કોઈક રીતે આપણે સંકળાયેલાં હોઈએ અને એવાને આપણે મળી જઈએ તોપણ એનાથી આપણો કશો શુક્કરવાર વળતો નથી, કારણ કે એક તો આપણામાં એવું મનુષ્યત્વ ખીલેલું હોતું નથી. મુમુક્ષુત્વની ભાવના તો પછી તો જિજ્ઞાસા એવી ઉત્કટ તો જાગેલી હોય નહિ. એટલે મહાપુરુષ આપણને મળેલા હોવા છતાં એનો આપણે યોગ્ય પ્રકારનો લાભ લઈ શકતાં નથી. એટલા માટે જ આદ્ય શંકરાચાર્ય મહાપ્રભુજીએ આપણને કહ્યું કે આ ત્રણે ત્રણ બહુ દુર્લભ છે.

## ચમત્કાર

ઘણા ખરા લોકો—સમાજનો ઘણો મોટામાં મોટો ભાગ ચમત્કારથી આકર્ષાય છે. ચમત્કારનો સામાન્ય જનસમાજમાં પ્રચલિત અર્થ કે સમજણ તો એ છે કે જે નથી તે પ્રત્યક્ષ કરીને બતાવવું અથવા તો જે દેખાવમાં નથી, તે પ્રત્યક્ષ કરીને બતાવવું અથવા જે છે નહિ તેને પ્રગટાવવું અથવા તો કાંઈક અવનવું, આપણી સમજણમાં ન બેસી શકે એવું અને તેમ છતાં પ્રત્યક્ષપણે હોય એવું કરી બતાવવું. આવી જાતની સમજણ ચમત્કાર વિશેની સમાજમાં છે.

ખરેખરી રીતે જો એવા લોકો ચમત્કારથી, ચમત્કાર કરનારની પરત્વે આકર્ષાયેલા હોત તો તો એવા પુરુષ પરત્વે તેમનો.... ......... પરંતુ આ તો એવું કાંઈ બનતું હોતું નથી. એમનો રાગ પ્રગટેલો હોત, એવો જીવતોજાગતો રાગ પ્રગટેલો હોત તો તો

સાચી રીતે ગણાત કે તેઓ ચમત્કારથી તેમના પરત્વે આકર્ષાયેલા છે, પણ વાસ્તવિક રીતે તેમના એટલે કે સમાજના જીવનમાં એવો કાંઈ રાગ પ્રગટી ગયેલો હોય એવું અનુભવથી તો જાણવામાં આવતું નથી. ત્યારે ચમત્કાર પરત્વે લોકો આકર્ષાય છે, એ વાત તો સાચી. ત્યારે ઘણા લોકો આવા ચમત્કાર કરે છે. આ કરતા હોય તો ભલે કરતા હોય, પરંતુ આપણે ભાગવતમાં અથવા તો બીજા કોઈ બાઈબલમાં પણ આવા એ અવતારી મહાપુરુષના જીવનમાં ચમત્કારો કરેલા છે. એવી અનેક હકીકતો આવે છે ખરી.

એવું ભાગવતમાં, બાઈબલમાં, એમાં જે આવે છે તેના કરતાં ઘણી ઓછી કુરાનેશરીફમાં છે. એ મારે કબૂલવું જોઈએ, પણ દરેક સંપ્રદાય કે ધર્મના આદ્યપુરુષોમાં આવી ચમત્કારની હકીકતો હોય છે ખરી. લખેલી હોય છે અને સમાજમાં તે તે હકીકતો પ્રસરેલી પણ છે.

હાલના સંપ્રદાયો થઈ ગયા. દા.ત., સ્વામીનારાયણ સંપ્રદાય અથવા તો એમના પછીના જે બધા સંપ્રદાયો થયા. એ સંપ્રદાયના આચાર્યોમાં પણ આ ચમત્કાર હોવાથી જ સમાજનો ઘણો મોટો ભાગ આ ધર્મ પરત્વે વળેલો છે.

ત્યારે એના ઉપરથી એમ ફલિત આપણે જો કરવું હોય તો કરી શકાય કે આવા ધર્મનો સમાજમાં જેને ઘણો મોટા પ્રમાણમાં વિસ્તારમાં ફેલાવો કરવો છે, એ ફેલાવો કરવાને માટે એમને કોઈક પ્રત્યક્ષ એવું સમાજને આંખોમાં એકદમ જાગી જાય એવા કોઈક સાધનની આવશ્યકતા ખરી.

જેણે સંપ્રદાય કે ધર્મનો ફેલાવો સમાજના ઘણા મોટા ભાગમાં પ્રવર્તાવવો છે, એવા મહાત્મા કે મહાપુરુષે આવા સાધનનો આશ્રય લેવાનો રહે છે ખરો. અને એવા સાધનની પાછળનો જીવતોજાગતો એમનો હેતુ એકમાત્ર ભગવાનની દિવ્યતાયુક્ત જે ચેતના છે, એ

ચેતનાનો ભાવ સમાજના હૃદયમાં જાગે અને એ જાગે એટલા માટે જ આવા પ્રકારના કોઈક કોઈક એવા નિમિત્તને કારણે તે લોકોમાં ચમત્કાર એમના જીવનમાં આપમેળે પ્રગટ્યા કરતો હોય છે.

એમને પણ એવા કોઈક નિમિત્તનાં કારણો મળે છે એના કારણે. એનો હેતુ તો એ છે કે સમાજના ઘણા મોટા ભાગને પોતાના તરફ આકર્ષીને તેમનામાં ધર્મનો ભાવ એમના જીવનમાં પ્રગટાવવો. આ તેમના જીવનનો ઘણો મોટામાં મોટો હેતુ છે. ચમત્કાર જે એમના જીવનમાં પ્રગટ્યા કરે છે, તેનો.

આ સિવાય બીજો કોઈ હેતુ મારી સમજમાં કોઈ ઊતરતો હોતો નથી. અને એ ચમત્કાર એ લોકો કરતા હોતા નથી. જો કરવાની વાત કરીએ તો એમાં કરવો એટલે કે પ્રયત્ન. પ્રયત્નની sense એટલે કે એક ભાવ જાગે છે, કરવાપણામાં. જ્યારે એવું હોય તો તો એ અજ્ઞાન દશા થઈ. એ જ્ઞાનવાળા કે ચેતનાની અનુભવની ભૂમિકાવાળા કદી તેવા જીવો કહી શકાય જ નહિ. એટલે આવા લોકો ચમત્કાર કરે છે, એમ બોલવું એ ખોટું છે. ખરી રીતે એમના જીવનમાં એવાં કોઈક નિમિત્ત કારણોને કારણે આપમેળે, સહજ રીતે તે તે શક્તિ પ્રગટમાન તે રીતે વ્યક્ત થયા જતી હોય છે. **વ્યક્ત થયા જતી હોય છે.** એટલે એ લોકો ચમત્કાર કરે છે એ વાત તો ખોટી છે. એમ એમના જીવનમાં એ રીતે થયા જતું હોય છે. નિમિત્તને કારણે. અને એની પાછળનો મોટામાં મોટો મહત્ત્વનો હેતુ તો એ જ છે કે સમાજના ઘણા મોટા ભાગને આકર્ષીને ધર્મનો ભાવ તેમના હૃદયમાં જગવવો. અને એવું કરે તો જ સમાજનો ઘણો મોટો ભાગ તેમની પરત્વે આકર્ષાય. તેમની પરત્વે દોરાય. તેમની પાછળ જાય. સમાજનો ઘણો મોટો ટોળાંનો ભાગ એમના તરફ વળે, વળે ને વળે.

ત્યારે કોઈ એક ભાઈ સવાલ પૂછે છે કે **મોટા** તમે કહો છો કે સમાજનો ઘણો મોટો ભાગ વળે એ વાત સાચી, તો અમે કહીએ

છીએ કે આ મહાત્મા ગાંધી હતા. એમને તો હજારો લોકો એટલાં બધાં ટોળાંમાં આવતાં કે કહ્યે કસર નહિ. એમણે કાંઈ ચમત્કાર કશો કર્યો ન હતો.

તો એ વાત સાચી ભાઈ. એણે ચમત્કાર નથી કર્યો, પણ એના જીવનમાં જે ત્યાગ હતો. એના જીવનમાં જે દેશ પરત્વેની જીવતીજાગતી એકધારી ચેતનવંતી જે ભક્તિ હતી અને સમાજને માટે મરી ફીટવું, સમાજને સ્વરાજ મેળવવાને માટે લાયકાતવાળો કરવો. એ પ્રકારની જે ધગધગતી જિજ્ઞાસા, તમન્ના એના દિલમાં હતી, અને સમાજને મુક્ત કરવાને માટે—આ સમાજને અંગ્રેજ સરકારની ગુલામીમાંથી મુક્ત કરવાને માટે મહાત્મા ગાંધીના દિલમાં જે ધગધગતી ધગશ હતી. એ આ બધા ગુણોને કારણે સમાજ એના પરત્વે આકર્ષાયેલો હતો.

અને એ કોઈ ચમત્કારને કારણે નથી. મહાત્મા ગાંધીજીના જીવનમાં ચમત્કાર નથી થયા એમ નથી સાહેબ. થયા છે પણ એને કોણ જોવા બેઠું છે ? એકવીસ દિવસના એક વખતના ઉપવાસમાં દિલ્હીમાં હિંદુ-મુસલમાનની ઐક્યની ભાવના પ્રગટાવવાને માટે એમણે એકવીસ દિવસના ઉપવાસ કરેલા. ત્યારે થોડાક દિવસો પછી એમના પેશાબમાં ઘણા અમુક પ્રકારના ઝેરી જંતુઓ જણાયાં, ત્યારે બધા જ દાક્તર બહુ વિસામણમાં પડી ગયા ને ગંભીર ચિંતા કરી બધા ચિંતા ભરેલી સ્થિતિમાં પ્રગટી ગયા હતા અને ગાંધીજીને પંડિત સાહેબ ને બીજા બધાંએ વિનંતી પણ ત્યારે કરેલી કે થોડોક તમે મોસંબીનો રસ કે એવું કાંઈક લો તો હવે સારું, કારણ કે આ તો ભયંકર સ્થિતિ છે. આ સ્થિતિ રહે તો કોઈ માણસ જીવી ના શકે.

ત્યારે ગાંધીજી કહે કે ભાઈ, હવે થોડોક કાળ, કાલ સવારે તમે જોજો. ભગવાનને મેં પ્રાર્થના કરી છે. અને કાલ સવારે તમે જોજો. કાલ સવારે બીજે દિવસે સવારે પેશાબ જોયો તો નૉર્મલ હતો. બધા ઝેરી જંતુઓ ક્યાંય ઊડી ગયાં, પણ ગાંધીજીના જીવનમાં આવા બનાવો કોણ જુએ ? કોણ જોવા, એને સમજવા કોણ બેસે ? તેની

પાછળ ગાંધીજીનો ભગવાન પરનો એકધારો અનંત પ્રકારનો આત્મવિશ્વાસ જે જીવતોજાગતો ચેતનવંતો, પ્રાણવાળો એના દિલમાં જે ધબકતો હતો એનો રણકો કેવો હતો એ કોણ આ હકીકતને જોવા બેઠું છે ? ત્યારે એના જીવનમાં ચમત્કાર તો કોઈક નોખા પ્રકારના હતા, પણ આવા જે ભગવાનના. ભગવાનને રસ્તે જનારા અથવા તો ધર્મ ને સંપ્રદાય. સમાજમાં ઘણા મોટા ભાગને જેને વિસ્તારવો છે એને આ ચમત્કારનું સાધન આપમેળે, સહજ રીતે અને તે પણ એવા કોઈક નિમિત્તને કારણે આપોઆપ પ્રગટતું જતું હોય છે ને તે વ્યક્ત થયા જતું હોય છે.

આવું મેં પોતે આના વિશે આવો સમન્વય મારા મનથી કર્યો છે. સાચું કે ખોટું હું જાણતો નથી. મને હંમેશાં એ થતું કે જ્યારે જ્યારે કોઈ પ્રશ્ન જાગે ત્યારે એનું સમાધાન મેળવી લઉં. કે જેથી પ્રશ્ન પછી મનમાં ટકે નહિ.

ત્યારે કોઈક પૂછે કે ભઈ, આ સત્ય સાંઈબાબા ચમત્કાર કરે છે તેનું શું ? ત્યારે હું તો એને એમ કહું કે ભઈ, સત્ય સાંઈબાબા હજુ જીવે છે. કોઈના વિશે હું ન્યાય તોળવા કેવી રીતે જઉં ? તમે એને જઈને પૂછો. તો એ તમને સમજાવશે.

મેં તો અત્યાર સુધી જે ધર્મના સંપ્રદાયો આ દેશમાં, આ સમાજમાં જેને જીવતાજાગતા કર્યા અને એટલું જ નહિ પણ આ લોકોનો પ્રાણ કેવો હોય છે, જુઓ **સાહેબ કે આ મધ્યકાળમાં જ્યારે હિંદુસ્તાન ઉપર આ મુસ્લિમ વર્ગનું રાજ્ય હતું, ત્યારે આ હિંદુઓ–સંસ્કૃતિની જે કટોકટી હતી. એ જે ત્રાસ—એ જે જુલમ—એ જે હિંદુઓ ઉપર મુસલમાનો બનાવવાને માટે જે ત્રાસ વર્ત્યો છે, એ તો એનો ઈતિહાસ નથી લખાયો તે ઉત્તમ છે.**

**આજે હિંદુ-મુસલમાનમાં હાડોહાડ વેર છે, તે એ સંસ્કારનું કારણ ચાલ્યું આવેલું છે. એ સંસ્કાર જે સમાજના ચિત્તમાં સમગ્રપણે–Totality જે પડેલા હોય છે તે કંઈ એકદમ ભુસાતા હોતા નથી.** ત્યારે એ જે કટોકટી હિંદુ ધર્મની, હિંદુ સંસ્કૃતિ ઉપર

થઈ એ કાળમાં આપણા દેશમાં એક ભાગમાં હિમાલયથી તે કન્યાકુમારીથી માંડી અને દ્વારિકાથી તે જગન્નાથપુરી સુધી બંગાળ પણ ખરું એમાં. એક એક પ્રદેશમાં સંતોની પરંપરા જાગેલી છે.

એ સંતના માત્ર અસ્તિત્વ વડે કરીને આપણે લોકો આ લોકોની સામે ટકી શક્યાં. જીવંત રહી શક્યાં. એ લોકોએ તો હથિયારો ઉપાડ્યાં નથી કે કોઈની સામે વિરોધમાં કે એને નકારવામાં પણ કાંઈ કશો ભાગ લીધો નથી. કે આ ખોટા છે એમ પણ એણે કહ્યું નથી. માત્ર એમના આ દુનિયા પરના તે તે ભાગના એમનું એક સ્થૂળ અસ્તિત્વરૂપે હતું એનાથી કરીને આ સમાજ મરતો બચ્યો છે. **હિંદુ સમાજ એ સંસ્કૃતિથી મરતો બચ્યો. એમનામાં સંસ્કૃતિ મરતી મરતી પણ બચી ગઈ છે. એ માત્ર આ લોકોના કારણથી જ. એ કેટલો મોટામાં મોટો ચમત્કાર છે! ચમત્કાર કોને જોવો છે ? આ જ સાચો ચમત્કાર છે.**

**આ જે સંતપરંપરા જાગી તે કાળમાં. એ સંતપરંપરાએ કેટલો પ્રાણ પ્રગટાવ્યો ? અરે! એ તો વાત જવા દો તમે.** આ બહુ ટૂંકા ગાળાના ઈતિહાસની વાત કહું. એક જ સમર્થ રામદાસ સ્વામી. આ ઉત્તમ એમને. આ જે આગળ વિશેષણ છે તે સમર્થ—તે તદ્દન સાચે જ સમર્થ. એ તો સંન્યાસી હતા. ભગવાધારી હતા, પણ એક સંસ્કૃતિને માટે એમનામાં જે ચેતનાવંત ગૌરવ હતું. એ ગૌરવ માત્ર એમણે શિવાજીને અર્પણ કર્યું અને **શિવાજી ન હોત તો સુન્નત હોત સબકી.** એ શિવાજીએ આ હિંદુ ધર્મને સાચે જ બચાવ્યો. એ શિવાજીએ અનેક પ્રદેશો જીત્યા પણ કોઈ ઠેકાણે એણે મુસલમાનોને હેરાન કર્યા નથી. મુસલમાનોની મા-બહેનોને હેરાન કરી નથી. ઊલટા એમના આદર સાચવ્યા. **કોઈ ઠેકાણે મહારાષ્ટ્રીયન આ જે પેશવાઓનું રાજ્ય થયું, ત્યારે પણ એમણે પણ ઘણા બધા દેશો જીત્યા છે, પણ કોઈ ઠેકાણે મસ્જિદ તોડી હોય એવો એક દાખલો બતાવે તો એને મારું માથું નમાવવાને તૈયાર.**

**એ સંસ્કૃતિ કોણે આપી ? એક જ માત્ર રામદાસ સ્વામીએ.**

**એક જ. એનું એને જે વિશેષણ છે, સમર્થ તે યથાયોગ્ય છે. અને એ ચમત્કાર સાહેબ. કે આખા સમાજની અંદર જેણે ચેતના ભરી જેની ચેતનાના પ્રાણ વડે કરીને આખો સમાજ ટકી રહે એ મોટામાં મોટો ભારે ચમત્કાર. આવા ચમત્કાર જો આપણે હૃદયથી, ભાવથી પ્રીછીએ તો એવા ચમત્કારથી આપણી પણ આંખ ઊઘડે, બુદ્ધિ ઊઘડે છે.**

ચમત્કાર તો આવો કે જે સમગ્ર સમાજના હાર્દને સ્પર્શે છે. એ ચમત્કાર સાચો. બાકી, ધર્મના આચાર્યોએ એમના જીવનમાં જે ચમત્કારની વાતો હોય છે. એની પાછળનું રહસ્ય તો મને જે સમજાયું અથવા એના વિશે જે મેં સમાધાન મારા મનથી, મારી બુદ્ધિથી, અક્કલથી કર્યું છે, તે બધાંને તમને સમજાવ્યું.

## ભગવાનના નામસ્મરણથી કામક્રોધાદિક જાય ?

ઘણા લોકો એમ સવાલ પૂછે કે ભાઈ ભગવાનનું નામ બોલવાથી અને એનું સ્મરણ કરવાથી કાંઈ કામક્રોધાદિક જાય એમ બધાં કહે છે એ કેવી રીતે બને ? આ તે કાંઈ શક્ય છે ? એવું કાંઈક આ મહાત્મા લોકો કહેતા હોય કે જેથી બુદ્ધિ સ્વીકારી શકે એવું હોય તો ઠીક. આ તો જાણે એવું બોલે ને એવું કહે છે કે બુદ્ધિ સ્વીકારી શકતી નથી.

**શ્રીમોટા :** ઘણાં આવા સવાલ પૂછે છે એ વાત તો સાચી છે ભાઈ અને મેં પણ ભગવાનની કૃપાથી બુદ્ધિનું દેવાળું હજુ સુધી તો કાઢ્યું નથી. અને ભણતો હતો ત્યારે પણ બુદ્ધિ મારી તેજ હતી, પણ ગરજ આગળ ગરજ બિચારી રાંકડી ને જ્યાં આગળ ગરજ જાગે ત્યારે બુદ્ધિ દેવાળું કાઢે છે, એ વાત મારે કબૂલ છે. અને મારે પણ એમ જ થયેલું ભાઈ. મને શરીરનો એવો રોગ થયેલો. બૈરાંને થાય છે એવો ફેફરાનો. તે એ કેમ મટે. મને ઘણી ગરજ.

એટલે પછી પેલા સાધુએ કહ્યું કે આ ભગવાનનું **'હરિઃૐ'** એ નામ લો. તો એ નામથી મટી જાય. મને એમ કે એ માળા હાળાએ જંગલની જડીબુટ્ટી આપી હોત તો સારું થાત. તો મને વિચાર

થયેલો કે, આ સાધુ ખરો કે આ જંગલની જડીબુટ્ટી જાણે છે તો કદાચ એનાથી મટી જાય. તો આ ભગવાનનું નામ લેવાથી વળી આ રોગ મટતો હશે ? આ તે શું ડીંડવાણું! આપણે ભાઈ કાંઈ લીધું કર્યું નહિ.

પણ તે કાળમાં અમે તો કામ કરતા હતા. મહાત્મા ગાંધીજીનું બધું આ અસ્પૃશ્યતા નિવારણનું. મને તો ઘણીવાર એમના વિશે ભગવાનના સ્મરણ ઉપર, ને ભગવાનના નામ ઉપર ને ભગવાન પર એમને અનંત આત્મવિશ્વાસ. અને એ ભગવાનનું સ્મરણ પણ કરતા. એ પણ કહેતા કે ભગવાનના સ્મરણથી રોગમાત્ર મટે છે. એ તો એમની છેલ્લી જિંદગીમાં એ જાતનો પ્રયોગ પણ કરવાના હતા. અને આ બધી વાત તદ્દન સાચી. એમને પણ મેં લખેલું. ત્યારે એમણે તુરત જવાબ આપ્યો કે ભગવાનના સ્મરણથી રોગમાત્ર મટી શકે. એટલે પેલા સાધુ કરતાં મને વિશ્વાસ મહાત્મા ગાંધી પર ઘણો.

હવે આ બધા લોકો કહ્યા કરે છે તે. આપણેય લો ત્યારે. ગરજ મારે ઘણી. એટલે જ્યારે જેમાં ગરજ લાગે છેને ભાઈ તેમાં બુદ્ધિ જાણે કે દેવાળું કાઢે છે એ વાત સાચી. મેં ઘણા લોકોને જોયા છે. ભઈ આ ઘરમાં કોઈ છેતરનારો માણસ આવે છે તે આ બૈરાંને એવો લગાડી દે લગની અને આ સોનાનાં ઘરેણાં છે. એમ કરીને આપીને સસ્તામાં આપી દઈને... બૈરાંયે લઈ લે છે ને ઠગાઈ જાય છે. એ પેલા લોભને લીધે. એ ગરજ જાગે એટલે બધું આંધળું થઈ જાય એ વાત સાચી. મારી બુદ્ધિ તે વખતે આંધળી એમ કહો તો ચાલે, કારણ કે મારે રોગ મટાડવો હતો. એટલે આપણે બંદા તો લેવા લાગ્યા ભગવાનનું નામ. અને તે પણ Planning કરીને.

શરૂઆતમાં તો જેમ આ બરાબર નથી. ના કેમ રહે ? આપણે આ મટાડવો છે ને આનાથી આ રોગ. તે પ્રયોગ બરાબર સાચો કરો.

જે કાંઈ કરીએ એમાં honesty, sincerity and devotion for the prupose આ ત્રણ વસ્તુ તો હોવી જ જોઈએ. પૂરેપૂરી સોએ સો ટકા. તે એનો મને બહુ ઘણા વખતથી અનુભવ, કારણ કે મારે જેમ ભણવાની ગરજ જાગી હતી. તે ભણવાની ગરજ એટલી બધી જાગેલી કે મારી પાસે પૈસા નહિ મળે. તે બીજે ઠેકાણે કાલોલમાં કે નાગરોમાં બીજે પછી પેટલાદ રહ્યો. ત્યાં બધે મારે પારકે ઘેર રહેવાનું. એટલે તેમાંથી મને આ બધું શિખવાનું મળ્યું.

પછી તો આપણે રામ બોલવા લાગ્યા. ભગવાનનું નામ પણ ચાલે નહિ બરાબર. પછી તો બુદ્ધિ તો ખપમાં લાગી. ભઈ, કેમ નથી ચાલતું ? ગરજ તો પાકી છે. એટલે પછી યોજના કરી કે દરરોજ અઢી કલાક તો ભગવાનનું નામ લેવું ને લેવું જ. એટલે વહેલો ઊઠવા લાગ્યો. આ દિવસમાં તો બધો વખત કામ કરવું પડે. એટલે વહેલો ઊઠવા લાગ્યો. અને ભગવાનનું નામ લેવા માંડ્યો. હાલતાં, ચાલતાં, ફરતાં, કામ કરતાં લેવાય તે ગણું નહિ.

તે પછી રોગ મટ્યો. એટલે મેં વિચાર કરવા માંડ્યો કે આ ભગવાનનું નામ લેવાથી આ રોગ કેમ મટ્યો ? એનું કારણ શું ? દરેક કર્મની પાછળ કોઈ ને કોઈ કારણ રહેલું છે. એ કારણ ભલે છૂપું હોય, સૂક્ષ્મ હોય, પણ કોઈ ને કોઈ કારણ તો હોવું જ જોઈએ. તો એ કયું કારણ ? એના વિશે બહુ વિચાર કરવા લાગ્યો. ઘણા બધા મહાત્મા પુરુષોને પૂછ્યું. તે કાળના વિદ્યાનંદજી અમારા ગુજરાતમાં બહુ પ્રખ્યાત ગીતાવાળા. એમને પૂછ્યું. બીજા બધા એક અમારા ગોદડિયા મહારાજ હતા. તેમને પણ પૂછ્યું. પછી પ્રજ્ઞાચક્ષુ હાલ ગંગેશ્વરાનંદ મહારાજ છે. બીજા એવા જ જાનકીદાસ મહારાજ હતા. એવા બધાયને પૂછી વળેલો, પણ એ કોઈનાથી મને સંતોષ ન થયો. જે જવાબ મને આપ્યો તેનાથી. એ તો કહે શ્રદ્ધાથી ભગવાનનું નામ લે અને જે ભાવના હોય તે ફળે. સામાન્ય રીતે તો આ જ એક stereo typed જવાબ મળે. મને એનાથી સંતોષ ન થયો.

અને એનું મુખ્ય કેંદ્ર જ્યાં છે. શબ્દને સ્ફોટ થવાનું જે કેંદ્ર છે. ત્યાં આગળ વિસ્ફોટ થતો હોય છે. પછી આપણને આ તો બધું

પળવારમાં બધું બની જાય છે. પળનીયે અંદર બની જતું હોય છે, પણ જ્યાં આગળ આ અવાજ સ્ફોટ થાય છે, વ્યક્ત થાય છે, તેની આગળપાછળ પણ જ્ઞાનતંતુઓના અનેક જાતનાં કેંદ્રો છે. જ્ઞાનતંતુઓ પણ એક જાતનાં નથી હોતાં. ઘણી જાતનાં જ્ઞાનતંતુઓ હોય છે. એ જ્ઞાનતંતુઓનાં કેંદ્રો આગળપાછળ રહેલાં છે. એ જે સ્ફોટ થાય અવાજ. એ અવાજનાં મોજાંઓ આગળપાછળનાં જ્ઞાનતંતુઓનાં અનેક પ્રકારનાં કેંદ્રોને પણ સ્પર્શ્યાં કરે છે.

એ કારણે હરિઃૐ એ મારો જપ જાણે મંત્ર. એ સતત ઉચ્ચારણ વડે કરીને એક જ જાતનાં, એક જ પ્રકારનાં જે મોજાંઓ એમાંથી ઉત્પન્ન થયાં. તે મોજાંઓ ચારેબાજુએ એ જ્યાં અવાજ સ્ફોટ થાય છે. એની આગળપાછળ જે અનેક પ્રકારનાં જ્ઞાનતંતુઓનાં જે કેંદ્રો છે. એ કેંદ્રોને સતત સ્પર્શ્યાં કરે. અને તે મોજાંઓનાં તેવી રીતે સ્પર્શવાથી કરીને આ જ્ઞાનતંતુઓનાં કેંદ્રોને જે અસર થાય છે. એ અસરને કારણે આ જ્ઞાનતંતુઓ Tone-up થતાં હશે. અને તેને કારણે જ્ઞાનતંતુઓ મજબૂત થયાં. લાગણીને સહન કરવાને એમનામાં પૂરેપૂરી શક્તિ આવી.

આવી રીતે આ જે શબ્દ છે. એ શબ્દ માત્ર ખાલી શબ્દ નથી. એ શબ્દની પાછળ તો શબ્દને આપણી સંસ્કૃતિમાં બ્રહ્મ કહેલો છે અને એ બ્રહ્મની ભાવના એ શબ્દના હાર્દમાં રહેલી જ હોય છે. પ્રત્યેક આ સંસ્કૃતિનો જે જાણકાર, સમજણ છે જેને, અને જે ભગવાનનું સ્મરણ કરે છે તે સ્મરણની પાછળ ભગવાનની ભાવના રૂઢ થયેલી અને કેળવાયેલી તે તે માણસના દિલમાં પ્રગટ્યા કરતી હોય છે. જપની સાથે જ.

હવે આ જ્યારે એમ કરતાં કરતાં શબ્દ અખંડ થાય છે, ત્યારે એ અખંડાકાર એ શબ્દની જે ભાવના પ્રગટે છે, એ પણ એની સાથે હોય છે.

હવે મૂળ વાત જોઈએ તો જે પાંચ તત્ત્વ છે આપણામાં—આકાશ, તેજ, જળ, વા અને પૃથ્વી. એવી રીતે ત્રણ ગુણ સત્ત્વ, રજસ અને તમસ. હવે આ ગુણ અને આ પાંચ તત્ત્વોનો સંબંધ છે. આકાશનો સંબંધ સત્ત્વગુણની સાથે અને રજસમાં અત્યંત Momentum એટલી

બધી ગતિ કે પવન કરતાંય વધારે ગતિ છે. તે આ તેજ અને વામાં પણ અત્યંત Momentum એટલે કે તેજ અને વા એ બેનો સંબંધ રજસની સાથે અને જળ અને પૃથ્વીમાં ઘણું Inertia તેવી રીતે તમસ. તે તમસને સંબંધ જળ અને પૃથ્વીની સાથે.

હવે શબ્દ જ્યારે અખંડ થાય છે, ત્યારે આ શબ્દનો સંબંધ છે આકાશ સાથે છે. આકાશ એ નિરાકાર તત્ત્વ અને તેનું વ્યક્ત સ્વરૂપ તે શબ્દ. હવે શબ્દ જ્યારે અખંડ, અનંત, અખંડાકાર થાય ત્યારે આપમેળે આપણી ભૂમિકામાં આકાશતત્ત્વ Predominant થાય. મહત્ત્વ મોખરે આવી જાય આકાશતત્ત્વ. આકાશતત્ત્વ જ્યારે મોખરે આવે, ત્યારે આકાશતત્ત્વનો સત્ત્વગુણની સાથે સંબંધ હોવાથી સત્ત્વગુણ મોખરે આવે. આવું જ્યારે આપણા સમગ્ર આધારમાં સત્ત્વગુણની પ્રતિષ્ઠા થાય અથવા તો એ મહત્ત્વપણે ઘણા મોટા ભાગે એ જ ભાગ મહત્ત્વપણે ભાગ ભજવતો હોય સત્ત્વગુણ. ત્યારે રજસ અને તમસ ગુણ ગૌણ બની જાય.

અને આ કામક્રોધાદિક વિષય છે. એ રજસ ને તમોગુણના છે. સત્ત્વમાં એ નથી હોતા. ત્યારે સત્ત્વગુણ જ્યારે આપણામાં Predominant મહત્ત્વપણે ભાગ ભજવતો થઈ જાય, ત્યારે આપણામાં કામક્રોધાદિકની અસર ના હોય એ બરોબર મારી બુદ્ધિની સમજણમાં બેઠું કે બરોબર છે. આ શબ્દથી માત્ર શબ્દથી કેવી રીતે આ કામક્રોધાદિક મોળા પડી જાય. એની અસર ઓછી થઈ જાય. એ મને ત્યારે બરાબર મારી સમજણમાં બેઠું કે આ બરાબર છે, પણ એ અખંડ થવો જોઈએ શબ્દ. તે સિવાય નહિ બની શકે. અને એ ભગવાનનું સ્મરણ અખંડ થવું એ કાંઈ જેવી તેવી વાત નથી ભાઈ.

એક તો આપણને ગરજ જાગી હોતી નથી. ને એમાં યાહોમ કરીને ઝંપલાવવાની આપણી તત્પરતા હોતી નથી. અને એનું કારણ કે આપણી સામે એવું જીવતુંજાગતું મરણિયા નિર્ધારવાળું ધ્યેય ક્યાં છે ? મનુષ્ય ગમે તેટલી પ્રવૃત્તિ કરે પણ ધ્યેય વગરની જે પ્રવૃત્તિ છે તે પ્રવૃત્તિમાં પોતાની પ્રવૃત્તિમાં ધ્યેયને સતત, એકધારું સામે

રાખ્યા કરતાં નહિ હોવાથી આપણી બધી જ પ્રવૃત્તિની બધી જ જે શક્તિ છે, તે વેરવિખેર થઈ જાય છે. Dissipiate થઈ જાય છે. એટલે કેંદ્રસ્થાને જે સકળ પ્રકારની કર્મની એના હાર્દની જે શક્તિ ને ધ્યાન, લક્ષ, એકતાનતા ધ્યેય પરત્વે રહી શકતાં નથી.

એટલે સામાન્ય માણસો કોઈ દિવસ અખંડાકાર વૃત્તિ ભગવાનના સ્મરણ પરત્વેની કદી તેમનામાં થઈ શકે જ નહિ. અખંડાકાર થાય તો આ સહજ થઈ શકે એવું છે. એ મને લાગ્યું હતું.

એટલે હવે તમે સમજી શક્યા હશો કે શબ્દનું કેટલું બધું મહત્ત્વ છે. અને સંસારમાં પણ છે. ભાઈ, કોઈક આવે ને માણસને બેચાર ગાળો ચોપડી દે તો પેલો ગુસ્સે થઈ જાય. અને અત્યંત વહાલસોયા પ્રેમથી બધું બોલો સુંદર રીતે તોપણ એની અસર થાય છે. અરે! કેટલાય દંભી માણસોની વાચા તો સાહેબ કેટલી વખત મોટો ભાગ ભજવતી હોય છે.

આ પૉલિટિશિઅન્સની વાત શી કરોને ભઈ. બીજી વાત તો છોડી દો. એય કાંઈ સોએ સો ટકા થોડા પ્રમાણિક હોય છે ? Sincere હોય છે ? પણ એમની ભાષાનો જાદુ કોઈ ન્યારો હોય છે, પણ તેની પણ અસર છે. તો પછી આ જે શબ્દ બોલનારો માણસ એ તો સોએ સો ટકા સંપૂર્ણ પ્રામાણિક, વફાદાર અને ભગવાનના ભાવમાં રંગાયેલો આદમી છે. એની વાણી ઓર છે. તે એની વાણીનાં પ્રભાવ અને અસર અને મહત્ત્વ તો છે જ.

આ રીતે તમે સમજી શકશો કે શબ્દથી કામક્રોધાદિક કેવી રીતે ટળે એ હવે તમારા ભેજામાં પેઠું હોય.

## પ્રશ્ન પૂછે છે કે પ્રાણાયામ વિશે તમારો શો મત છે ?

**ઉત્તર :** પ્રાણાયામ કોઈ પ્રકારની યોગની પ્રક્રિયા છે, વિધિ છે અને પ્રાણાયામની પદ્ધતિથી પ્રાણને એવી રીતે એના સંયમમાં પ્રગટાવી શકાય છે કે જેથી કરીને આ પ્રકૃતિને વશ કરવામાં એટલે કે દ્વંદ્વના ગુણને. દ્વંદ્વ અને ગુણ એ પ્રકૃતિ એટલે કે દ્વંદ્વ અને ગુણ એ

પ્રકૃતિ જે કામ, ક્રોધ, લોભ, મોહ, અહમાદિમાં રાચતી હોય છે એ પ્રકૃતિનો આધાર છે, આ પ્રાણ અને પ્રાણ એ શ્વાસના આધારે છે. એટલે આ પ્રાણાયામથી પ્રાણાયામની એક પદ્ધતિ એવા પ્રકારની છે કે જેથી પ્રકૃતિને વશ કરવામાં એટલે કે પ્રકૃતિનું ઊર્ધ્વગમન કરાવવામાં આ પ્રાણાયામ બહુ મોટામાં મોટો ભાગ ભજવે છે.

આ ટૂંકા કાળમાં બની શકે એવું છે, પરંતુ મારી પોતાની સમજણ એવી છે કે આ પ્રાણાયામ એ સહેલામાં સહેલો માર્ગ હોવા છતાં એ અઘરામાં અઘરો છે.

એ પ્રાણાયામ કોણ કરી શકે એમ એની મને જે સમજણ છે, **એ પ્રમાણે કોઈ ગૃહસ્થી માણસ સંસારી સુખ જે ભોગવે છે પતિ–પત્ની તરીકેનું જે કોઈ આ સાંસારિક સુખ ભોગવે છે, એવો માણસ આ પ્રાણાયામ નહિ કરી શકે.** એક સામાન્ય અર્થમાં તમારે પ્રાણાયામ કરવો હોય તો કરો, પણ જેને આ પ્રકૃતિનું ઊર્ધ્વગમન કરવું છે, પ્રકૃતિને ભગવાનની ચેતનામાં જેને પ્રસ્થાપિત કરવી છે. એમાં ભગવાનનાં ચરણકમળમાં એ પ્રકૃતિને ઊર્ધ્વગમન કરીને એનાં ચરણકમળમાંથી ગંગાને ભગવાનની ચેતનાની ધારાને વહેતી કરાવવી છે, એ ઊર્ધ્વગમનના કર્મને માટે આ પ્રાણાયામ જોકે યોગ્યમાં યોગ્ય સાધન છે, પણ તે **ગૃહસ્થી જીવનને માટે એ પ્રકારના પ્રાણાયામની શક્યતા નથી એવી મારી પાકી સમજણ છે.**

ત્યારે એ જેને નૈષ્ઠિક બ્રહ્મચર્ય એકધારું જીવંત પ્રકારનું, ચેતનાવંતું જેના જીવનમાં પ્રગટેલું છે, એ જ માણસ આવી જાતના પ્રાણાયામ કરવાની શક્યતાવાળો છે, કારણ શું કે પ્રાણાયામમાં મુખ્ય આધાર છે શ્વાસ. ત્યારે એનાં ફેફસાં એવાં પ્રકારનાં હોવાં જોઈએ કે એ શ્વાસ. એકધારો એક જરા પણ ગતિમાં ફરક ન પડે. એવો લેવામાં અને મૂકવામાં એટલું જ નહિ પણ ત્યાં ફેફસાંની અંદર પણ એકધારો ટકવામાં અને એટલું જ નહિ પણ એ બિલકુલ ફેફસાં શ્વાસથી મુક્ત થઈ જાય ને એને વેક્યુમ પ્રગટે ત્યારે પણ અમુક જાતની એકધારી બૅલેન્સિંગ એટલે કે સમતુલના એક જ પ્રકારની બિલકુલ એમાં જેમાં ગતિમાં

જરા સરખો પણ ફેરફાર ન થઈ શકે. એવી સ્થિતિ પ્રગટાવવાની શક્યતા આ બ્રહ્મચર્યની સ્થિતિમાં જ રહેતી હોય છે. બીજી કોઈ સ્થિતિમાં એ શક્યતા નથી.

આ ફેફસાંની ગતિ ઉપર જ આ શ્વાસ ઉપર જ આપણા મનુષ્યના જીવનનો આધાર છે. અને આ શ્વાસની ગતિ ઉપર જ કામક્રોધાદિક છે. એ કોઈને સમજણ નહિ પડે, પણ સાહેબ તમે આ વૈજ્ઞાનિક જમાનો છે. અત્યંત કામાતુર હોય તો તમે તમારાં ફેફસાંના શ્વાસની ગતિ સમજી લો. જોઈ લો, તપાસડાવી શકો. તમે તમારી આ નાડીથી પણ તમને સમજાય. મોહની આત્યંતિક અવસ્થામાં. મોહની આત્યંતિક તીવ્રતામાં તમે હોવ તો જુઓ. એવી જ રીતે જે લોભની આત્યંતિક તીવ્રતામાં તમે હોવ—ગુસ્સામાં, ક્રોધમાં હોવ તો તમારું લોહીનું ફરવું જુદા જ પ્રકારનું. તમારી નાડીથી સમજાઈ જાય. શ્વાસથી પણ સમજાઈ જાય.

એવા માણસો આપણા દેશમાં હજુ આજે પણ છે કે તમારા શ્વાસ ઉપરથી તમારી માનસિક સ્થિતિનું એ લોકોને સમજણ થાય છે. ક્યાસ કાઢી શકે છે, પણ તમને કાંઈ એ લોકો કહેતા હોતા નથી, પણ એ લોકોને ગતાગમ પડી શકે છે.

ત્યારે એક મનુષ્યના જીવનનું જીવવાનું એક મોટામાં મોટું પ્રત્યક્ષ પ્રમાણ તો શ્વાસ છે. એ શ્વાસને જ જિંદગી ગણેલી છે. એવા શ્વાસને અમુક પ્રકારની નિયમિતતામાં પણ એ નિયમિતતા જડતાવાળી નથી. ચોકઠાવાળી નથી, જડબેસલાક નથી. એ શ્વાસની અમુક પ્રકારની સ્થિતિ પ્રગટાવવામાં પ્રાણાયામ બહુ મોટો ભાગ ભજવે છે.

પણ એ પ્રાણાયામ મારા તમારા જેવા, ગમે તેવા શીખવા બેસીએ તો લાભને બદલે ગેરલાભ થશે, કારણ કે શ્વાસનું નિયમિતપણું એમાં એ નહિ પ્રગટાવી શકે, કારણ કે એવી રીતે એકધારા લેવા, મૂકવા કરવામાં, અને એનું પણ પ્રમાણ હોય છે. બે, ચાર, આઠ, અમુક અમુક જાતનું કે એ પણ આપણે સરખી રીતે તે તે કાળે, તે તે વખતે શ્વાસની એ પદ્ધતિ લેવા મૂકવામાં

આપણે એટલા બધા સંપૂર્ણપણે સોએ સો ટકા ચોક્કસ નહિ પ્રવર્તી શકીએ. એ આપણી તાકાત બહારની વાત છે. એટલે મારી પાસે તો કોઈ પ્રાણાયામ શીખવા આવે તો હું તો ના જ પાડી દઉં કે મને આવડતું નથી. **હું તો કોઈ પણ ગૃહસ્થી માણસને કે જે કામક્રોધાદિકવાળો છે એને કોઈ દિવસ હું પ્રાણાયામ નહિ શીખવું.** આ વાત મારી ચોક્કસ છે. મારી સમજણ છે એ પ્રમાણે હું તો ભાઈ પ્રવર્ત્યો છું.

## કુંડલિની વિશે

**હવે બીજા કેટલાક લોકો કુંડલિની વિશે તેવું જ પૂછે છે.**

કુંડલિની તમે જ્યાં સુધી કામક્રોધાદિક, રાગદ્વેષાદિક, અહમાદિક તમારા મોળા પડ્યા નથી, ત્યાં સુધી કુંડલિનીને એની મેળે તમે ઉઠાવવાનું કરો તો ભયંકર અધોપાતને નોતરવા જેવું છે ભાઈ. કામક્રોધાદિકમાં તમે ઘણા વધારે એમાં રાચશો.

ભગવાનની ભક્તિમાં તમે એકરસ થઈ જાવ. ભગવાનની ભક્તિમાં આ જ્યારે આપણને રસ લાગે છે, ત્યારે આપમેળે ભઈ આ કુંડલિની તો જાગ્રત થાય છે.

મને પોતાને સમજણ એવી છે. અનુભવની સમજણથી હું કહું છું. આજે ઘણા બધા લઈ મંડેલા હોય તેમને લઈ મંડવા દો. અને આજે લોકોને મહેનત કર્યા સિવાય, પરસેવો પાડ્યા સિવાય, કોઈકના આશીર્વાદથી ઝટ ઝટ મેળવી લેવું છે. એ એક આખી ભ્રમણાત્મક હકીકત છે.

કુંડલિની જાગ્રત થાય. એ કુંડલિનીનો હેતુ પહેલાં તો હું જે સમજું છું મારા પોતાના નાનકડા એક સમુદ્રના આગળ એક બિંદુ જેટલા અનુભવથી મને જે સમજણ પડી છે, તે હું તમને કહું છું.

આધ્યાત્મિક સાધનાના પંથમાં ઉચ્ચતર ભૂમિકાઓમાં જતાં જતાં સૂક્ષ્મ પ્રકારનું એક દેવ-દાનવનું યુદ્ધ પ્રગટે છે. એમાં તમે જુઓ તો આપણાં પુરાણોમાં હકીકત છે કે ઘણીવાર દેવો દાનવોથી હારી જાય છે. ત્યારે એમને વિષ્ણુ ભગવાનની પાસે જવું પડે છે. એમનું

રક્ષણ—એમની શક્તિને લઈને વળી પાછા આવે છે અને દાનવોને હરાવે છે, તે તો મારા હિસાબે એક Symbolic expression પ્રતીક છે.

ત્યારે એવી જે ઉચ્ચ ભૂમિકાઓમાં આ જે દેવ-દાનવોનું યુદ્ધ સૂક્ષ્મપણે જે ખેલાતું હોય છે ત્યાં આપણી હાલની જે જીવદશાની પ્રકૃતિ છે એનું જોર, એની શક્તિ ત્યાં કામ નહિ લાગે. ત્યાં ભગવાનની શક્તિની જરૂર છે. એ યુદ્ધ ખેલવામાં અને આપણામાં રહેલા દાનવો જે સૂક્ષ્મપણે આ ભયંકર સંગ્રામ જ્યારે જામે છે, એ ભયંકર સંગ્રામ—એ દાવાનળ સંગ્રામમાં આ ભગવાનની શક્તિની જરૂર. એ ભગવાનની શક્તિ તે જ કુંડલિની શક્તિ અને ભગવાનની એવી કુંડલિની શક્તિ ભગવાનની શક્તિ ભક્તિ પ્રગટ્યા સિવાય ભાઈ જાગી શકતી નથી.

પહેલાં તો એના માટે ભક્તિ જાગવી જોઈએ. ત્યારે એ જે દેવ અને દાનવોનું સાધનાની ઉચ્ચ ભૂમિકામાં જે ભયંકર સંગ્રામ જાગે છે. એ સંગ્રામમાં ભગવાનની શક્તિ વિના સામાન્ય બીજી કોઈ શક્તિ કામ લાગી શકે એમ છે નહિ. ત્યાં ભગવાનની શક્તિની જ જરૂર છે. **એ ભગવાનની શક્તિ તે જ કુંડલિની શક્તિ. અને એ ભગવાનની ભકિત જાગ્યા સિવાય કદી પ્રાપ્ત થઈ શકતી નથી, અને ભગવાનની શક્તિ ત્યારે જ જાગ્રત થાય જ્યારે તમારામાં ભક્તિ પ્રગટી હોય અને ભક્તિ ત્યારે જ પ્રાપ્ત થાય કે જ્યારે તમારામાં કામ, ક્રોધાદિક, રાગદ્વેષાદિક, અહમાદિક ઘણા મોળા પડી ગયા હોય અને ભગવાનમાં તમારું ચિત્ત જ્યારે લાગ્યું હોય ત્યારે એ બની શકે. ત્યારે જ આ કુંડલિની શક્તિ જાગ્રત થાય છે અને આપમેળે જાગ્રત થાય તે જ ઉત્તમ.**

આજ તો જેમ બનાવટી જે તે બધું નીકળ્યું છે. ભેળસેળવાળું જે તે બધું નીકળ્યું છે. એનો તો આ કાળ છે ભઈ. **અમારે ત્યાં જેને ને તેને કુંડલિની શક્તિ જાગ્રત કરવાનું અને જાગ્રત કરાવી દેવાનું મહાત્મા લોકો કહેતા હોય તો મંજૂર છે. એ મહાત્મા લોકોને અમારા હજારો પ્રેમભકિતભાવે નમસ્કાર છે. જરાકે અવગણના કરીને હું વાત કહેતો નથી, પણ મારી સમજણ આ**

**જાતની છે કે જ્યાં સુધી કામક્રોધાદિક, અહમાદિક, રાગદ્વેષાદિક મોળા પડ્યા નથી ને ભગવાનમાં ચિત્ત લાગે છે, ત્યારે આપમેળે આધ્યાત્મિક ઉચ્ચ કક્ષાઓમાં જઈશું ને ત્યાંની એ સૂક્ષ્મ ભૂમિકાઓમાં, સાધનાની એવી ઉચ્ચતમ ભૂમિકાઓમાં આ દેવ-દાનવનું યુદ્ધ પ્રગટે છે, એ કોઈ અનોખા પ્રકારનું છે.** એનું વર્ણન હાલની આપણી પ્રાકૃતિક દશામાં કામક્રોધાદિકનું જે યુદ્ધ છે. એ તો તદ્દન નજીવું છે. એ ભયંકર યુદ્ધ. એ યુદ્ધની કલ્પના સામાન્ય જીવદશાના માણસોને આવવી પણ શક્ય નથી. એવા સંગ્રામમાં ભગવાનની શક્તિ જ ખપમાં લાગે છે. અને તે આપણાં પુરાણોમાં આ દેવ-દાનવનાં યુદ્ધોમાં અંદર હકીકત આવે છે. દેવો હારી જાય છે અને વિષ્ણુ ભગવાન પાસે એમનું રક્ષણ માગવા, એમની શક્તિ લેવા જાય છે. ભગવાન એમને અભયવચન આપીને પાછા દેવો આવીને દાનવોને હરાવે છે. એ પ્રતીકાત્મક જે હકીકત છે તે બિલકુલ આ સંગ્રામમાં આધ્યાત્મિક સાધનાના ઉચ્ચતર ક્ષેત્રોમાં, ઉચ્ચતર ભૂમિકાઓમાં આ જે દેવ અને દાનવનું જે સૂક્ષ્મમાં સૂક્ષ્મ એવું ભયંકર સંગ્રામ જે મચે છે, ત્યારે ભગવાનની શક્તિ ત્યાં કામ લાગે છે. અને ભગવાનની શક્તિ તે જ કુંડલિની શક્તિ. હરિઃૐ તત્ સત્.

## મોટાનો અનાગ્રહ

આશ્રમના જીવનમાં પણ બહુ બધાંની સાથે હવે તો **મોટા** સંબંધમાં આવ્યા કર્યા છે, પણ એ બધાંની સાથે કોઈ દિવસ પોતે પોતાનો આગ્રહ વ્યક્ત કર્યો હોય કે પોતાના મંતવ્યનું, કોઈને પણ ભાન કરાવ્યું હોય એવું આજ સુધી બન્યું નથી.

હા, સાધનાને માટે જે કોઈ એમને મળ્યાં છે, તેવા લોકોને સાધનામાં યોગ્ય પ્રકારના માર્ગ પરત્વેની સભાનતા પ્રગટાવવાને માટે તેમણે કહ્યું છે ખરું, પણ તે હકીકત જુદા પ્રદેશની છે.

કરવાનું અમુક સમયમાં જ હોય ત્યારે અમુક રીતે જ તે કામ થવું જોઈએ. અથવા તો સુથારનું અમુક લાકડું અમુક કામને માટે

ઘડવું હોય તો તે કામને યોગ્યતા પ્રમાણે જ ઘડાવું જોઈએ. તેવી સમજણ **મોટા**માં સાધના પરત્વે પ્રગટેલી હોવાથી સાધનાના વિકાસ કાજે જે પ્રભુકૃપાથી મળેલાં હોય તેમને તે તે માટેની કરેલી હોય ખરી.

બાકી, જીવનમાં અનેક પ્રકારનાં ક્ષેત્રમાં **મોટા**એ હંમેશાં અનાગ્રહ જ સેવ્યો છે, તે મારો પોતાનો અનુભવ છે. અનેકની સાથે આ પ્રમાણે એ વર્ત્યા છે. **કેટલીકવાર મોટા આખું કોળું ને કોળું શાકમાં જવા દે. ને કદી એક નાનું પણ સરકવા ન દે. ક્યાં આગ્રહ રાખે કે ન રાખે એની સૂક્ષ્મ સૂઝ એમના જીવનમાં એમને પ્રગટેલી છે.** એવો સૂક્ષ્મ પ્રકારનો, ભાવનાત્મક જ્ઞાનભક્તિપૂર્વકનો વિવેક એમના જીવનમાં જાગેલો છે. એ તેમના જીવનની વિશેષતા છે, પણ એ તો વિવેકને પણ છોડી દેનારા છે. અને વિવેકને પણ પકડી રાખતા નથી. કેટલો બધો અનાગ્રહ છે. **જે અશ્લીલ શબ્દ બોલતાં આપણી જીભ અચકાઈ જાય. એવા શબ્દ પણ સમાજમાં ઘણી આગળ પડતી પ્રતિષ્ઠા ભોગવતાં એવા માણસની આગળ પણ *મોટા*ને બોલતા મેં સાંભળેલાં છે.**

એટલે હવે અશ્લીલ બોલવું એ તો સભ્યતાને તિલાંજલિ આપી દીધી ગણાય, પણ એવું પણ કદી કદી બોલતા સંકોચ નથી. એમને આમ જ બોલવું ને આમ જ વર્તવું ને રહેવું ને કરવું એવાં બધાં ચોકઠાંમાં કદી એ પ્રવર્તી શકતા નથી. એ પણ અમારે નિત્ય રોજબરોજનો અનુભવ છે.

એમને કાંઈ કશાનો આગવો શોખ નથી. પહેરવા ઓઢવાનો પણ ખાસ શોખ નથી. એ ઘરેણાં પહેરે છે ખરા, પણ એ તેમના પોતાના શરીરના ઉત્સવ પ્રસંગ વેળાએ જ. એ તો ઘરેણાં માગે છે પણ ખરા. અને ઘરેણાં એમને મળ્યાં પણ કરેલાં છે. અને કપડાં પણ મળેલાં છે, પરંતુ પહેરવાનો એમનો આગ્રહ નથી. સારાં સારાં કપડાં કે ઘરેણાં વેચીને અને એના પૈસા મેળવીને સારાં કામમાં એનો ઉપયોગ કરે છે. પોતાની પાસે કોઈ એવા ભેટમાં વધી ગયેલાં એને પણ વેચીને પૈસા એકઠાં કરે છે અને એકલા લંગોટભેર રહેવું

હોય તો લંગોટ પહેરીને નિરાંતે એ રહી શકે છે. કપડાં પહેરવાનો પણ એમને આગ્રહ છે એવું કશું નથી.

કરાંચી શહેરમાં કપડાં કાઢીને કેટલાય કલાક સુધી ફર્યા કર્યા હતા, પણ પારકા દેશમાં અને અજાણી વસ્તીમાં જ્યાં કોઈ ઓળખતું ન હોય, ધારો કે તો કરી શકાય, પણ ગાંધી આશ્રમમાં જ મારા ઘર આગળ જ. નાથાકાકા કરીને એક ભાઈ સોજીત્રાના હતા. તે ઘણીવાર અમારે ત્યાં આવે. ને **મોટા**ને ઘણીવાર કહે નાગી, નાગી એમ બોલ્યા કરે.

**મોટા**એ કૃષ્ણ ભગવાનની જેમ શિશુપાળની અમુક પ્રકારની ગાળો અમુક હદ સુધી સાંભળ્યા કરી. એવી રીતે **મોટા**એ પણ એમને એકવાર કહી દીધું કે નાથાકાકા હવે તમે જો નાગી નાગી કે નાગો બોલ્યા છો તો આ ધોતિયું કાઢીને તમને એવા પકડી રાખીશ કે તમે ભઈશાબ કહેશો તોપણ તમારો છાલ નહિ છોડું. હવે બેસ બેસ તું મોટી. કપડાં કાઢનારી નાગી હોય તો. મારી અમસ્તી. આમ **મોટા**ને નાથાકાકાએ આમ કહ્યું ને **મોટા**એ તો કપડાં કાઢી નાખ્યાં. અમારા જ ઓટલા પાછળ કેટલીક બહેનો ઊભી હતી. **મોટા**ને બિલકુલ સંકોચ નહિ થયો. અરે! એ તો નાથાકાકાને એવા વળગી રહ્યા કે નાથાકાકા તો દોડ્યા જાય પણ **મોટા**એ પાછળ દોડ્યા જાય. અને નાથાકાકાએ જ્યારે માફી માગી. ત્યારે એટલે આનો પણ એમને આગ્રહ નથી. અનાગ્રહ છે.

જીવનમાં સૂક્ષ્મ હકીકતો પરત્વે અથવા તો અમુક પ્રકારના વર્તન પરત્વે અથવા તો સ્થૂળ જીવન કે સ્થૂળ શરીરની પરત્વે પણ એમનો અનાગ્રહ છે, એવા અનેક પ્રસંગો ટાંકી શકાય અને લખી પણ શકાય, પણ એ બધું લખતાં બહુ મોટો વિસ્તાર થઈ જાય, એટલે આટલી હકીકત જ એને માટે પૂરતી છે.

## મોટાની આવડત ને વ્યવસ્થાશક્તિ

આજે પણ **મોટા**ને જોઈને કોઈને એમ ન થાય કે આ **મોટા**માં ભારે આવડત હશે. શક્તિ હશે, સમજણ હશે. પ્રત્યેક માનવીને

મારી ભલામણ છે કે મારી આ સમજણ સાચી છે કે કેમ તે **મોટા**ને જોઈને પોતે અનુભવી લે.

એમણે આશ્રમો કાઢ્યા અને એમણે વહીવટ ચલાવ્યો. એ વહીવટ ને એની વ્યવસ્થા **મોટા**માં કેટલી સમજણ, શક્તિ છે, તે પુરવાર કરી આપવાને પૂરતી છે. એટલું જ નહિ પણ આશ્રમમાં કેટલા જુદા જુદા પ્રકારના સ્વભાવનાં માણસો આવે છે, બહેનો આવે છે, બાળકો આવે છે, વૃદ્ધો આવે છે. એ બધાંની સાથે મેં **મોટા**નો વર્તાવ ને બધાંની સાથે હળી, ભળી, ગળી જવાની એમની એ રીત એક અનોખી હતી.

**મોટા**ની એક વિશેષતા પણ છે કે માનો કે ભઈ **મોટા**ને માટે મને લાગણી છે. એમ કોઈ કહે તો એ **મોટા** માની લે એવા નથી. એ લાગણી **મોટા** પરત્વેની તે લોકોના મનની લાગણી છે, તો એ કર્મમાં સાકાર થવી જોઈએ. લાગણી જ્યારે થાય અને જો સાચી હોય તો કોઈ ને કોઈ રીતે સાકારપણામાં તે પ્રગટવી જોઈએ. જેમ કે મોહ થાય, આપણને લોભ થાય કે આપણને કામ થાય કે વાસના થાય.

## ચેતનામાં નિષ્ઠાવંત થયેલા શરીરધારીનાં લક્ષણો વિશે

ચેતનામાં નિષ્ઠાવંત થયેલા શરીરધારી જે આત્મા છે, તેમને પારખવાને કોઈક લક્ષણ ખરાં કે નહિ ? એમ કોઈ સવાલ જે કેટલાંક પૂછે છે, તેને **મોટા** પોતાની મૌલિક રીતે જવાબ પણ આપે છે.

ભઈ એ પારખવાને માટે જેમ કશાકમાં કોઈક યંત્રમાં વીજળી લીકેજ થતી હોય તો એ પારખવાને માટેનું એક જુદું યંત્ર મળે છે. એવા જ પ્રકારનું કોઈ યંત્ર હોય તો વીજળી લીકેજ થતી તે પારખી શકાય. તેવી રીતે ચેતનામાં નિષ્ઠાવંત થયેલો શરીરધારી જે આત્મા છે, એના જીવનમાં એવાં કેટલાંક લક્ષણો તો હોય છે પણ એ લક્ષણો પ્રત્યક્ષપણે પ્રવર્તેલાં જીવનમાં હોય પણ સામો માણસ પારખે નહિ તેનું શું કરવું ?

દા.ત., એક હકીકત **મોટા** એમ કહે છે કે તે સંપૂર્ણ નિઃસ્પૃહી હોય અને પાછો સ્વાર્થવાળો પણ હોય. આ બે એકબીજાથી તદ્દન વિરોધાત્મક પાસાં. એનો સમન્વય કેવી રીતે હોઈ શકે ? એ બુદ્ધિમાં આપણે ઊતરતું નથી પણ એવો હોય છે ખરો.

એનો એક દાખલો **મોટા**ના જીવનમાં પ્રત્યક્ષ જોયેલો તે હકીકત કહું છું. **મોટા**નું જીવનચરિત્ર એક મુંબઈની મોટામાં મોટી પેઢી પબ્લિશર્સ આર. આર. શેઠ ઍન્ડ કંપની છપાવે છે. તેનું કેટલાક ભાઈઓ લખાણ લખે છે. એ તો **મોટા**ના સ્વાર્થની વાત થઈ, પણ એમાં પણ એટલા બધા નિઃસ્પૃહપણે વર્તે કે એક ભાઈ જે લખનાર હતા, તેના પર તેને ગુસ્સો થઈને પણ એમણે કહ્યું તેથી એ ભાઈને ખોટું પણ લાગી ગયું.

હવે જો એ વિચારવામાં આવે એને જે લખનાર હતા. ભાઈને જે વિચારવામાં—ખ્યાલમાં આવે કે ભઈ આ તો **મોટા**એ એક મોટી વાત બતાવી દીધી. લક્ષણ બતાવી દીધું. કેટલા નિઃસ્પૃહી છે! જો પેલાને એમ થાય કે સાલું આ તો નહિ તો એ ખરેખરા જો સ્વાર્થી હોય તો આ પોતાનું કામ પતાવી લેવામાં દુનિયાદારીની જેમ વહેવારુ માણસો હોય છે એ તો પોતાનું કામ એકદમ કઢાવી લેવામાં એકદમ ચકોર—ચતુર હોય અને તે વખતે નીતિ ઊંધી કરી દે. તો કે હા ભઈ એ વાત તો સાચી. એ માન્યામાં આવે એવી વાત.

પણ આ **મોટા**નાં કેટલાંય એવાં કેટલીય વખતે લક્ષણો એવાં મેં જાતેજાત જોયેલાં છે કે સંપૂર્ણ નિઃસ્પૃહ હોય. એ નિઃસ્પૃહતાની આ આપણી બુદ્ધિ કબૂલ કરે એવી હકીકત હોય પણ તે વખતે ત્યાં કેટલાકને પોતાનું અહમ્ વચ્ચે આડું આવી જાય છે. એ અહમ્ ઘવાય એટલે પેલી મૂળ વાત જતી રહે.

ત્યારે આ એક એવા જીવનમાં એક સંપૂર્ણ નિઃસ્પૃહ હોય છે. **મોટા**એ કેટલાયે શેઠિયાઓને પણ એવું સંભળાવી દીધું છે. એ મારી જાતમાહિતીની વાત છે અને જાતોજાત એનો હું સાક્ષી છું. મેં જાતે જોયું છે.

ત્યારે આવો નિઃસ્પૃહી માણસ હોવા છતાં પાછો એ સ્વાર્થવાળો, પોતાના કામને કઢાવવાવાળો પણ હોય છે. આ બે વસ્તુનો સમન્વય એના જીવનમાં થયેલો હોય છે. એવી રીતે એ સંપૂર્ણ કામનાવાળો. આ તે કાંઈ તમે વાત કરો છો. ઉરાંગઉટાંગ જેવી પણ આ તદ્દન સાચી.

એની સામી બાજુનાં પાસાં જોવાં જોઈએ તો એમને કેટલીયવાર લોકો **મોટા**ને કોક પહેલા પરિચયવાળા રૂપિયા આપવા આવે તો એ ના કહે. ભઈ, ઊભા તો રહો. હમણાં જુઓ. **મોટા**ને તો ઘણી યોજના હોય, કામ લઈને બેઠા હોય. લાખો રૂપિયાનાં કામ લીધાં હોય તોપણ એવાના પૈસા એમણે જતા કરેલા છે. મારી જાત માહિતીની હકીકત છે.

એટલે એ લોભી, પોતાના સ્વાર્થને માટે તો કોઈ કામ કશું હોતું નથી. સમગ્ર જનસમાજનાં કામો એમણે માથે લીધેલાં હોય છે. એટલે કે પરમાર્થનાં કામો હોય છે, પણ એ પરમાર્થનાં કામમાં પણ પાછા પોતે એ કામી છે, લોભી, મોહી પણ છે. નથી એમ નથી. પણ તે સાથે બધું કરતા હોવા છતાં સંપૂર્ણ નિઃસ્પૃહતા એમનામાં પ્રવર્તેલી કેટલાય પ્રસંગમાં જોયેલી છે. ત્યારે જેમ સંપૂર્ણ કામવાળા તેમ જ સંપૂર્ણ નિષ્કામવાળા. સંપૂર્ણ લોભી તેમ છતાંય એની સામેના વિરોધાત્મક પાસામાં સંપૂર્ણ નિર્લોભી. સંપૂર્ણ મોહી અને સંપૂર્ણ નિર્મોહી. આવા એકબીજાથી સામસામેનાં પાસાંનો અને તે પાસાં એકબીજાથી તદ્દન વિરોધવાળાં એવાં પાસાંનો જેના જીવનમાં સમન્વય થયેલો છે, મેળ થયેલો છે, તે ચેતનામાં નિષ્ઠા પામેલો છે એમ પ્રમાણવું.

પણ એ આવું પ્રત્યક્ષ જેના જીવનમાં પ્રવર્તતું હોય તેને તે તે પાસું જ્યારે વ્યક્ત થયા જતું હોય, ત્યારે એ પાસાને તે રીતે જ અનુભવવું એ એક જુદી હકીકત છે. એ અનુભવવાની કળા તો આપણામાં જ્યાં સુધી એવી ભક્તિ નહિ પ્રગટે, ત્યાં સુધી એને આપણે પિછાણી નહિ શકીએ. જાતોજાત બનતું હોવા છતાં પ્રત્યક્ષપણે બનતું હોવા છતાં આપણે એને પારખી નહિ શકીએ.

દા.ત., **મોટા** તો ઘણીવાર એમ કહે છે કે ભઈ, મારો હજાર હાથવાળો ભગવાન આ બધાં કામ પૂરાં પાડે છે. મેં એમના જીવનમાં જોયું છે કે એમણે ઘણા ૧૯૬૨ની સાલથી શરૂઆત લાખથી કરી. બે લાખ, ત્રણ લાખ, ચાર લાખ, પાંચ લાખ, સાત લાખ ને સાડા નવ લાખ, અને આ સાલ તો એના કરતાં પણ વધી ગયા, પણ એ કામ લીધાં. એમણે એ કર્મ કરવાનાં લીધાં. એમના જીવનમાં પ્રયોગાત્મક અનુભવ થતા ગયા છે. પ્રયોગાત્મક—માની લેવાનું નહિ, કલ્પનાથી નહિ, બુદ્ધિથી નહિ પણ પ્રત્યક્ષપણે. કેટલાય એમને એવા માણસો આપમેળે મળી આવે છે અને એમનાં કામ એ રીતે અનેક હાથો દ્વારા થયા કરે છે. એ અમે જીવતીજાગતી અને પ્રત્યક્ષ અનુભવેલી હકીકત છે.

ત્યારે બીજો એક પણ છે. લક્ષણ. કે કેટલાયના જીવનમાં એવા ચેતનામાં નિષ્ઠાવંત થયેલા શરીરધારી જે આત્મા છે, તેમના જીવનમાંની ચેતનાની ધારણા કોઈક કોઈક જીવને સ્પર્શી હોય છે. અને ત્યારે એ પોતાની શરીરની શક્તિની જે મર્યાદા છે, એમાં એ મર્યાદાને વટાવી જઈને પણ એ કામ કરતાં, કામ કરી રહેલા હોય છે. એવા જીવોની જીવનની હકીકતો પણ જાણીતી છે. એનાં નામ તો હું નહિ આપી શકું પણ એ હકીકતો જાણી છે, પરંતુ એવો Receptive ભાવ એવી એમની આધ્યાત્મિક જીવન પરત્વેની મહત્ત્વાકાંક્ષા, એમનું ધ્યેય એવું ધગધગતું એમના જીવનમાં પ્રવર્તેલું નહિ હોવાથી કરીને એવી ચેતનાની ધારણા એમના જીવનમાં ટકી શકી નહિ. ચાલી ગઈ, પરંતુ એના સંસ્કાર પડ્યા સિવાય રહેતા નથી, પણ એ સંસ્કાર પણ જે ભક્તિ પ્રગટી હોય અને તેના જીવનમાં એ સંસ્કાર જે પ્રાણવંતા, ચેતનવંતા, જીવતાજાગતા બને છે. એવા પેલા જીવમાં જેની ભૂમિકા એવી યોગ્ય પ્રકારની પ્રગટેલી નથી, જીવતીજાગતી થયેલી નથી. એવા જીવના જીવદશાના વહેણમાં પેલા ચેતનાની ધારણાના જે સંસ્કાર પડે છે તે એવા પ્રબળ પડતા નથી. તોપણ એનો પણ હેતુ માર્યો જતો નથી. કાળે કરીને એવા સંસ્કારો પણ—પડેલા સંસ્કારો પણ. સત્સંગનો જે મહિમા ગાયેલો છે

તે આ રીતનો છે. કે એવા સંસ્કારો પણ એના જીવનમાં કોઈ ને કોઈ કાળે એ ઉદય વર્તમાન થાય, ત્યારે તેને એવાં જ વલણમાં લઈ જાય ખરા, પરંતુ જીવનનું ધ્યેય એવા પ્રકારનું જ્યારે તમન્નાવાળું, ઉત્કટ ઝંખનાવાળું, જ્વાળામુખીની પ્રગટતી પ્રખર જ્વાળાઓ સમું જ્યાં સુધી નહિ થયું હોય, ત્યાં સુધી સામાના એવા ચેતનામાં નિષ્ઠાવંત થયેલા શરીરધારી આત્માના જીવનની ચેતનાની ભાવના તેમના જીવનને સ્પર્શે તોપણ તેવા પ્રકારની નહિ થઈ શકે.

એટલે આવા લોકોના પ્રસંગમાં આવેલા કેટલાક જીવોને એમના સ્પર્શથી કરીને એવી એક પ્રકારની શક્તિ તે કાળે, તે પ્રસંગમાં, તેમને પ્રવર્તેલી એ દેખાય છે. એટલું જ નહિ પણ કર્મમાં પણ તે સામાન્ય જીવદશાવાળા જીવની સામાન્ય જે શક્તિ હોય, એ શક્તિની મર્યાદાને પણ એ વટાવી ગયેલી હોય છે, એવા દાખલા છે. ત્યારે એ એવું જે બને છે, એ આવા લોકોની ચેતનાની ભાવનાને પ્રબળતાને કારણે એમ બનતું હોય છે.

આવા જુદા જુદા પ્રકારનાં લક્ષણો આવા જીવનમાં પ્રત્યક્ષપણે હોય છે તો ખરાં, પણ એને પણ સમજવાને માટે આપણા દિલમાં જ્યારે ખરેખરી ભક્તિ પ્રગટે, ત્યારે તે પ્રમાણે આપણાથી અનુભવાય. બાકી તો આપણે જીવદશામાં હોવાથી અનેક પ્રકારના આ લોકો આપણને તો ધક્કા માર્યા સિવાય રહેવાના નહિ. અને એમના ધક્કાને ઝીલવાને માટે, એ ધક્કા અનેક પ્રકારના મારે, પણ એ ધક્કાને જીરવવાને માટે, પચવવાને માટે આપણા આધારના રોમેરોમમાં આપણા જીવનને તાદૃશપણે એકરસ થવાને માટે જે જાતની આપણી પાત્રતા, ભૂમિકા એકધારી ભક્તિવાળી, ચેતનવંતી પ્રગટેલી હોય ત્યારે એને જે ઝીલે છે, એને એ ઝીલવામાં જે એને ઉમળકો છે તે કોઈ ન્યારો છે.

*સમર્પણ યજ્ઞ જીવનની ઝલક કોઈ ન્યારી ન્યારી છે.*

ત્યારે એવો સમર્પણ યજ્ઞ જેના જીવનમાં એકધારો, ચેતનવંતો પોતાના ધ્યેયને પોતાના જીવનમાં સાકાર કરવાને માટે જે ચેતનવંતો મર્દ થઈને પરાક્રમી અને મહાપુરુષાર્થી જે મથ્યો રહે છે અને એકધારો

જે પોતાના જીવનમાં એને જ લક્ષમાં રાખીને જે સતત, એકધારો, તૈલવત્, મંડ્યો રહ્યા કરેલો છે. એના આધારમાં આવા જીવનનો જે સ્પર્શ થાય તો એ સ્પર્શનો રણકો કોઈ અનેરા પ્રકારનો છે.

ત્યારે આવા લોકોનાં લક્ષણો તો હોય છે અને તે પરખાઈ શકે એવાં હોય છે, પણ એ પારખવાને માટે પણ આપણી પાસે એવી ભૂમિકા જોઈશે. હરિઃૐ તત્-સત્.

## પૂ. મોટાએ પોતાનાં માતુશ્રીને મરણ ટાણે આપેલાં દર્શન

**મોટા**ના જીવનની એક ભારે કટોકટીના કાળની વાત કરીએ. **મોટા,** નરસિંહરાવ ભોળાનાથની બે દોહિત્રીઓને લઈને બનારસમાં હિંદુ યુનિવર્સિટીમાં હતા. ત્યારે **મોટા** પર એમના નાના ભાઈ મૂળજીભાઈ ભગતનો કાગળ આવ્યો કે, ભાઈ, બા તો હવે મરણપથારીએ છે અને કેટલા દિવસ જીવશે તે નક્કી નથી ને તમને બા બહુ યાદ કરે છે. ત્યારે **મોટા**થી તો ત્યાં જઈ શકાય એવું હતું નહિ. જે **મોટા** તો એમ જ હંમેશાં માનતા કે પરિસ્થિતિનો મળેલો ધર્મ અને એનો સ્વીકાર અને તે પ્રમાણેનું કર્તવ્ય એ જ મુખ્ય ધર્મ છે. એટલે એમણે તો કરાંચી પેલી દીકરીઓના બાપને તાર કર્યો કે મારી આવી સ્થિતિ છે ને મારે એકદમ નડિયાદ જવું જ જોઈએ માટે તત્કાળ આ છોકરીઓ સાથે રહી શકે એવી તમે વ્યવસ્થા કરો. એમણે તો કરાંચીથી વળતો તાર કર્યો કે ભાઈ તમે ગમેતેમ વ્યવસ્થા કરીને તું તારે જા, પણ પારકા પ્રદેશમાં આ છોકરીઓને એકલી મૂકીને જવું કેવી રીતે ? ને કોને મૂકવો ? અને બનારસ હિંદુ યુનિવર્સિટીમાં એક કાયદો એવો હતો કે જે છોકરીઓની સાથે એમનો વડીલ હોય અને એમનો જે જવાબદાર એવો કોઈ યોગ્ય માણસ ના હોય તો એમને ત્યાં રાખવા દેવામાં ના આવે. અને અમે તો ત્યાં બંગલો ભાડે રાખીને રહેલાં. એટલે મને તો કોઈ એવું યોગ્ય માણસ ત્યાં મળ્યું પણ નહિ ને કેવી રીતે હું જઉં ? તો ત્યાં મેં જવાબ લખ્યો કે ભાઈ તમે આવો તો જ બની શકે, પણ એ આવ્યા નહિ ને મને આ જવાબદારી આવી. એ જવાબદારી **મોટા**એ તો અદા કરવી રહી.

હવે એ સ્થિતિમાં **મોટા** તો પુરાઈ રહ્યા. અને ભગવાનનો જ એક આશરો એમણે લીધો. અને એક હકીકત એ હતી કે **મોટા** જ્યારે આ હરિજન સેવક સંઘની પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ લેવાના હતા ત્યારે માના આશીર્વાદ લેવા ગયા. માગ્યા. ત્યારે માએ કહ્યું કે અલ્યા, તને ચકલાંને નાખવા પાશેર ચણ તો મળતાં નથી અને આ વળી આટલું નહિ જેવું તું લાવે છે. તે પણ મૂકી દે છે. આ તે કાંઈ રીત છે તારી ? અને તું શું ત્યાં જઈને પામવાનો છે વિશેષ ? માટે અહીં રહ્યે રહ્યે જે તે કર. અને આ નોકરી કર. પછી મેં... **મોટા**એ તો એમની માને ઘણું સમજાવ્યા. તો કહે કે ભઈ જો. તારે મને રકમ આપવી પડશે. **મોટા**એ કહ્યું કે હા, બા. આપીશ. બોલ તું તારી મેળે. કહે કે મહિને પાંચ રૂપિયા મને આપજે. તે **મોટા**એ તો એ વ્યવસ્થા કરી દીધેલી, પરંતુ બીજું વચન એમણે માગ્યું. ત્યારે **મોટા**ની બાએ કહ્યું કે દીકરા, હું માંદી પડું ને મરવા ટાણે તારે મારી પાસે હાજર રહેવું. તો **મોટા** તો રાજી થઈ ગયા. કે બા એ તો મારો ધર્મ છે. તારી સેવા કરવી એ તો મારું સદ્‌ભાગ્ય છે. અને એવા કાળે તો મને પણ તારી પાસે રહેવાનું મન થાય જ.

હવે આ પરિસ્થિતિમાં પોતે વચન આપી ચૂકેલા અને પોતે ત્યાં જઈ શકે એવી સ્થિતિ ન હતી. એ સ્થિતિમાં એમણે તો ભગવાનનો જ આશરો લીધો. અને સતત એકધારા ભગવાનની સ્મરણભાવનામાં, પ્રાર્થનાભાવનામાં, આર્દ્ર ને આર્ત ભાવે સતત પોકાર પાડ્યા જ કર્યા. અને ભગવાનની કૃપાનો અનહદ જે લહાવો **મોટા**ને મળ્યો. તે એનો આનંદ તો તે અનુભવવાળો જ સમજી શકે. અને ત્યાં નડિયાદમાં **મોટા**ની બાને મરવા ટાણે **મોટા**ને ત્યાં ભગવાને પ્રત્યક્ષ કરી દીધા. આ હકીકતની વાત છે. ત્યારે **મોટા**ના નાના ભાઈ મૂળજીભાઈ ત્યાં હતા એમને **મોટા**ની બાએ કહ્યું કે અલ્યા, મૂળિયા જો આ ચૂનિયો આવ્યો, પણ ખૂબીની વાત તો એ છે કે જો મૂળજીભાઈ જરાક વહેવારુ હોત ને તો મૂળજીભાઈએ તો એમ કહ્યું હોત કે સારું, બહુ સારું થયું કે ભઈ, ચાલ ચૂનિયો તારી

પાસે મરતી વખતે આવ્યો તે સારું થયું, પણ મૂળજીભાઈ તો એવા કે અરે! કે બા ચૂનિયો અહીં ક્યાંથી હોય ? ચૂનિયો તો કાશીમાં છે. અરે કે હોય ? ના હોય. અહીં મારી પાસે જો. મારા પગ દાબે છે. અને જો આ રહ્યો. મને વચન આપેલું ચૂનિયાએ કે મરણ ટાણે હું તારી પાસે હાજર રહીશ. તે હાજર રહ્યો છે. જો આ! અને **મોટા**એ—**મોટા**ને મૂળજીભાઈએ એ જાતનો કાગળ લખેલો એ કાગળ મારી પાસે ઘણા વખત સુધી હતો. અત્યારે પણ મેં ખોળવાનો તો પ્રયત્ન કર્યો પણ હજુ મને જડતો નથી, પણ ક્યાંક મેં રાખેલો છે, એ મારા મનથી સાચી હકીકત છે, પણ આના ઉપરાંત બીજી ખૂબી તો એ છે કે **મોટા**ને એમના ગુરુમહારાજે ઘણીવાર કહેલું કે ભઈ ચેતનામાં નિષ્ઠાવંત થયેલો શરીરધારી આત્મા એના સંસર્ગમાં કોઈ કામથી, મોહથી, લોભથી અને રાગથી કરીને પણ જે કોઈ એની સાથે ખરેખરો સંકળાયેલો છે, એનો જન્મ વહેલો થાય છે.

## મોટાનાં બાનો પુનર્જન્મ

એટલે **મોટા**ને તો એમ લાગ્યું કે આ એક ખરી રીત છે. મને મારાં લક્ષણની પણ આ પ્રયોગની રીતે પણ—**મોટા**ને આની સમજણ પણ પડી જશે. અને એમની માનો જન્મ થયો છે, તે કે એની પણ એને. જો તાત્કાલિક જન્મ થાય તો **મોટા**ને પોતાની સ્થિતિ વિશેની એક પ્રયોગાત્મક હકીકત મળી જાય.

એટલે **મોટા**એ પછી શું કર્યું ? કે જ્યારે એમના ભાઈનો કાગળ આવ્યો, ત્યારે તો એ એમને એક ધ્યાનમાં—એક-એક એવી પરિસ્થિતિ છે એક ધ્યાનમાં કે એને સંયમ કહે છે, એ સંયમ આપણે ઇંદ્રિયો પર સંયમ રાખવાની એ વાત છે એ નથી. આ સંયમ કોઈ ન્યારા પ્રકારનો છે. યોગની ભાષાનો આ શબ્દ છે. ટેક્નિકલ શબ્દ છે.

તે સંયમની વાત એવી છે કે ધ્યાનમાં જ્યારે સંપૂર્ણપણે આપણે એકાકાર થઈ ગયાં હોય અને આ શરીરની Consciousness સભાનતા જવાની પળ હોય એ પળે જો જે કોઈ સંકલ્પ આપણે

રાખીએ એ સંકલ્પ સાકાર થઈ જાય. આ કાંઈ નાનીસૂની વાત નથી. આ તો બોલવામાં તો સહેલું છે, પણ એવી વખતે આવી એટલી બધી તીવ્રતાવાળી, ઉત્કટમાં ઉત્કટ સભાનતા કોઈ પણ એક સંકલ્પ પરત્વે જીવતીજાગતી ચેતનવંતી તે વખતે પ્રગટેલી હોવી એક દુર્ઘટ ઘટના છે, પણ **મોટા**ને તો એ હસ્તામલકવત્ જેવી સ્થિતિ હતી. એટલે એમણે તો ત્યારે એવું ધ્યાન ધરી અને શરીરની એમની સભાનતા જવાની પળે જ તે સંકલ્પને પોતાનામાં ધારણ કર્યો. અને એ ધારણ કરતાંની સમયે જ એમને કાશીની જુદી જુદી શેરીઓ ને ગલીઓ ને ક્યાં ક્યાંથી કેવાં કેવાં વળાંક થઈને કેવે કેવે ઠેકાણે, મુખ્ય ચાર રસ્તા આવે ત્યાં કેવું કેવું હોય આ બધુંય પ્રત્યક્ષ એમની નજરોમાં આવ્યું. અને ત્યાં કોઈક એક વળાંકની ગલીમાં કોઈક એક ઘેર એક બાળકી માતાને જન્મી છે. એ બાળકી તે એમનાં માતાનું સ્વરૂપ. એ એમને પ્રત્યક્ષપણે બધું નજરોનજર સામે આવ્યું.

અને સવારમાં જ એ તો વહેલા ઊઠીને એ પ્રમાણે એમને તે તાદૃશપણે એકએક પ્રત્યક્ષ Detailવાળું જે દર્શન થયેલું અને તે બધું એમને તાજું હતું અને બહુ સ્મરણમાં રહેલું અને તે પ્રમાણે ચાલતાં, ચાલતાં, ફરતાં ફરતાં અનેક વળાંકો લેતાં લેતાં જે જે પ્રમાણે નિશાનો મળેલાં તે પ્રમાણે ત્યાં જતા એ ઘર આગળ પહોંચી ગયા અને તે ઘરના ઓટલા પર એ બેસી રહ્યા. અને ઘરના લોકોનું ધ્યાન દોરાયું નહિ એટલે પોતે ભજન ગાવા લાગ્યા અને સ્મરણ ગાવા લાગ્યા. ધૂન ચલાવી એટલે બેચાર માણસો ઘરમાંથી આવ્યા. પછી આવવા લાગ્યા, પણ કોઈએ કાંઈ પૂછ્યું નહિ.

તેમ છતાં પછી એક ભાઈ આવ્યા. કે ભઈ કેમ તમે આટલો બધો વખત ઓટલે બેસી રહ્યા છો ? વાત તો બધા હિંદીમાં કરતા હતા. કે આટલો બધો વખત ભાઈ. તે **મોટા** તો બીજું શું કહે ? પણ એમ કહ્યું એમણે તો કે રાત્રે ભઈ મને સ્વપ્ન આવ્યું, સ્વપ્નમાં મેં તમારે ઘેર એક બાળકી જન્મી છે એમ મને આવ્યું. અને એ બાળકી છે તે આ મારા જીવન સાથે સંકળાયેલો જીવ છે. એને મારે માત્ર

દર્શન કરીને જતા રહેવું છે. બીજું કશું મારે કામ નથી. અને મને આવો હુકમ મળેલો છે એટલા માટે હું બે કલાકથી અહીં બેસી રહ્યો છું. કહે ભાઈ, કે તમે હમણાં જ જન્મ થયો છે. હમણાં હવે એને બારચૌદ કલાક પણ થયા નથી. અને તમે અજાણ્યા માણસને કેવી રીતે થાય ? મેં કહ્યું જેવી તમારી મરજી. મારે કોઈ જાતનો આગ્રહ નથી. પણ આ તો મને હુકમ થયો છે ભગવાનનો, એટલે હું બેઠો છું. તમે કહેશો તો ચારપાંચ કલાક પણ બેસીશ, પણ મને વાંધો નથી. માત્ર દર્શન કરીને હું ચાલ્યો જઈશ.

એ લોકોને મારા પર કાં તો દયા આવી કરુણા આવી. ગમે તેમ પણ મને અંદર લઈ ગયા. અને બૈરાં લોક-વેગળે જઈને છોકરી લાવીને મને આપી. અને મેં મારા ખોળામાં લીધી. બાળકીને પગે લાગ્યો. અને મને પ્રતીતિ થઈ ગઈ કે ભઈ આ જે આવા જે ચેતનાવંત શરીરધારી જે આત્મા છે એનો સંસર્ગ રાગવાળો પણ જો હોય, પણ તે ખરેખરો રાગવાળો. એ રાગમાં honesty, sincerity and devotion of purpose પૂરેપૂરાં પાકાં હોવાં જોઈએ.

અને **મોટા**ની માને **મોટા** પર તો ઘણો રાગ હતો. એ વાત તો તદ્દન સાચી છે. એ એવા રાગવાળો જીવ એનામાં **મોટા**નામાં, એમનો—એમની માનું દિલ હતું. અને એ **મોટા**ને જ્યારે જાણવા મળ્યું કે એમનો થોડા જ વખતમાં એમનો જીવ ફરીથી વહેલામાં આટલો વહેલા કાળમાં જન્મ થવો એ **મોટા**ને ભગવાનની કૃપાથી એમના ગુરુમહારાજના આશીર્વાદથી પોતાના જીવનની પ્રત્યક્ષ હાલની જે આધ્યાત્મિક ભૂમિકાવાળી જે હકીકત છે એની એમને જે ખાતરી થઈ અને એનાથી જે આનંદ થયો એ ભગવાને કૃપા કરીને અત્યંત કરુણા કરીને એમને જે આ પ્રયોગનું દર્શન—અનુભવ જે કરાવ્યો એથી એમના જીવનમાં જે ગદ્‌ગદભાવ તે કાળે પ્રગટ્યો અને ભગવાન ઉપર એઓ કેટલા બધા વારી ગયા હશે તે તો આપણે માત્ર કલ્પનાથી સમજી શકીએ એવી હકીકત છે.

।। હરિઃૐ ।।

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો....ૐ શરણ.

મન વાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો....ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો....ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા....ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો....ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજબ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા....ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો....ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો....ૐ શરણ.

મન, મતિ, પ્રાણ પ્રભુ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો....ૐ શરણ.

— શ્રીમોટા

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનંસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |
| ૧૩. | આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. | અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. | જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. | ભાવ | ૧૯૭૧ |
| ૧૭. | જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. | જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. | જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. | જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. | શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. | જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. | જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. | જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. | જીવનઆહ્લાદ | ૧૯૭૨ |
| ૨૬. | રાગદ્વેષ | ૧૯૭૨ |

| | |
|---|---|
| ૨૭. નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. મોહ | ૧૯૭૩ |
| ૩૬. કૃપા | ૧૯૭૩ |
| ૩૭. સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

●

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કૅન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

●

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |

૩. શ્રીમોટા સાથે
હિમાલયયાત્રા ૧૯૯૪
૪. શ્રીમોટાની મહત્તા ૧૯૯૫
૫. મળાયું પણ ભળાયું નહિ ૧૯૯૫
૬. મળ્યા ફળ્યાની કેડી ૨૦૦૧
૭. મોટા - મારી મા ૨૦૦૩

•

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

•

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

●

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિઃૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

ભગવાનની શક્તિ તે જ કુંડલિની શક્તિ. અને એ ભગવાનની ભક્તિ જાગ્યા સિવાય કદી પ્રાપ્ત થઈ શકતી નથી. અને ભગવાનની શક્તિ ત્યારે જ જાગ્રત થાય જ્યારે તમારામાં ભક્તિ પ્રગટી હોય અને ભક્તિ ત્યારે જ પ્રાપ્ત થાય જ્યારે તમારામાં કામ, ક્રોધાદિક, રાગદ્વેષાદિક, અહમાદિક ઘણા મોળા પડી ગયા હોય અને ભગવાનમાં તમારું ચિત્ત જ્યારે લાગ્યું હોય ત્યારે એ બની શકે. ત્યારે જ આ કુંડલિની શક્તિ જાગ્રત થાય છે અને આપમેળે જાગ્રત થાય તે જ ઉત્તમ.

- શ્રીમોટા

*'શ્રીમોટાવાણી-૭-૮', ત્રીજી આ., પૃ. ૮૩*

કિંમત : રૂ. ૧૦/-